જગદ્‌ગુરૂ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી વિરચિત

# ષોડશગ્રંથ ભાગ-ત્રીજો

પૂજ્ય ચિમનલાલ શાસ્ત્રીજી ગ્રંથમાળા પુષ્પ-૩ સર્વ ટીકાઓનો
નીચોડ કાઢી, સન્વય કરીને સરળ, સુંદર વિવેચન કરનાર
તથા ખંડાન્વય પદ્ધતિ સહિત વિવેચક અનુવાદક
પૂજ્ય શ્રી ચિમનલાલ હરિશંકર શાસ્ત્રીજી
૮૫ મહામૂલ્ય પુસ્તકોના લેખક તથા પ્રકાશક

નફા વગરની
ન્યોછાવરી
૨૦

આ પુસ્તક ષોડશ ગ્રંથ ભાગ ત્રીજો નફા વ
ષોડશગ્રંથ ટીકા સહિત ત્રણે ભાગોની ન્યો.

નફા વગરની
ન્યોછાવરી
૨૦

દરેક ગ્રંથની અલગ અલગ પ્રશ્નાવલી એક ગ્રંથ
૧૬ ગ્રંથોની પ્રશ્નાવલિના ૧૬×૪ =૬૪
દરેક ગ્રંથની પરીક્ષા માટે પરીક્ષા ભેટ ફી ૦
પોસ્ટેજ, પેકીંગ, રવાનગી ચાર્જ અલગ થશે

નફા વગરની
ન્યોછાવરી

પત્ર વ્યવહાર :- મધુસૂદન શાસ્ત્રીજી
ઠે. બં, નં. ૩, દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા,
બસ સ્ટેન્ડ, રાંદેર રોડ સુરત. પીન કો. ૩૯૫૦૦૯.

ખાસ વાંચો, વંચાવો, ધર્મલાભ પ્રાપ્ત કરો.

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી ઓપનયુનિવર્સિટી

---

નો નવો સરળ એકજ નિયમ છે, તે વાંચી બરાબર એકજ નિયમનું ચૂસ્ત રીતે પાલન કરી, તમારા બાળકોને ષોડશગ્રંથ કેજે આપણા જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ આપણે માટેજ ઉપદેશ આપવા બનાવ્યા છે. તેની સરળ ઘેર બેઠા પરીક્ષા તમો પણ આપો. અને બાળકો પાસે પણ પ્રેમથી અપાવડાઓ. યાદ રહે, બધાજ પૂ. પા. ગોસ્વામિ બાળકો, પ્રત્યેક વૈષ્ણવે ષોડશગ્રંથો ભણવાજ જોઈએ એમ આજ્ઞા કરે છે.

સરળ એક જ નિયમ : પુસ્તક વાંચી અમલમાં મૂકો,

આ ૧૬ ગ્રંથો શ્રીવલ્લભાચાર્યજી વિરચિત છે. તેમાંથી નાના-નાના ટુંકા (ઓબ્જેકટીવ, હેતુલક્ષી) પ્રશ્નો કરી, ઓપનયુનિવર્સિટીએ અલગ છપાવ્યા છે. તેમાંથી પ્રશ્નો વાંચી દરેક પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરો. પછી પુસ્તક બંધ કરો, અને પ્રશ્નાવલિ પોતાની આગળ રાખી (ષોડશગ્રંથનું પુસ્તક બંધ કરી,) પ્રભુ સાક્ષીએ, ઘેર બેઠા, પુસ્તક જોયા વગર) બધાજ પ્રશ્નોના ઉત્તરો લખી, ઓપવન યુનિવર્સિટી ઉપર, (પૂ શ્રી શાસ્ત્રીજી ઉપર) અથવા વૈષ્ણવ વાણીની ઓફિસે, સુરત પોસ્ટ-થી ઉત્તરવહી રવાના કરો. જોડે પરીક્ષાર્થીદીઠ રૂા. બે (પરીક્ષા ભેટ ફી બે) મોકલો. તૂર્તજ તેજ પુસ્તકનું પ્રમાણ પત્ર મળી જશે. આવી રીતે ૧૬ ગ્રંથોની પરીક્ષા ગમે ત્યારે, ઘેર બેઠા આપો. પુસ્તક જોયા વગર, બાળકોને આપવાનું કહો અને પ્રમાણપત્રો પ્રાપ્ત કરો.

---

પત્ર વ્યવહાર મધુસૂદન શાસ્ત્રીજી બં.નં.૩ દ્વારકાધીશ સોસાયટી
પાલનપુર પાટીયા રાંદેરરોડ સુરત. ૩૯૫૦૦૯

---

# ષોડશ ગ્રંથ તૃતીય વિભાગ પ્રારંભ

શ્રીકૃષ્ણ :

## નવરત્ન

## શ્રી મહાપ્રભુજીએ આ ગ્રન્થમાં નવ જાતનાં નવરત્નો પ. ભ. ગોવિન્દ દવેને ઉપદેશ્યાં.

૧. પોતે પુષ્ટિપુરૂષોત્તમ છે. આત્મનિવેદન કરેલા ભક્તની લૌકિક ગતિ નહિ કરે.

૨. નિવેદનનું સ્મરણ હંમેશાં કરતા રહેશો. તો અહંતામમતા નહિ થાય પ્રત્યેક કાર્યમાં બોલો કે निजेच्छातः करिष्यति પ્રભુ પોતે જ છે. ઇચ્છાથી જીવનું સારૂં જ કરશે.

૩. આપણા પુત્ર, સ્ત્રી કે પતિ સર્વ સરખો અંગીકાર પ્રભુએ કર્યો છે. ફળ પ્રભુ જાણે છે.

૪. અજ્ઞાનથી કે જ્ઞાનથી આત્મનિવેદન કર્યું કે સર્વસ્વ પ્રાણાત્મા પ્રભુમાં ન્યોછાવર કરી દીધું હવે ચિન્તા શા માટે કરો છો?

૫. પ્રભુએ અંગીકાર કર્યો કે નહિ? એવી ચિંતા ન કરવી. પતિ પુત્ર સ્ત્રી વિ.ને પણ અંગીકાર નિત્ય છે.

૬. પુષ્ટિભક્તનાં લોકનાં વેપાર અને વેદનાં આશ્રમ ધર્મ પ્રભુ નહિ કરવા દે. લોકવેદ છુટી જાય, ત્યારે કૃપા છે એમ માનવું. તમારે સાક્ષિવત્ જે થાય તે તટસ્થ જોયા કરવું.

૭. ગુરૂઆજ્ઞા પ્રમાણે સેવા કરો તેમાં પ્રભુના સુખ માટે વિશેષ આજ્ઞા પ્રભુ કરે તો તેમ કરો. પરન્તુ જીવના સુખ માટે ગુરુની આજ્ઞા વિરુદ્ધ કરે તે ન માનવી. સેવા મુખ્ય છે.

૮. ચિત્તનો ઉદ્વેગ કરશો. તો પણ નહિ વળે. "ચિત્ત તું શિદને ચિન્તા કરે કૃષ્ણને કરવું હોય તે કરે." પ્રભુની એવી લીલાજ છે. એમ માની ચિત્ત સ્વસ્થ કરે.

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।**

**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः**

૯. માટે હંમેશાં સર્વ ચિન્તાઓની શાંતિ હૃદયની વિશ્રાન્તિ રૂપ અમૃત વૃષ્ટિ જેવા અષ્ટાક્ષર મંત્ર **श्रीकृष्णः शरणं मम** રટતા રહો. પ્રભુ સર્વજ સિદ્ધ કરશે. ગીતામાં પ્રભુપ્રતિજ્ઞા યાદ કરો.

**चिन्ता कापि न कार्या निवेदितात्मभिः कदापीति।**

**भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम्॥१॥**

**અન્વયાર્થ**-**निवेदितात्मभिः** બ્રહ્મસંબંધ મંત્રથી નિવેદન કરેલ ભગવદીયોએ **कदा अपि** કદા પણ **का अपि** કોઈ પણ પ્રકારની ચિન્તા **न कार्या** કરવી નહિ. **पुष्टिस्थः भगवान्** અનુગ્રહ માર્ગના પ્રભુપુષ્ટિ પુરુષોત્તમ **अपि** પણ **लौकिकीं गति** લૌકિકગતિને **करिष्यति न** કરશે નહિ. (૧)

**રહસ્યાર્થ**-જેમણે આત્મા સાથે સર્વ પ્રભુને નિવેદન કર્યું છે. તેમણે કોઈ પણ વખત લૌકિકની કે ભગવદર્થ ચિંતા કરવી નહિ. પ્રભુ અંગીકાર કરેલા જીવનું સર્વ પોતેજ કરશે. એવો વિશ્વાસ રાખવો. ભગવાનનો નિયમ છે કે અંગીકૃત જીવોનુ સર્વ કાર્ય કરે છે. ભગવાન પુષ્ટિ પુરુષોત્તમ છે. કદાપિ જીવની પાસે મર્યાદા માર્ગીય સાધનો નહિ હોય તો પણ સાધારણ લોકના જેવી ગતિને નહિ કરે. (૧)

**निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः।**

**सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति॥२॥**

**અન્વયાર્થ**-**तादृशैः जनैः** નિવેદન કરેલા ભગવદીયોએ **निवेदनम्** નિવેદન મંત્ર રહસ્ય **सर्वथा** સર્વ પ્રકારે **स्मर्तव्यम्** સ્મરણ કરવું **च सर्वेश्वर** અને સર્વેશ્વર પ્રભુ **सर्वात्मा** સર્વમાં આત્મારૂપે બિરાજે છે તે **निजेच्छातः** પ્રભુ પોતાની ઇચ્છાથી **करिष्यति** સર્વ કાર્ય સિદ્ધ કરશે. (૨)

રહસ્યાર્થ-નિવેદિત ભક્તોએ હંમેશાં નિવેદન મંત્રનું રહસ્ય સર્વ પ્રકારે સ્મરણ કરી ચિન્તા ન કરવી. મેં સર્વ નિવેદિત કર્યું છે. હવે હું શા માટે શાની ચિન્તા કરૂં છું? સર્વેશ્વર પ્રભુનીજ ઇચ્છાથી સર્વ પ્રકારે હિત કરશે. (૨)

**सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमितिस्थितिः।**
**अतोन्यविनियोगेपि चिन्ता का स्वस्य सोपि चेत् ॥३॥**

અન્વયાર્થ-**सर्वेषां** નિવેદિત સર્વ પતિ પુત્ર સ્ત્રી, દેહ સર્વનો **प्रभुसम्बन्ध** પ્રભુ સાથે સંબંધ છે. **न प्रत्येकम्** દરેક વ્યક્તિનો સંબંધ અલગ નથી. **इति स्थितिः** એ પ્રકારે માર્ગની રીત છે. **अतः** પ્રભુ સંબંધ છે માટે **अन्यविनियोगेपि** પુત્રાદિનો અન્યમાં અને સ્ત્રી પુત્રાદિનો ઉપયોગ આપણે માટે થાય તેમણે **स्वस्य चिन्ता का** કોઇ પણ પ્રકારની ચિન્તા આત્મનિવેદી ભક્તે શા માટે કરવી? (૩)

રહસ્યાર્થ-પતિપુત્રાદિ સર્વનું નિવેદન કરી પ્રભુ સંબંધ થયો છે. દરેક વ્યક્તિનો પ્રભુસંબંધ જુદાં જુદાં પ્રકાર તો હો તો નથી, પ્રભુનો સંબંધ પ્રકારે તો એક સરખો જ છે. ફલમાં માત્ર ભેદ છે. તેથી આપણો કુટુમ્બમાં કુટુમ્બનો આપણામાં ઉપયોગ થાય તો આત્મનિવેદી ભક્તે ચિન્તા ન કરવી. (૩)

**अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम्।**
**वै कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ॥४॥**

અન્વયાર્થ-**अज्ञानात्** અજ્ઞાનથી સમજ વિના હિનાધિકારી **ज्ञानात्** જ્ઞાનથી સમજીને મધ્યમ અધિકારીને **वैः** જેઓએ **कृष्णसात्कृतप्राणैः** કૃષ્ણને આધીન પ્રાણોને કર્યા છે. એવા ઉત્તમાધિકારીને **तेषां** તે ત્રણેને **का परिदेवना** શી ચિન્તા હોઈ શકે? કોઈ ચિન્તા કરવી નહિ. (૪)

રહસ્યાર્થ-અજ્ઞાનથી હિનઅધિકારીએ કે જ્ઞાનથી મધ્યમાધિકારીએ આત્મનિવેદન કર્યું. તેમને શું ચિન્તા કરવાની જરૂર

છે? જેમણે પ્રભુ સાથે આત્મા જોડયો છે. એવા ઉત્તમ વ્રજભક્ત જોવાને પણ ચિન્તા કરવાનું કંઈ પ્રયોજન નથી. પ્રભુએ અંગીકાર કર્યો જ છે. તે નિત્ય છે. (૪)

**तथा निवेदने चिन्ता त्याज्या श्रीपुरुषोत्तमे ।**
**विनियोगेपि सा त्याज्वा समर्थो हि हरिः स्वतः ॥५॥**

**અન્વાયર્થ**–**तथा** તેજ પ્રકારે **श्रीपुरुषोत्तमे निवेदने** મારૂં નિવેદન પ્રભુએ સ્વીકાર્યું કે નહિ? **चिन्ता त्याज्या** એવી ચિન્તા પણ પ્રભુમાં કરવી નહિ. **विनियोगे अपि** કદાચિત્ અન્યમાં આ લોકમાં ઉપયોગ થાય તો પણ **सा** તે ચિન્તા **त्याज्या** તજવી. **हरि स्वतः** હરિ પોતે જ **समर्थ** છે. અંગીકાર કરેલા જીવનો ત્યાગ નહિ કરે. (૫)

**રહસ્યાર્થ**–પ્રભુએ મારૂં નિવેદન સ્વીકારી મારો અંગીકાર કર્યો છે કે નહિ? એવી ચિન્તા પણ તજવી. લોકમાં કંઈ કારણસર આપણે જોડાવવું પડે અને લોક વ્યવહાર કરવો પડે પણ ચિન્તા ન કરવી. પ્રભુ અંગીકૃત ભકતોનો ત્યાગ નહિ કરે. (૫)

**लोके स्वास्थ्यं तया वेदे हरिस्तु न करिष्यति ।**
**पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताखिलाः ॥६॥**

**અન્વાયર્થ: लोके** લોકમાં **स्वास्थ्यम्** સ્વસ્થ ચિત્તરૂપ શાંતિ. **वेदे** વેદમાં **स्वास्थ्यम्** સ્વસ્થ ચિત્તરૂપ શાંતિ. **हरिः** પુષ્ટિ પુરુષોત્તમ **करिष्यति न** તે કરશે નહિ. (એ અંગીકારનું લક્ષણ છે) **यस्मात् पुष्टिमार्गस्थितः**–કારણકે ભગવાન પુષ્ટિ પુરુષોત્તમ છે (તેથી પોતાના બળથી જ સર્વ કરશે) **साक्षिणः** સાક્ષીરૂપે તટસ્થ **अखिलाः** તમે સર્વ ભકતો **भवत** થાઓ. સાક્ષી માફક જે થાય તે તટસ્થ જોયા કરો. (૬)

**રહસ્યાર્થ**:–કોઈ વખત પણ ભગવાન લૌકિક વેપાર વિગેરેમાં અને વૈદિક આશ્રય ધર્મનું પાલન કરવામાં વિઘ્ન જ કરે છે, તેનું ફલ મળતું નથી. પ્રભુ પોતે જ પુષ્ટિ પુરુષોત્તમ હોવાથી તે ભકતના

લૌકિક વૈદિક કાર્યસિદ્ધ કરી લે છે. માટે પુષ્ટિ ભક્તે લૌકિક વૈદિકમાં જે કંઈ થાય તે સાક્ષીવત જોયા કરવું.

**ज्ञातयः पितरौ पुत्राः भ्रातरः सुहृदोपरे ।**
**यद्वदन्ति यदिच्छन्ति चानुमोदेत निर्ममः ।**

સપ્તમસ્કંધમાં ઉપર પ્રમાણે કહ્યું છે.

**सेवाकृतिर्गुरोराज्ञाबाधनं वा हरीच्छया ।**
**अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम् ॥ ७ ॥**

**અન્વયાર્થ-सेवाकृतिः** સેવાની રીતિમાં **गुरोः** ગુરુની **आज्ञा** આજ્ઞા (પ્રમાણે વર્તવું) (પરન્તુ) **हरीच्छया** ભગવદીચ્છા ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ ઈચ્છા થાય તો સેવકે ભગવદીચ્છા (આજ્ઞા) પ્રમાણે વર્તવું. **अतः** સેવા મુખ્ય હોવાથી **सेवापरम्** સેવામાં તત્પર **चित्तम्** ચિતને **विधाय** કરીને **सुखम्** સુખે **स्थियताम्** રહો. (૭)

રહસ્યાર્થ-સેવામાં ગુરુની આજ્ઞા મુખ્ય છે. ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી. પરન્તુ કદાચિત સામગ્રી વિગેરેમાં ભગવદીચ્છાથી ગુરુ આજ્ઞાથી વિરૂદ્ધ આજ્ઞા ભગવાન કરે તો તે ભગવદીચ્છા પ્રમાણે વર્તવું. પરંતુ ભગવદાજ્ઞાનો વિચાર કરવો કે આજ્ઞાનો હેતુ શો છે? જેમ મોટા રામદાસજી રાજભોગ સમયે આંખ મીંચી પંખો કરતા હતા. તેમને ભગવાને આજ્ઞા કરી કે રામદાસ આંખ ખોલો હું સાક્ષાત રાજભોગ સામગ્રી આરોગી રહ્યો છું તે જુઓ. મોટા રામદાસજીએ ઉત્તર આપ્યો કે, પ્રભો! મને ભોગ વખતે આપને આરોગતા જોવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા નથી. આ સાંભળી ભગવાન પ્રસન્ન થયા, આ આજ્ઞામાં જીવના સુખનો વિચાર હતો, એટલે પ્રભુની આજ્ઞા ન માની. કારણ કે સેવા મુખ્ય છે. સેવામાં પ્રભુના સુખનો વિચાર મુખ્ય છે. પ્રભુના સુખમાં ગુરુની આજ્ઞા બાધ કરી પ્રભુની આજ્ઞા પાળવી (૭)

**चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत् करिष्यति ।**
**तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥ ८ ॥**

**અન્વયાર્થ :—ચિતોદ્વેગમ્** ચિત્તના ઉદ્વેગને **વિધાય અપિ** કરીને પણ **હરિઃ** પ્રભુ **યદ્ યદ્** જે જે **કારિષ્યતિ** કરશે **તથૈવ** તે પ્રકારે **તસ્ય** ભગવાનની **લીલા ઇતિ** પ્રભુની લીલા છે, એમ **મત્વા** ભાવના કરી, માનીને **ચિન્તામ્** ચિન્તાને **દ્રુતમ્** જલ્દી **ત્યજેત્** ત્યાગ કરવી. (૮)

**પ્રભુ જે કરે તે તે જીવના હિત માટે જ કરે છે.**

**રહસ્યાર્થ**—અનેક લોકોનો એવો સ્વભાવ હોય છે કે તેઓ મહાદુઃખ પડતાં ઘોર ચિન્તામાં પડી જાય છે, અને પોતાના સ્વરૂપનો નાશ કરે છે. આવી ચિન્તા સેવકે કરવી નહિ. પ્રભુની લીલા જ એવી છે. અમોને દુઃખથી અમારા અપરાધો દૂર કરે છે. અમારા પ્રારબ્ધના પાપ દૂર કરે છે. માટે શુભ અશુભ પ્રભુ જ કરે છે. તે પ્રભુજીની લીલા માની ઉદ્વેગ તજી સ્વસ્થ ચિત્તે ભગવત્સ્મરણ કરવું ભકતકવિ દયારામનું પદ છે.

ચિત્ત તું શિદને ચિન્તા કરે કૃષ્ણને કરવું હોય તે કરે

**તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।**
**વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥ ૯ ॥**

**અન્વયાર્થ—તસ્માત્** નિઃસાધન જીવે પોતાની મેળે સર્વ બની શકતું નથી માટે **સર્વાત્મના** સર્વ રીતે **નિત્યમ્** હંમેશ "**શ્રી કૃષ્ણઃ શરણં મમ**" આ અષ્ટાક્ષર મન્ત્રનું રટન કરતાં **સ્થેયમ્** રહેવું **ઇતિ એવમ્** એ પ્રમાણે **મમ** શ્રીવલ્લભની **મતિઃ** અભિપ્રાય પૂર્વક આજ્ઞા છે.

**રહસ્યાર્થ** :—પ્રભુની ઇચ્છા વિના જીવ પોતાની મેળે કંઈ કરી શકતો નથી. માટે જીવે સર્વ પ્રકારે શરણે જઈ પ્રભુ જ મારૂં સર્વ સારૂં કરશે એમ ભાવન કરતાં **શ્રીકૃષ્ણઃ શરણં મમ** અષ્ટાક્ષર મંત્રનું વારંવાર અહર્નિશ રટન કરવું. પ્રભુ જ સર્વ પ્રતિબંધ દૂર કરશે. આમ રટનથી સર્વ ચિન્તા દૂર થઇ ભજનમાં તત્પર થવાશે એમ મારી (શ્રીવલ્લભની) સમ્મતિ આજ્ઞા છે.

આ પ્રસંગમાં કૃષ્ણદાસજીનું પદ છે. (ધ્યાનથી વાંચો)

કૃષ્ણ "શ્રીકૃષ્ણઃશરણં મમ" ઉચરે
રૈનદિન નિત્યપ્રતિ સદા પલછીત ઘડી
કરતવિઘ્નંસજન અખિલ અઘપરિહરે, કૃષ્ણ શ્રીકૃષ્ણઃ

## અષ્ટાક્ષરમંત્ર ઉપર શ્રી લાલુ ભટ્ટજીનો સ્વતંત્ર લેખ

**અષ્ટાક્ષરનો અર્થ**—નિઃસાધન જીવોના ઉદ્ધારાર્થે પ્રકટ થયેલ સર્વોદ્ધારક-ફલરૂપ શ્રીકૃષ્ણઃ શરણં મમ મારા નિઃસાધન જીવના શરણમ્ આશ્રય છે. શકય અને અશકય બન્ને સિદ્ધ કરનારા છે. મન્ત્રરટન વખતે આ અર્થનું ભાવન કરવું.

**અષ્ટાક્ષરનું વારંવાર આવર્તન કરવું**—નિવેદન કરેલા જીવને ઇષ્ટ-ઉપયોગી પ્રાપ્તિ, અને અનિષ્ટની નિવૃત્તિની વિચારરૂપ ચિન્તામાંથી મુક્ત કરવાનો અષ્ટાક્ષર જ ખરો ઉપાય છે. સાધનરૂપ આજ મંત્ર છે તેમ ફળરૂપ પણ આજ મંત્ર છે.

**રહસ્ય વિચાર**—જીવની સ્વરૂપયોગ્યાતાનો વિચાર કરતાં બિચારો નાલાયક છે. શ્રવણાદિસાધન કરી શકે નહિ. પરન્તુ ભગવાનનું કૃપાબળ વિચાર કરતાં શરણ જતાં સર્વસુલભ થાય છે, સાધન કરાવી ઉદ્ધાર કરવાની ઇચ્છા હશે તો સાધનોને પણ પ્રભુ જ સમ્પાદન કરશે. વિના-સાધને પણ કૃતાર્થ કરે છે. માટે શરણભાવન અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું જેથી સર્વકામ પાર પાડશે.

**મંત્રનું માહાત્મ્ય**—આ મંત્ર બીજા મંત્રો જેવો સાધારણ નથી, પરંતુ પ્રભુના કૃપાબળથી ભરેલો છે. શ્રીગુંસાઇજીએ કહ્યું કે—

**यदुक्तं तातचरणैः श्रीकृष्णः शरणं मम**
**तत एवास्ति तैश्चिन्त्यमैहिकै पारलौकिके ।**

શ્રી મહાપ્રભુજી અષ્ટાક્ષરમંત્ર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" અમોને આપેલો છે. તેનાથી આલોક અને પરલોકના સર્વ કાર્યોમાં અમો નિશ્ચિન્ત છીએ તે જ સિદ્ધ કરશે. આ પ્રમાણે પુષ્ટિમાર્ગીય ભકતે વારંવાર આવર્તન કરવું.

[ નવરત્ન સમાપ્ત ]

श्रीकृष्णाय नमः

# સંન્યાસનિર્ણયઃ

અંતકરણપ્રબોધમાં ભગવાને શ્રીમદ્વલ્લભાચાર્યને દેહનો પરિત્યાગ કરવાની અને દેશનો પરિત્યાગ કરવાની એમ બે આજ્ઞા કરી, ત્યારે ભગવાન સેવ્ય અને પોતે સેવક હોવાથી ભગવદાજ્ઞા ઉલ્લંઘન કરવાથી પશ્ચાત્તાપ થયો. એટલામાં લોકનો ત્યાગ એટલે સન્યાસ કરવાની ભગવાનની ત્રીજી આજ્ઞા થઈ, ત્યારે પોતે વિચાર કરવા લાગ્યા કે ભગવાન મારા પર પ્રસન્ન છે કે નહિ? જો પ્રસન્ન ન હોય તો ઉપેક્ષાજ કરત, આજ્ઞા કરત નહિ. માટે પ્રસન્ન છે.

**पश्चात्तापनिवृत्त्यर्थं परित्यागो विचार्यते ।**
**स मार्गद्वितये प्रोक्तो भक्तौ ज्ञाने विशेषतः ॥ १ ॥**

**સાન્વયપદાર્થ :—पश्चात्तापनिवृत्त्यर्थं** પશ્ચાત્તાપની નિવૃત્તિને માટે **परित्यागः** પરિત્યાગ અથવા સંન્યાસ **विचार्यते** વિચારાય છે. **सः** તે (સંન્યાસ) **विशेषतः** વિશેષે કરીને **भक्तौ** ભક્તિ માર્ગમાં **ज्ञाने** જ્ઞાન માર્ગમાં **मार्गद्वितये** બે માર્ગમાં **प्रोक्तः** કહ્યો છે.

**શ્લોકાર્થ** :—પશ્ચાત્તાપની નિવૃત્તિને માટે પરિત્યાગ અથવા સંન્યાસનો વિચાર કરવામાં આવે છે. સંન્યાસ વિશેષે કરીને ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ એમ બે માર્ગમાં કહેલો છે.

**રહસ્યાર્થ : अंतःकरणप्रबोध** ગ્રન્થમાં જે પશ્ચાત્તાપ અને પરિત્યાગ બંને શબ્દો આવેલા છે, તે બંને શબ્દોનો અહીં વિચાર છે, તેથી તેજ પશ્ચાતાપની નિવૃત્તિ કરવાનું અહીં કહ્યું છે એવો અર્થ હું કરૂં છું. આમ અર્થ કરવામાં મને કોઈ દોષ દેખાતો નથી.

તો પછી કર્મ માર્ગમાં પરિત્યાગ કેમ ન કરવો? એ શંકાના ઉત્તરમાં કહે છે કે :—

**कर्ममार्गे न कर्तव्यः सुतरां कलिकालतः ।**
**अतः आदौ भक्तिमार्गे कर्तव्यत्वाविचारणा ॥ २ ॥**

**સાન્વયપદાર્થ** :—**सुतरां** વિશેષે કરીને **कलिकालतः** કલિકાલને લીધે **कर्ममार्गे** કર્મમાર્ગને વિષે **कर्तव्यः** કરવા યોગ્ય **न** નથી **न** નથી **अतः** તેથી **आदौ** પ્રથમ **भक्तिमार्गे** ભક્તિમાર્ગમાં **कर्तव्यत्वात्** કરવા યોગ્ય હોવાથી **विचारणा** વિચાર થાય છે.

**રહસ્યાર્થ**—બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને એમ ચારઆશ્રમના પક્ષ વડે જો કે કર્મમાર્ગમાં પણ સંન્યાસ કહ્યો છે, તો પણ ભગવાનનું વચન છે કે કામીઓએ કર્મયોગ કરવો, માટે સંસારમાં કામનાવાળા કર્મમાર્ગના અધિકારી છે, અને વૈરાગ્યવાળા સંન્યાસના અધિકારી છે, માટે કર્મમાર્ગમાં સંન્યાસ કરવો નહિ, કેમકે કલિકાલમાં નહિ કરવાયોગ્ય વસ્તુંઓમાં સંન્યાસ પણ ગણેલો છે માટે કર્મમાર્ગમાં સંન્યાસ ન કરવો.

**પ્રશ્ન** : જે માર્ગમાં સન્યાસ કહ્યો હોય તે માર્ગમાં કહ્યા પ્રમાણે કરવો, તેમાં વિચાર કરવાનું પ્રયોજન શું ? એમ પ્રશ્ન થાય તો કહે છે કે જૂદા જૂદા માર્ગમાં સંન્યાસ કરવાનો કહ્યો છે. માટે પ્રથમ ભક્તિમાર્ગમાં આરંભ દશામાં કરવો કે નહિ તેનો વિચાર કરીએ છીએ.

**श्रवणादिप्रसिद्धयर्थं कर्तव्यश्चेत् स नेष्यते ।**
**सहायसङ्गसाध्यत्वात् साधनानां च रक्षणात् ॥ ३ ॥**
**अभिमानान्नियोगाच्च तद्धर्मैश्च विरोधतः**
**गृहादेर्बाधकत्वेन साधनार्थं तथा यदि ॥ ४ ॥**
**अग्रेपि तादृशैरेव सङ्गो भवति नान्यथा ।**
**स्वयं च विषयाक्रान्त पोखण्डीस्यात्तु कालतः ॥ ५ ॥**
**विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः ।**
**अतोत्र साधने भक्त नैव त्यागः सुखावहः ॥ ६ ॥**

**સાન્વયપદાર્થ** :—**श्रववादिप्रसिद्धयर्थं** શ્રવણાદિ સારી રીતે થઈ શકે તે માટે **कर्तव्यः** કરવો, **चेत्** જો **स** તે **न** નહિ **इष्यते**

ઉચ્છિત્રા યોગ્ય, **सहायसंगसाध्यत्वात्** સહાયસંગથી સેવા સિદ્ધ થાય છે. તેથી **च** અને સાધનાનાં સાધનાનું **रक्षणात्** રક્ષણ કરવાથી. ( ૩ ) **अभिमानात्** અભિમાન થાય તેથી **नियोगात्** શ્રવણાદિ નિરંતર કરવું જોઈએ તેથી **तद्धर्मैः** તેના ધર્મોથી **च** અને **विरोधतः** વિરોધ હોવાને લીધે **यदि गृहादेः** ગૃહવગેરેનું **बाधकत्वेन** બાધકપણું હોવાથી **साधनार्थम्** સાધન માટે **तथा** તે પ્રમાણે સંન્યાસ ( ગ્રહણ કરવો નહિ ) ( ૪ ) **अग्रे** આગળ **अपि** પણ **तादृशैः** તેવાઓની સાથે જ **एव संग भवति** થાય છે, **न अन्यथा** અન્ય પ્રકારે નહિ, **च** અને, **स्वयं** પોતે, **विषयाक्रान्त** વિષયાસકત **पाषण्डी** પાખંડી તું વળી **कालतः** કાલબલથી **स्यात्** થાય ( ૫ ) **विषयाक्रान्त देहानां** જેમના દેહ વિષયાસકત છે તેમને, **हरे** હરિનો, **आवेशः** આવેશ **सर्वत्र** હંમેશ **न** નહિ **अतः** તે માટે **अत्र** અહિં, ભકતમાર્ગમાં **साधने** સાધનાવસ્થામાં ત્યાગ **त्यागः सुखावहः** સુખ આપનાર, **न** નહિ **एव** જ.

**શ્લોકાર્થ** : શ્રવણાદિની સિદ્ધિ સારી રીતે થાય તે માટે સંન્યાસ લેવો, એ યોગ્ય નથી, કેમકે શ્રવણાદિ સહાયથી કુટુમ્બી વૈષ્ણવ સહાય સંગથી સેવા સિદ્ધ થાય છે, અને શ્રવણાદિના સાધનોનું રક્ષણ કરવું જોઈએ, ( જે ત્યાગમાં બને નહિ, ) વળી શ્રવણાદિમાં અભિમાન અથવા અહંતા મમતા રહે છે અને શ્રવણાદિ નિરંતર કરવું જોઇએ, તેથી સંન્યાસ ધર્મને વિરોધ આવે છે જો ગૃહાદિ શ્રવણ વગેરેમાં બાધક માની સાધન કરવા માટે સંન્યાસ લેશો તો પસ્તાશો. પણ આગળ ત્યાગ કર્યા પછી પણ તેવા દુષ્ટની સાથે જ સંગ થાય છે, અને કાલના દોષથી પોતે પણ વિષયાસકત અને પાખંડી થાય છે, જેઓનો દેહ વિષયાસકત હોય છે, તેમને હંમેશાં ભગવાનનો આવેશ રહેતો નથી, માટે અહીં ભક્તિ માર્ગમાં સાધના અવસ્થામાં સંન્યાસ સુખાકારી નથી. ( ૩–૬ )

## સાધનદશામાં ગૃહમાં રહી ભક્તિ કરો.

રહસ્યાર્થ–શ્રવણ, કીર્તન સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ નવ પ્રકારની ભક્તિની સારી રીતે સિદ્ધિ થવા સારૂ થવા સંન્યાસ કરવો, એ પણ યોગ્ય નથી.

શ્રવણાદિનો હંમેશાં ઉપયોગ રાખવો જોઇએ. દ્વિતીય સ્કંધમાં દ્વિતીયાધ્યાયમાં કહ્યું છે કે "હે રાજા, સર્વત્ર ભક્તના દુઃખ હરનાર ભગવાનનું મનુષ્યોએ સર્વાત્મભાવથી શ્રવણ કરવું, કીર્તન કરવું, અને સ્મરણ કરવું." માટે શ્રવણાદિની ફરીફરીને આવૃત્તિ કરવી જોઇએ. એકજ વખત કરેલું શ્રવણાદિ પ્રેમભક્તિ ઉત્પન્ન કરતું નથી, પણ વારંવાર થતું શ્રવણાદિ પ્રેમભક્તિ ઉત્પન્ન કરે છે, અને વારંવાર આવૃત્તિ એક સ્થળમાં સ્થિતિ કરવાથી થાય છે, અને એક સ્થળે સ્થિતિ સંન્યાસના ધર્મની વિરુદ્ધ છે.

### ગૃહત્યાગના કારણનો વિચાર કરો :

ઘરમાં રહેવાથી વિષયાસક્તિ થાય છે, અને ભગવદાસક્તિનો બાધ થાય છે, માટે ગૃહ ભગવદાસક્તિનું બાધક હોવાથી ગૃહત્યાગ આવશ્યક છે. એમ કેમ ન વિચારવું ?

એ શંકાનો પરિહાર કરવાને કહે છે કે ગૃહ–ધન વિગેરે ભગવદા-સક્તિમાં બાધક હોવાથી ભગવદાસક્તિ સિધ્ધ કરવાને માટે વિધિવિનાનો ત્યાગ કરવો એ પક્ષ પણ ઇષ્ટ નથી. ત્યાગ સ્વતંત્ર સાધન નથી, પણ જ્ઞાન કર્મ કે ભક્તિ માર્ગના અંગરૂપે છે, એમ શાસ્ત્રમાં કહી ગયા છીએ. એટલે કોઇ પણ માર્ગજ સ્વતંત્ર રીતે કલ્યાણ સિદ્ધ કરે છે. દરેક માર્ગને પણ 'ભક્તિથી ઉત્પન્ન થયેલી ભક્તિવડે રોમાંચ થાય,' એ વાક્ય પ્રમાણે પ્રથમ શ્રવણાદિકની અપેક્ષા રહે છે. અને એ શ્રવણાદિકને શ્રવણ કરાવનાર વિગેરે સહાયની અપેક્ષા રહે છે. જલભેદમાં કહ્યું છે, કે ભગવચ્છાસ્ત્રમાં તત્પર પંડિતો અથવા ધરા જેવા છે.' એવા પંડિતો હાલ મળવા દુર્લભ છે. તેમાં કહેલા

કૂપ જેવા ગાયકો અથવા પૌરાણિકો મળી શકે છે પોતે જેવો ગૃહાસક્ત કે વૈરાગ્ય પામનાર હોય તેવા જ તેઓ પણ મળી આવે છે. પોતાથી ઉત્તમ મળતા નથી. તેથી આગળ પણ તેઓને હલકા સાથે જ સંગ થાય છે, પણ ઉત્તમ પ્રકારનો સંગ થતો નથી. સંગદોષથી પોતે ધારેલું ફલ મળતું નથી. તેથી સાધન માટે ત્યાગ કરશો તો તમે પસ્તાશો.

પૃથુરાજાને કહ્યું છે કે "વિષયથી ખેંચાવતી ઇંદ્રિયોવડે વિક્ષિપ્ત થયેલા મનથી વિષયનું ધ્યાન કરનાર પુરૂષનું મન બુદ્ધિની ચેતનાને હરિ લે છે. જેમ જલને કિનારે રહેલું ઝાડ જલને ધીમે ધીમે ખેંચી લે છે, તેમ વિષયવાળાનું મન બુદ્ધિને હરિ લે છે" એ ન્યાયથી પાંચ ઇંદ્રિયોના વિષયોથી ખેંચાયલા મનવાળો, વિષયોનું ધ્યાન ધરનાર પોતે પાખંડી થાય છે,

विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यते ।
स्त्रीयबन्धनिवृत्यर्थं वेषः सोऽत्र न चान्यथा ॥ ७ ॥
कौण्डन्यो गोपिकाः प्रोक्त्ता गुरवः साधनं च तत् ।
भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ॥ ८ ॥
विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि ।
ज्ञान गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः ॥ ९ ॥
सत्यलोके स्थितिर्ज्ञानात् संन्यासेन विशेषितात् ।
भावना साधनंयत्र फलं चापि तथा भवेत् ॥ १० ॥
तादृत्तः सत्यलोकादौ तिष्ठत्येव न संशयः ।
बहिश्चेत् प्रकटः स्वात्मा प्रविशेद्यदि ॥ ११ ॥
तदैव सकलो बन्धो नाशमेति न चान्यथा ।
गुणास्तु सङ्गराहित्याज्जीवनार्थं भवन्तिहि ॥ १२ ॥
भगवान् फलरूपत्वान्नात्र बाधक इष्यते ॥ १३ ॥
स्वास्थ्यवाक्यं न कर्तव्यं दयालुर्न विरुध्यते ॥ १३ ॥
दुर्लभयि परित्यागः प्रेम्णा सिध्यति नान्यथा ।

**सान्वयपदार्थः—विरहानुभवार्थम्** ભગવાનના વિરહના અનુભવને માટે **तु** તો **परित्यागः** સંન્યાસ **प्रशस्यते** પ્રશંસાપાત્ર છે. **स्वीयबन्धनिवृत्त्यर्थम्** પોતાના સ્ત્રીપુત્રાદિથી થતું બંધન નિવૃત્ત કરવા માટે **वेषः** સંન્યાસનો ત્રિદંડ કૌપીનધારણ વિગેરે વેષ **सः** તે **अत्र** આ **वेषः** ભક્તિમાર્ગમાં છે **न चान्यथा** બીજા કોઈ કારણ માટે નથી. (૭) **कौण्डिन्यः** કૌણ્ડિન્યઋષિ **गोपिकाः** શ્રીગોપીજન **गुरवः** ગુરુઓ **प्रोक्ताः** કહેલા છે. **साधनम्** સાધન **च** અને **तत्** તેજ **भावनया** ભાવનાવડે **सिद्धः** સિદ્ધ થયેલો **भावः** ભાવ **साधनं** સાધન છે **न** નહિ **अन्यत्** બીજું **इष्यते** ઇષ્ટ છે. (૮) **विकलत्वं** વિકલતા **तथा** અને **अस्वास्थ्यम्** અસ્વસ્થપણું **प्रकृतिः** સ્વભાવિક છે. **प्राकृतं** પ્રાકૃત **नहि** નહિજ. **तस्य** તેના **एवम्** **वर्तमानस्य** વિરહ થયલાને **ज्ञानं** જ્ઞાન **गुणाः** ગુણો **च** અને **बाधकाः** બાધક છે. (૯) **संन्यासेन** સંન્યાસથી **विशेषितात्** પ્રબલ થયલા **ज्ञानात्** જ્ઞાનથી **सत्यलोके** સત્યલોકમાં **स्थितिः** સ્થિતિ. થાય છે **यत्र** જ્યાં **भावना** ભાવના **साधनं** સાધન, **फलं** ફલ **चापि** પણ **तथा** તેવું **भवेत्** થાય. (૧૦). **तादृशः** તેવા પ્રબલ જ્ઞાનવાળો ભક્ત **सत्यलोकादौ** સત્યલોક વિગેરેમાં **तिष्ठति** રહે છે **एव** નક્કી **संशयः** **न** સંશય નથી. **बहिः** બહાર **चेत्** જો **प्रकटः** પ્રકટ **स्वात्मा** સ્વાત્મા **वन्हिवत्** અગ્નિની માફક **यदि** જો **प्रविशेत्** પ્રવેશ કરે **तदा** ત્યારે **एव** જ **सकलः** સકલ **बन्धः** બંધ **नाशं** નાશ **एति** પામે છે, **न च अन्यथा** અને અન્ય પ્રકારે નહિ **गुणाः** ભગવાનના ગુણો **तु** તો **संगराहित्यात्** ભગવાનનો સંગ નહિ હોવાને લીધે **जीवनार्थम्** જીવન ટકાવી રાખવા માટે **हि** નક્કી **भवन्ति** ઉપયોગી થાય છે. (૧૧,૧૨). **भगवान्** ભગવાન **फलरूपत्वात्** ફલરૂપ હોવાથી **अत्र** અત્ર **बाधकः** બાધકર્તા **इष्यते** કહેવાય. **न** નહિ. **स्वास्थ्यवाक्यम्** સ્વસ્થતા થાય એવું વાકય **न** નહિ **कर्तव्यं** કર્તવ્ય **दयालुः** દયાલુ **विरुध्यते** વિરુદ્ધ થશે **न** નહિ **अयं** આ **परित्यागः**

પરિત્યાગ **दुर्लभः** દુર્લભ છે **प्रेमणा** પ્રેમથી **सिद्ध्यति** સિદ્ધ થાય છે. **न** નહિ **अन्यथा** બીજે પ્રકારે. (૧૩½).

**શ્લોકાર્થ** :—ભગવાનના વિરહનો અનુભવ કરવાને માટે તો સંન્યાસ લેવો પ્રશંસાપાત્ર છે. ત્રિદંડ, કૌપીનધારણ વિગેરે વેષ પોતાના સ્ત્રીપુત્રાદિ સંબંધીઓથી થતું બંધન નિવૃત્ત કરવા માટે છે. તેમાં બીજું કાંઈ પ્રયોજન નથી. (૭). કૌણ્ડિન્યઋષિ અને શ્રીગોપીજનો (ક્રમે કરીને મર્યાદા અને પુષ્ટિમાર્ગના ત્યાગના) ગુરુ છે. અને તેમણે કરેલાં સાધન તેજ સાધન અને ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ તેજ સાધન છે. બીજું સાધન અહીં સ્વીકારતું નથી. (૮). વિકલત્વ અને અસ્વસ્થપણું એ વિરહાવસ્થાનો સ્વભાવ છે, પ્રાકૃત લૌકિક નથી. એ પ્રમાણે વિરહયુક્ત પુરુષને સર્વ સ્થલે ભગવાન વ્યાપ્ત છે એવું જ્ઞાન અને ભગવાનના ગુણો બાધ કરનાર થાય છે. (૯). સંન્યાસથી પ્રબલ થયલા જ્ઞાનથી સત્યલોકમાં સ્થિતિ થાય છે. અને જે પુરૂષમાં ભાવનારૂપ સાધન છે, તેને ફલ પણ તેવું જ થાય છે. (૧૦). તેવા પ્રબલ જ્ઞાનવાળા સંન્યાસીઓ સત્યલોક વિગેરેમાં જ રહે છે, એમાં સંશય નથી. (ભક્તિમાર્ગમાં તો) કાષ્ટમાં સર્વત્ર રહેલો અગ્નિ મથનથી જેમ બહાર પ્રકટ થઇને કાષ્ટમાં પ્રવેશ કરે ત્યારે કાષ્ટ મટીને અગ્નિરૂપ થાય, તેવી રીતે સર્વત્ર વ્યાપ્ત આત્મા ભાવનાવડે બહાર પ્રકટ થઇને ભીતર પ્રવેશ કરે ત્યારે જ સર્વ બંધ નાશ પામે છે, અને બીજે કોઈ પ્રકારે પામતો નથી, પ્રભુનો સંગ નહિ હોવાથી તેવા ભાવવાળાઓનું જીવન ટકાવી રાખવા માટે પ્રભુના ગુણો ઉપયોગી થઈ પડે છે. (૧૧–૧૨). ભગવાક ફલરૂપ છે. તે પ્રાપ્ત થાય તો અહીં ભકિતમાર્ગમાં બાધરૂપ ગણાતા નથી. ભકતને સ્વસ્થતા થાય તેવું ભગવાન કરતા નથી કેમકે ભગવાન દયાલુ છે, તે વિરૂદ્ધ થતા નથી. આ સંન્યાસ દુર્લભ છે, તે પ્રેમથી સિદ્ધ થાય છે, તે સિવાય સિદ્ધ થતો નથી (૧૩½).

**વિવેચન ત્રિરહાનુભવ** એટલે (૧) **વિરહનો અનુભવ** અથવા (૨) વિરહ સમયનો અનુભવ અથવા (૩) વિરહ થયા પછીનો અનુભવ આ ત્રણમાંથી કોઈ એકને માટે સંન્યાસ લેવો એમ ફલિતાર્થ થાય છે. પહેલો એટલે વિરહનો અનુભવ એ અર્થ લઇએ તો સૃષ્ટિમાંથી શરૂઆતમાં જીવ ભગવાનમાંથી વિછર્યો–વિખુટો પડયો ત્યારે જે વિરહ થયો તે વિરહ ભગવાનમાં આસક્તિ થવાથી જાગૃત થાય તેનો ક્ષણે ક્ષણે અનુભવ કરવા માટે સંન્યાસ લેવો. બીજો એટલે **વિરહ સમયનો અનુભવ** આ અર્થ લઇએ તો ભક્તિ અને યોગમાયાઓ સાથે રહીને આસક્તિ ભ્રમન્યાયથી ઉત્પન્ન કરેલો જે ભગવાનનો સાક્ષાત્કાર તેને માટે સંન્યાસ કરવો. ત્રીજો **વિરહ પછીનો અનુભવ** એ અર્થ લઇએ તો **तासामाविरभूत्** એ શ્લોકમાં કહેલો જે સાક્ષાત્કારરૂપ અનુંભવ તેને માટે સંન્યાસ લેવો. એ પ્રમાણે આ ત્રણ પ્રકારના **વિરહાનુભવ** માટે એટલે તે વિરહ જેમ સિદ્ધ થાય તે માટે સંન્યાસ લેવો તે પ્રશંસાપાત્ર છે. એકાદશ સ્કંધમાં **वाग्गद्गदा द्रवते यस्य चित्त** એ શ્લોકમાં વિરહની ભગવાને અત્યંત સ્તુતિ કરી છે, માટે તેને માટે ત્યાગ કરવો.

**અહીંઆ રહસ્ય છે**—પુષ્ટિમાર્ગીય જીવોની સૃષ્ટિ ભગવદ્રૂપની સેવા માટે ભગવાનના શ્રીઅંગથી થઈ છે. તે જીવો શુદ્ધ અને મિશ્ર એમ બે પ્રકારના છે. તેમાં મિશ્ર જીવોને કોઈ વખત અન્યમાં આસક્તિ થવાથી, કે અહંકારથી, ભ્રષ્ટ કે તેને મર્યાદામાં સ્થાપના કરવાને, કે સાપાદિકથી ભગવદ્વિયોગ થાય છે, એમ **पुष्टिप्रवाहमर्यादा** ગ્રન્થમાં કહ્યું છે. તેમ સમર્પણના ગદ્યમન્ત્રમાં કહ્યું છે કે સહસ્ર પરિવત્સર જેટલા કાલથી વ્યુચ્ચરણ થવાથી (વિછરવાથી) ભગવદ્વિયોગ થયો છે. તે વિયોગનું નિવારણ ભગવાન કોઈક પ્રકારથી અથવા અનન્ય ભક્તિથી

---

* **विरहानुभवार्थं** એ ક્રિયાવિશેષણ અવ્યય છે.

કરે છે. વળી ભક્તિમાર્ગ બહુ પ્રકારના છે તેમાં આ ભક્તિમાર્ગમાં જ્યારે ભગવાન વિયોગનું નિવારણ કરવા ઇચ્છે છે, ત્યારે તે જીવને કોઈક પ્રકારે પોતાનો અત્યંત વિરહ ભાવ (વિરહૌત્કટ્ય) ઉત્પન્ન કરે છે.

જ્યારે ભગવાન જે જીવને પોતાનો યોગ થવાની ઇચ્છા કરે છે. ત્યારે તે જીવને યોગમાયાથી પોતાનું અજ્ઞાન અને પોતાનો વિરહ ઉત્પન્ન કરે છે. અને ભગવાનના તિરોધાનને અત્યંત દૂર કરવાની અનન્ય ભક્તિ અંદર અને બહાર ભગવાનના તિરોધાનને અત્યંત દૂર કરનારી અનન્ય ભક્તિ અંદર અને બહાર ભગવાનનો અનુભવ કરાવે છે, અને તેમ છતાં ભગવાન તો અંદર અને બહાર સર્વમાં વ્યાપ્ત છતાં વિરૂદ્ધ ધર્માશ્રયવાન હોવાથી પરિચ્છિન્ન (એક સ્થલમાં રહેલા) છે આ ભક્તિ માર્ગમાં ભગવાન બહાર પ્રકટ થાય તેજ ઈષ્ટ છે, ત્યારે જ ઇશ્વરવાદ સિદ્ધ થાય. નહિ તો ઇશ્વરવાદ સિદ્ધ થાય નહિ, તે શૂન્યવાદ કહેવાય. આમ હોવાથી જે ભક્તનો યોગ (સંયોગ) પોતાની સાથે થવાની ભગવાનની ઇચ્છા હોય, તે ભક્તને અનન્ય ભક્તથી અંતઃકરણમાં જે સાક્ષાત્કાર થાય, તેને માયા બહાર લાવે છે અને આસક્તિ ભ્રમન્યાયક પ્રમાણે આ પ્રકારનો સાક્ષાત્કાર, સર્વાત્મભાવથી ઉત્પન્ન થાય છે. વેદમાં બ્રમ વિદ્યામાં કહેલા સર્વ પ્રકારના વિલક્ષણ અનુભવથી સિદ્ધ છે, તેજ **વિરહાનુભવ** પદથી અહીં કહ્યો છે. માટે જ આ પરિત્યાગની ભગવાને એકાદશ સ્કંધના ચતુર્દશ અધ્યાયમાં અત્યંત સ્તુતિ કરી છે.

**વિરહ પછીનો જે ભગવદનુભવ** એટલે બહાર સાક્ષાત્કારરૂપ સારી રીતે દર્શન, તેને માટે જે ત્યાગ તે ભગવાને પંચાધ્યાયીમાં **યથાવનો લબ્ધધને વિનષ્ટે** એ અઢી શ્લોકમાં ઘણા ઉત્કર્ષથી વખાણ્યો છે. તે શ્લોકોમાં કહ્યું છે કે જેમ નિર્ધન પુરૂષને ધન મળે અને તે ધન પાછું જતું રહે,

---

+ **નિરોધલક્ષણ**માં આ ન્યાય સમજાવ્યો છે, ત્યાં ભાષાન્તરમાં જોઈ લેવું.

ત્યારે તેની ચિંતામાં ગ્રસ્ત થયલો ધન વિના કાંઈ પણ જાણે નહિ. તેમ મારે માટે તમે લોક વેદ અને સર્વસ્વનો ત્યાગ કરનાર છો. તમારું ચિત્ત મારામાં રહે તે માટે "અંતર્હિત', થયો હતો, પણ પરોક્ષમાં તો હું તમારું ભજન કરતો હતો.' માટે આવા વિરહાનુભવ માટે ત્યાગ કરવો એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે વિરહસમયના અનુભવ માટે અને વિરહ પછીના અનુભવને માટે એમ ત્રણે પક્ષ થયા.

કૌણ્ડિન્ય ઋષિની એવી આખ્યાયિકા છે કે–તેમણે અનંતનો દોરો અગ્નિમાં નાંખ્યો હતો. તે અપરાધ થતાં તેમને દરિદ્રતા પ્રાપ્ત થઈ, ત્યારે પોતાની સ્ત્રી શીલાના વાકયથી અનંતના અપરાધથી દરિદ્રતા પ્રાપ્ત થઈ છે, એમ જાણીને વૈરાગ્ય પામીને અનંતનું ધ્યાન કરવા માંડયું. અને અનંતના દર્શન ક્યાં થશે? એમ આશા કરતાં ઘરથી વનમાં નીકળી ગયા, નિરશન વ્રત શરુ કર્યું, બ્રહ્મચર્ય પાળવા માંડયું, હરિનો જપ કરવા લાગ્યા. વિરહનો અનુભવ કરવા લાગ્યા. નિર્જન વનમાં આંબા વિગેરે ઝાડોને, ગાયો વિગેરે પશુઓને પૂછવા માંડયું કે તમે અનંતને દીઠા છે? તે સર્વેએ કહ્યું કે અમે અનંતને દીઠા નથી. તે સાંભળી વિહ્વલ થઈ, જીવવાની આશા છોડી દઈ લાંબો ઉષ્ણ નિઃશ્વાસ મૂકી પૃથ્વીપર પડ્યા. પછી કેટલાક સમય પછી ભાન આવ્યું ત્યારે હે અનંત, હે અનંત, એમ બોલતા બોલતા વનમાં ફર્યા. ત્યારે અનંતદેવે કૃપા કરી વૃદ્ધ બ્રાહ્મણને રૂપે પ્રત્યક્ષ થઈ 'અહીં આવ' એમ કહી પાતાલમાં પ્રવેશ કરી, કૌણ્ડિન્યને જમણે હાથે ઝાલી પોતાની નગરી બતાવી. અને ત્યાં દિવ્ય સિંહાસનપર પોતાના આયુધ, ગરુડ વિગેરેથી શોભી રહેલા પોતાના અનંત સ્વરૂપનું દર્શન કરાવ્યું. તેમનું દર્શન કરી અત્યંત હર્ષથી પ્રસન્ન થયલા કૌણ્ડિન્ય ઋષિ નીચેના બે શ્લોક બોલ્યાઃ—

पापोऽहं पापकर्माहं पापात्मा पापसम्भवः ।
त्राहि मां पुण्डरीकाक्ष शरणं मे भवाच्युत ॥
अद्य मे सफलं जन्म जीवितं च सुजीवितम् ।
यत्वाङ्घ्रियुगाम्भोजे मन्मूर्द्धा भ्रमरायते ॥

## ગોપીજનનો સંન્યાસ (ત્યાગ)

શ્રી ગોપીજનોએ તો ફલપ્રકરણમાં ભગવાનની પ્રાપ્તિ માટે સર્વ પરિત્યાગ કર્યો છે એમ પ્રથમ કહ્યું છે, ત્યારપછી ભગવાનની સાથે રાસ રમ્યા ત્યારે તેમને સૌભાગ્યમદ થયો કે અમારા જેવા સૌભાગ્યવાળા પૃથ્વી પર કોઇ નથી, અમારી સાથે સાક્ષાત્ પુરુષોત્તમ ક્રીડા કરે, પછી થયું માન. એટલે ભગવાન તિરોહિત થયા. એટલે શ્રીગોપીજન ભગવાનને શોધવા લાગ્યા. પણ દર્શન થયા નહિ, તેથી પ્રકટ કરવાને માટે ગાન કર્યું, અને અંતે કોઇપણ સાધનથી ભગવાન પ્રકટ થયા પછી શ્રીગોપીજને કરેલા ત્યાગની ભગવાને પ્રશંસા કરી, ત્યારપછી તેમને લીલાનો અનુભવ થયો. ગોપીઓને સંન્યાસનો વેશ વિગેરે નહિ હતો, અને ફલ સિદ્ધ થતા સુધીનું ત્યાગનું સ્વરૂપ દર્શાવ્યું છે. તેથી એવી રીતના ત્યાગના પ્રવર્તાવનાર કૌણ્ડિન્ય ઋષિ અને શ્રીગોપીજનો જ હોવાથી, ભક્તિમાર્ગીય સંન્યાસના ગુરુ તેઓ જ છે. 'અને એમ જ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે' 'મારે માટે જ લોક વેદ અને સંબંધીઓનો તમે ત્યાગ કર્યો છે, માટે તમારા ચિત્તની વૃત્તિ મારામાં રહેવા માટે જ હું તિરોહિત થયો હતો, પણ પરોક્ષમાં તો તમારું ભજન જ કરતો હતો.' વિગેરે શ્લોકોથી ભગવાને શ્રીગોપીજનને કરેલા ત્યાગની પ્રશંસા કરી છે.

એકાદશ સ્કંધમાં ભગવાને ત્યાગની પ્રશંસાનાં વાકયો કહ્યાં છે.

તે પણ આવા ત્યાગની આરંભાવસ્થાસૂચક હોવાથી વાક્યોનું તાત્પર્ય પણ આવી રીતના ત્યાગની પ્રશંસામાં જ છે; કેમકે ત્યાં પણ બારમા અધ્યાયમાં કહ્યું છે કે 'બલદેવજીની સાથે અક્રૂર મને મથુરા લઈ ગયા ત્યારે મારામાં અનુરક્ત ચિત્તવાળાં ગોપીજનો વિરહ ભાવથી મારા વિયોગની તીવ્ર પીડા થતાં બીજા કશામાં સુખ જોઈ શક્યા નહિ. વૃંદાવનમાં મળેલા પ્રેષ્ઠતમ એવા મારી સાથે જે જે રાત્રિઓ અર્ધ ક્ષણ જેવી ગાળી હતી તેજ રાત્રિઓ મારા વિના તેમને કલ્પસમાન થઈ પડી. જેમ સમાધિમાં મુનીઓ પોતાના સ્વરૂપને, આ લોકને કે પરલોકને જાણતા નથી, જેમ સમુદ્રમાં મળેલી નદીઓ પોતાના નામરૂપને જાણતી નથી, તેમ મારામાં સ્નેહવડે બંધાયલા મનવાળાં ગોપીજન પોતાના આત્મા, આ જગત્ કે પરલોકને જાણી શક્યા નહિ.'

એકાદશસ્કંધમાં કહેલા લક્ષણ જોકે પરમભક્તનાં છે, તો પણ તેમાંના કેટલાક સર્વજ્ઞ હોવાથી પુષ્ટિમિશ્ર છે, કેટલાક ગુણજ્ઞ હોવાથી મર્યાદામિશ્ર છે, પણ શુદ્ધ પુષ્ટ નથી, સર્વદા પ્રેમપ્લુત નથી, સ્વરૂપમાત્ર-પરાયણ નથી. માટે તેમનો સદ્યોમુક્તિનો અધિકાર નહિ હોવાથી તેમને ભગવાન સ્વાસ્થ્યવાક્ય કરે છે, આ પ્રમાણે અહીં ભક્તિમાર્ગીય ત્યાગમાં કૌણ્ડિન્ય અને શ્રીગોપીજન એમ બે ગુરુ કહ્યાં, કોઈને ફલવિલમ્બ વિઘ્ન, અને કોઈને તાત્કાલિક ફલ કહ્યાં, તેથી અવસ્થાભેદનું સૂચન કર્યું, એટલે અધિકારી જુદા જુદા થયા, અને ત્રણ પ્રકાર થયા. મર્યાદામાર્ગના ગુરુ કૌણ્ડિન્ય ઋષિ, પુષ્ટિમાર્ગનાં શ્રીગોપિકા; પુષ્ટિમાર્ગીય ભક્તોમાં પણ મિશ્ર ભક્તને ફલવિલમ્બ, અને શુદ્ધ ભક્તને સદ્યોમુક્તિ ભક્તિમાર્ગીય ત્યાગના સ્વરૂપનું પરિકરસહિત નિરૂપણ કર્યું, અને જુદા જુદા પ્રકારના પ્રેમના ભેદ, અને તેવા જુદા જુદા અધિકાર સંપાદન કરે છે, એમ સિદ્ધ કર્યું.

ભક્તિમાર્ગીય ત્યાગની આરંભ દશામાં પણ નિર્વિઘ્નપણું છે અને જ્ઞાનમાર્ગીય ત્યાગ સવિઘ્ન છે અને અતિ વિલમ્બ કરવાવાળો છે, તે દર્શાવવાને કહે છે કે:—

**ज्ञानमार्गे तु संन्यासो द्विविधोपि विचारितः ॥ १४ ॥**
**ज्ञानार्थमुत्तराङ्गं च सिद्धिर्जन्मशतैः परम् ।**
**ज्ञानं च साधनापेक्षं यज्ञादिश्रवणान्मतम् ॥ १५ ॥**
**अतः कलौ स संन्यासः पश्चात्तापाय नान्यथा ।**
**पाषण्डित्वं भवेच्चापि तस्माज्ज्ञाने न संन्यसेत् ॥ १६ ॥**
**सुतरां कलिदोषाणां प्रबलत्वादिति स्थितम् ।**

**સાન્વયપદાર્થ:**—**ज्ञानमार्गे** જ્ઞાનમાર્ગમાં **तु** તો **संन्यासः** સંન્યાસ **द्विविधः** બે પ્રકારનો **अपि** પણ **विचारितः** વિચાર કરેલો છે. **ज्ञानार्थम्** જ્ઞાનને માટે **उत्तराङ्गम्** છેલ્લું અંગ છે. **च** અને; **परं** પરંતુ **सिद्धिः** સિદ્ધિ **जन्मतैः** સેંકડો જન્મ પછી થાય ત્યારે **ज्ञानं** જ્ઞાન **च** અને **साधनापेक्षं** સાધનાની અપેક્ષાવાળું **यज्ञादिश्रवणात्** યજ્ઞ વિગેરે કરવાનું શ્રુતિમાં કહ્યું છે તેથી **मतं** માન્યું છે **अतः** તેથી **कलौ** કલિયુગમાં **स** તે **संन्यास** સંન્યાસ **पश्चात्तापाय** પશ્ચાત્તાપ કરાવે છે **अन्यथा** બીજા પ્રકારનો પણ એટલે વિવિદિષા **न** યોગ્ય નથી **च अपि पाषण्डित्वं** પાખંડીપણું **भवेत्** થાય **तस्मात्** તેથી **ज्ञाने** જ્ઞાનમાર્ગમાં **संन्यसेत्** સંન્યાસ કરવો **कलिदोषाणां** કલિના દોષોનું **प्रबलत्वात्** પ્રબલપણું હોવાથી **सुतरां** વિશેષ કરીને **इति** એ પ્રમાણે **स्थितम्** નિર્ણય કરેલો છે.

**શ્લોકાર્થ**:—જ્ઞાનમાર્ગમાં તો બંને પ્રકારના સંન્યાસનો વિચાર કરેલો છે, એક જ્ઞાનને માટે એટલે વિવિદિષા રૂપી ઉત્તરાંગ સિદ્ધ થાય એવો વિદ્વત્સંન્યાસ; પણ સેંકડો જન્મે તેની સિદ્ધિ થાય છે. અને જ્ઞાનને સાધનની અપેક્ષા રહે છે. નિષ્કામ પુરુષો પણ યજ્ઞ કરે છે એમ શ્રુતિમાં કહ્યું છે, તેથી સાધનો માનવામાં આવે છે માટે કલિયુગમાં

તે સંન્યાસ પશ્ચાત્તાપ કરાવે છે, અન્ય પ્રકારનો એટલે વિવિદિષા સંન્યાસ પણ ઉપયોગી નથી. અને વળી પાખંડીપણું પણ થાય, માટે જ્ઞાનમાર્ગીય સંન્યાસ કરવો નહિ. કલિદોષ પ્રબલ છે.

ત્યારે વિદ્વદ્દશામાં કહેલો સંન્યાસ કરવો? એમ કોઈ શંકા કરે, તો કહે છે કે બીજા પ્રકારનો એટલે વિદ્વતદશામાં સંન્યાસ કલિયુગમાં તેના સાધનના અસંભવને લીધે કરવા યોગ્ય નથી. તેને ખેદ થાય છે એટલું નહિ, કિન્તુ પાખંડીપણું પણ થાય. ભિક્ષા વિગેરેની શુદ્ધિ હોય નહિ, તેથી પાખંડી થાય છે.

જ્ઞાનમાર્ગમાં શાસ્ત્રમાં કહેલો વિધિપૂર્વક સંન્યાસ કરવો નહિ કારણ કે કલિના દોષ પ્રબલ છે. કલિયુગમાં સંન્યાસનો નિષેધ કરનાર શાસ્ત્રકારોએ જ નિર્ણય કરેલો છે તેથી જ્યાં સુધી વેદ પ્રવર્તે છે, ત્યાં સુધી સંન્યાસ કરવો.' એ વાક્ય સર્વ સ્થળે લાગુ પડતું નથી.

સાર–અહીં ભગવદાજ્ઞાથી સંન્યાસના વિચારમાં એટલું સિદ્ધ થયું કે કર્મમાર્ગમાં જૈમિનિના મતમાં કહેલો સંન્યાસ ન કરવો. મતાંતરમાં ચાર આશ્રમના પક્ષથી સંન્યાસ કર્તવ્ય છે, છતાં કલિકાલને લીધે ન કરવો ભક્તિમાર્ગમાં કહ્યો છત્તાં શ્રવણાદિની સિદ્ધિ માટેના સંન્યાસમાં શ્રવણાદિ ધર્મો ન થઈ શકે માટે વિધિપૂર્વક ત્યાગરૂપે ન કરવો, તેમજ સ્નેહના સાધન માટે કરવામાં દૂષણ છે. પ્રેમ થયા પછી તો વિધિ વિનાનો ત્યાગ મુખ્ય અધિકારીને પોતાની મેળે સિદ્ધ થઈ જાય છે. તેમાં જ્ઞાનની અપેક્ષા નથી. તેમ જ મધ્યમ અધિકારીને પણ સમજવું. પણ તેને પ્રારબ્ધના પ્રતિબંધને લીધે ફળમાં કાંઈક વિલંબ થાય છે. તેવું જ જ્ઞાનમિશ્ર ભક્તનું પણ સમજવું. જ્ઞાનમાર્ગમાં તે વિવિદિષાદશામાં સંન્યાસનો વિચાર કહેલો છે છતાં કલિકાલથી થતા દોષનો સંભવ હોવાથી ન કરવો વિદ્વત્સંન્યાસ તો કલિદોષને લીધે જ્ઞાનનો જ અસંભવ હોવાથી સંભવતો જ નથી.

હવે પ્રેમની આરંભ દશામાં પરિત્યાગનો વિચાર બાકી રહ્યો તે વિચારવાને પ્રશ્ન કરીને શંકા કરે છે :—

भक्तिमार्गेऽपि चेद्दोषस्तदा किं कार्यमुच्यते ॥१७॥

अत्रारम्भे न नाशः स्याद् दृष्टान्तस्याप्यभावतः ।
स्वास्थ्यहेतोः परित्यागाद्बाधः केनास्य सम्भवेत् ॥१८॥

हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे ।
अन्यथा मातरो बालान्न स्तन्यैः पुपुषुः क्वचित् ॥१९

ज्ञानिनामपि वाक्येन न भक्तं मोहयिष्यति ।
आत्मप्रदः प्रियश्चापि किमर्थं मोहयिष्यति ॥२०॥

तस्मादुक्तप्रकारेण परित्यागो विधीयताम् ।
अन्यथा भ्रश्यते स्वार्थादिति मे निश्चिता मतिः ॥२१॥

સાન્વયપદાર્થ–भक्तिमार्ग ભક્તિમાર્ગમાં ત્યાગમાં चेत् જો दोषः દોષ છે. तदा તો किं શું कार्यम् કરવું? उच्यते કહીએ છીએ. (૧૭) अत्र અહીં आरंभे આરંભમાં नाशः નાશ न નહિ स्यात् થાય. दृष्टान्तस्य દૃષ્ટાન્તનો अपि પણ अभावतः અભાવને લીધે. स्वास्थ्यहेतोः સ્વાસ્થ્યના હેતુનો परित्यागात् પરિત્યાગને લીધે केन કોનાથી अस्य આનો बाधः બાધ संभवेत् સંભવે. (૧૮). अत्र અહીં हरिः હરિ बाधां બાધ कर्तुं કરવાને न નહિ शक्नोति શકિતમાન થાય તો कुतः કેવી રીતે अपरे બીજા. अन्यथा જો એમ ન હોય તો मातरः માતાઓ बालान् બાલકોને क्वचित् કોઈ પણ સ્થળે स्तन्यैः સ્તનના દૂધની न નહિ पुपुषुः પોષણ કરે. (૧૯). ज्ञानिनाम् જ્ઞાનીઓના वाक्येन વાકયથી अपि પણ भक्तं ભકતને न નહિ मोहयिष्यति મોહ કરશે. आत्मप्रदः આત્માનું દાન કરનાર प्रियः च અને अपि વળી किमर्थं કેવી રીતે मोहयिष्यति મોહ કરે. (૨૦). तस्मात् માટે उक्तप्रकारेण ઉપર કહેલા વિરહ પ્રકારથી परित्यागः

સંન્યાસ **વિચીયતામ્** કરવો. **અન્યથા** નહિ તો **સ્વાર્થાત્** પુરુષાર્થથી **ભ્રશ્યતે** નાશ પામે **ઇતિ** એ પ્રમાણે **મે** મારી **મતિઃ** બુદ્ધિ **નિશ્ચિતા** નિશ્ચયવાળી છે.

**શ્લોકાર્થ**–જો ભકિતમાર્ગમાં પરિત્યાગ કરવામાં કલિ વિગેરેથી દોષ આવતો હોય તો શું કરવું? તે કહીએ છીએ. (૧૭). અહીં ભકિતમાર્ગમાં આરંભ દશામાં નાશ થતો નથી. વળી એવાં દષ્ટાન્ત પણ નથી. સ્વસ્થતા લાવનાર જે કારણો ભિક્ષા વિગેરે તેનો ત્યાગ કરવાથી પછી બાધ શેનાથી સંભવે? (૧૮). સર્વ દુઃખહર્તાં ભગવાન પણ આ પરિત્યાગમાં બાધ કરી શકતા નથી. તો પછી કાલવિગેરે તો કયારથી જ કરે? જો એમ થાય તો–જો ભગવાન બાધ કરે તો— માતાઓ કોઇપણ સ્થલે બાળકોનું સ્તન્યથી પોષણ જ ન કરે. (૧૯). **જ્ઞાનિનામપિ** માર્કણ્ડેય વાકયમાં જ્ઞાનીઓને જ માયાકૃત મોહ કહ્યો છે તે માયા ભકતને મોહ કરી શકતી નથી. આ ભકત તો સર્વ પ્રભુને સમર્પણ કર્યું છે, અને તે ભગવાનને પ્રિય છે. તેથી માયા ભકતને કેવી રીતે મોહ કરી શકે? (૨૦). માટે ભગવાને ઉદ્ધવજીને કહેલા પ્રકારે ભકતોએ પરિત્યાગ કરવો, જો એમ ન કરે તો સ્વાર્થ–એટલે–ભગવદ્ વિરહાનુભવ અને ભગવત્પ્રસાદ ગુમાવી બેસે છે. આવી મારી બુદ્ધિ છે. (૨૧).

**રહસ્યાર્થ** :–પ્રેમરૂપ ભકિતના ઉપાયરૂપ રૂપે પરિત્યાગ કરે છે તેમાં કલિકાલ વિગેરેએ કરેલો દોષ ઉત્પન્ન થાય ત્યારે તેને દૂર કરવાને શું કરવું? સમાધાનમાં કહે છે કે આ પ્રેમભકિનના આરંભમાં પરિત્યાગ કરવામાં કલિ વિગેરેએ કરેલા દોષથી પોતે જે અવસ્થામાં હોય તેનાથી હીન થતો નથી.

માર્કણ્ડેય પુરાણના વાકયમાં જ્ઞાનીઓને જ માયાકૃત મોહ થાય છે એમ કહ્યું છે. ભકતોને એવો મોહ થતો નથી, માટે એ માયા ભકતને મોહ કરી શકતી નથી. ગીતામાં કહ્યું છે કે 'આ દૈવી ગુણમયી મારી

માયા દુસ્તર છે, જે મારે શરણે આવે છે. તેજ એ માયાને તરી જાય છે, આ વાકયમાં ભગવાને પોતાને શરણે આવનારને એ માયા તરવાનું કહ્યું છે. અને ઉપર કહેલા ભકતો ભગવાનને શરણે આવેલા હોય છે એમાં તો શંકા છે જ નહિ. માટે માયાથી ભકતને મોહ થયો એ તો અસંભવિત જ છે.

અને ભકત ભગવાનને પ્રિય હોય છે, કેમ કે ગીતામાં કહ્યું છે કે:-**यो मे मद्भक्तः स मे प्रियः** માયા તો ભગવાન અને ભગવદ્‌-ભકતથી શરમાય છે, કેમકે દ્વિતીય સ્કંધમાં કહ્યું છે છે કે 'ભગવાનની નજર આગળ ઉભા રહેવાને શરમાતી આ માયા વડે મોહ પામેલા દુષ્ટ બુદ્ધિવાળો હોતો નથી, કેમ કે તેણે ભગવાનને વિષે સ્નેહ બાંધેલો હોય છે. વળી તેને ભગવાન્ સિવાય બીજે સ્થલે આસકિત હોતી નથી. માટે તેને માવા શા માટે મોહ કરે? ઉપલા કારણોને લીધે માયા પણ ભકતને મોહ કરી શકતી નથી.

**इति कृष्णप्रसादेन वल्लभेन विनिश्चितम् ।**
**संन्यासवरणं भक्तावन्यथा पतितो भवेत् ॥२२॥**

**સાન્વયપદાર્થ:—इति** એ પ્રમાણે **कृष्णप्रसादेन** કૃષ્ણના પ્રસાદથી **वल्लभेन** ભગવાનને અપ્રિય વલ્લભે **भक्तौ** ભકિતમાર્ગે **संन्यासवरणं** સંન્યાસનો અંગીકાર **विनिश्चितम्** નિશ્ચય કર્યો. **अन्यथा** આજ્ઞા ન હોય અને સંન્યાસ ગ્રહણ કરે તો **पतितः** પતિત **भवेत** થાય.

**શ્લોકાર્થ:**-પૂર્વાકત પ્રકારે સંન્યાસમાં વિચાર કર્યો તેથી કૃષ્ણ-પ્રસાદ થયા. તેથી પ્રભુને પ્રિય શ્રીવલ્લભાચાર્યે ભકિતમાર્ગના સંન્યાસનો અંગીકાર કર્યો એ પ્રમાણે આજ્ઞા વિના સંન્યાસનો અંગીકાર કરે તો પતિત થાય.

### ભગવદાજ્ઞા વિના સંન્યાસ ન લેવો

સર્વે પ્રાચીન મહાનુભાવીઓ કરતાં .શ્રી ગો. શ્રીપુરુષોત્તમજીને સ્વારસ્ય જણાય છે કે ઉપક્રમમાં **परित्यागो विचार्यते** એમ કહ્યું અને

છેલ્લા શ્લોકમાં **परित्यागो विधियताम्** એટલે સંન્યાસ ગ્રહણ કરવો એમ કહ્યું, તેથી ત્યાંજ ઉપસંહાર થઈ ગયો, અને **इति कृष्णप्रसादेन** એ શ્લોકથી કાંઈક વિશેષનું સૂચન થાય છે. તે આ પ્રમાણેઃ–આચાર્યજીને પરિત્યાગ વિષયની બે ભગવદાજ્ઞા ન કરવાથી ખેદ થયો, તેથી જ્યારે લોક પરિત્યાગ વિષયની ત્રીજી આજ્ઞા થઈ ત્યારે તેનો વિચાર આ ગ્રન્થમાં કર્યો તેથી ભગવાન વિશેષ પ્રસન્ન થયા, અને લોકપરિત્યાગ એટલે સંન્યાસ એમ આચાર્યજીના હૃદયમાં સ્ફુરણ કર્યું, તે આ શ્લોકમાં જણાવ્યું છે. **इति** એટલે પૂર્વોક્ત પ્રકારે પરિત્યાગનો વિચાર કર્યો, ત્યારે જે પ્રથમથી વિલક્ષણ કૃષ્ણપ્રસાદ થયો તેથી ભગવાનને પ્રિય મેં (શ્રીવલ્લભાચાર્યે) ભક્તિમાર્ગમાં ઉદ્ધવની માફક સંન્યાસ ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. **પરંતુ જે સેવકને મારી માફક ભગવદાજ્ઞા ન થઈ હોય તેણે સંન્યાસ ન લેવો. એ પ્રમાણે આજ્ઞા ન થાય અને સંન્યાસ ગ્રહણ કરે તો પતિત થાય. ભક્તિમાર્ગીય ધર્મો અને સંન્યાસના ધર્મો એક બીજાથી વિરૂદ્ધ હોવાથી ભક્તિમાર્ગમાં સંન્યાસથી ઘાત થાય છે.**

ભગવાને સંન્યાસની સ્ફુરણા કરવાથી જ આચાર્યશ્રીએ ત્રિદંડ સંન્યાસ ધારણ કર્યો છે, પત્ની વગેરેએ આજ્ઞા નહિ આપવાથી પોતાની પર્ણશાલાનું જ્વલન દર્શાવ્યું, એટલે તેઓએ નીકળો, જલદી નીકળો, એમ કહેતાં જ કમંડલું અને કૌપીન લઈને નીકળી ગયા, એટલે અગ્નિ પણ શાંત થયો. પછી યથાવિધિ સંન્યાસ ગ્રહણ કરીને, અડેલ ગ્રામથી કાશી પધાર્યા. એક માસ અનશન વ્રત કર્યું. આઠ દિવસ મૌન વ્રત રાખ્યું, પછી અષાઢ શુક્લ દ્વિતીયાને દિવસે ગંગાજીમાંથી તેજનાપુંજ રૂપે બહાર પ્રકટ થઈ નિત્ય લીલામાં પ્રભુ પાસે સદેહે પધાર્યા એમ પ્રાચીનોના વાક્યથી જણાય છે.

**સંન્યાસનિર્ણય સમાપ્ત**

श्रीकृष्णः

# જલભેદ

**ઉપક્રમ**—કૃપાપીયૂષપારાવાર શ્રીહરિરાયપ્રભુએ કરેલો સત્સંગ નિર્ણય ઘણો ઉપયોગી હોવાથી હું તે વિચારો અત્રે મુકું છું.

જે વિષયનું આ ગ્રન્થમાં પ્રતિપાદન કરવાનું છે તે વિષયને સ્પષ્ટ રીતે સમજાવવા માટે આપેલાં **જલનાં** ઉદાહરણનું ૬।। શ્લોકથી વિસ્તારપૂર્વક ગ્રન્થકર્તા વિવેચન કરે છે. પ્રથમ દૃષ્ટાંતના સર્વ અંશો બતાવીને પછીથી પ્રસ્તુત વિષયનું તેની સાથે સામ્ય નિર્દેશની સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

**દૃષ્ટાંત**–જલ સર્વ [૧]સ્થલે રહે છે. એથી જ ખનન (ખોદવું) વગેરે પ્રયત્નવડે પ્રાપ્ત થાય છે. જલને મેળવવા માટે કરવામાં આવતા પ્રયાસમાં કેટલીક વિલક્ષણતા રહેલી જોવામાં આવે છે. કઠિન અને પોચી જમીનના પ્રમાણમાં ખોદવાનો પ્રયાસ વધારે અને થોડા અનુભવાય છે. કોઈ ઠેકાણે થોડા જ પ્રયત્નથી–જલદી જલ પ્રાપ્ત થાય છે. કોઈ ઠેકાણે ઘણો સમય વીત્યા પછી જલ પ્રકટ થાય છે. થોડા પ્રયાસથી અર્થાત્ અંદરથી બહાર કાઢવા જેટલા જ યત્નથી કૂવા, વાવ, તળાવ વગેરેમાંથી જલ મલી શકે છે. કોઈ ઠેકાણે તો મહેનત વિના જ સ્વતઃ જલ મળી શકે છે. જેમ કે નદી વગેરેમાં કૂપ અને વાવ વગેરેમાં પ્રયત્ન–વધારે મહેનત છે, તળાવ વગેરેમાં યત્ન–થોડો શ્રમ છે; તે બન્નેને છોડીને જે જે નિરંતર નદી વગેરેના સમીપમાં જ રહે તેને વિના શ્રમે જલ મલે

---

૧. જલ પંચમહાભૂતોમાંનું ચતુર્થમહાભૂત હોવાથી સર્વ સ્થલે વ્યાપ્ત છે. વાયુ, પૃથ્વી વગેરે જેમ વ્યાપ્ત છે, તેમ જલ પણ કોઈ સ્થલે સમૂહરૂપે તો કોઈ સ્થલે પરમાણુરૂપે રહેલું છે.

અને ઘણું જ સુલભ થઈ પડે. કૂવામાંથી જલ પ્રાપ્ત કરવામાં કાંઈક શ્રમ પણ છે, પરંતુ નદી વગેરેમાંથી તો પરિશ્રમ વિના જ સ્વતઃ જલપાન થઈ શકે છે. જે પુરુષો ગૃહ વિગેરેનો ત્યાગ કરીને શ્રમ વિના જલ પ્રાપ્ત કરી શકે તેવા દેશમાં નથી રહેતા. તેઓના ઉપયોગમાં ઘટાદિકમાં રહેલું જલ આવે છે. તે પણ શ્રમ વિના જ. જો કે તે જલ નદી વગેરેમાંથી લાવવામાં આવ્યું છે, પરંતુ તે યોગ્ય–શુદ્ધ પાત્રમાં હોય તો જ તે ખપમાં આવે છે.

તેવી જ રીતે બ્રહ્મ(ભગવાન) પણ વ્યાપક હોવાથી બધે ઠેકાણે રહે છે. જેમ જલ સર્વ સ્થલે રહે છે, તેમ બ્રહ્મ પણ સર્વત્ર વ્યાપક છે. ઘણો પ્રયાસ કરવાથી જેમ જલ પ્રકટ થાય છે; તેમ તેમ ઘણો યત્ન કર્યા પછી જ્ઞાનીઓ સમક્ષ તે બ્રહ્મ (ભગવાન) સ્વતઃ પ્રકટ થાય છે. કઠિન અને પોચી પૃથ્વીના પ્રમાણમાં વધતો ઓછો પરિશ્રમ જલને માટે કરવો પડે છે; તેમજ બ્રહ્મને માટે પણ સારો દેશ અને કાલ વગેરે સારો સમય હોય તો થોડો પ્રયાસ વેઠવો પડે છે; અને દેશકાલ સારા ન હોય તો ઘણો કાલ વીતે છે અને શ્રમ પણ ઘણો જ વધે છે; ત્યાર પછી જ તે બ્રહ્મ (ભગવાન) પ્રકટ થતું જણાય છે.

**ગૃહત્યાગી ભક્ત સમક્ષ પ્રભુનો આવિર્ભાવ સત્વર થાય છે. સુલભ કોને ?** હવે ભકતોને માટે નદીજલવત સ્વેચ્છાથી જ **શ્રીયશોદાજી** વગેરે વ્રજરત્નાઓમાં પ્રગટ થાય છે. એમ નિરૂપણ કરે છે જેમ નદીનું જલ સ્વતઃ છે, તેમ ભકતોના ઉદ્ધાર માટે પ્રભુ પોતાની જ ઇચ્છાથી શ્રીયશોદાજી વગેરેમાં ભાવરૂપે પ્રાદુર્ભાવ પામે છે. તે પ્રકટ થયેલા પ્રભુને હૃદયમાં અથવા બહાર પધરાવવા તે પણ ભાવથી જ; તેમાં કાંઇ પ્રયત્નની જરૂર નથી જેમ નદીનું જલ લેવામાં કૂવા વગેરે બીજા જલાશયો જેટલો પરિશ્રમ નથી; તેમ જ નિજાનંદદાનાર્થ પ્રકટ થયેલા પ્રભુને **ભાવથી** જ હૃદયમાં અથવા બહાર પધરાવતાં થોડો પણ પરિશ્રમ લાગતો નથી, તેમાં પણ જે લોકો ગૃહનો ત્યાગ કરીને

નદીના સમીપમાં વસે છે, તેઓને જેમ જલ સુપ્રાપ્ય છે. તેમ જેઓ **ગૃહાદિકનો ત્યાગ કરીને અવ્યાવૃત્ત થઇને રહેલા છે. તેઓને તો એ ભાવાત્મક પ્રભુ સન્નિધાનમાં જ રહે છે.**

**જ્ઞાનીને ભકતની માફક બહાર પ્રકટ દર્શન આપતા નથી.** બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે એમ માનીને જ્ઞાની લોકો અનેક સાધનો કરે છે; પરંતુ વ્યાપકરૂપ ભાવનાથી પ્રભુ તેના હૃદયમાં પધારે છે, પણ બહાર પધારતા નથી હૃદયમાં તો સર્વ સાક્ષીરૂપે બિરાજતા જ હોવાથી જ્ઞાની લોકોને બહુ શ્રમ કરવો પડતો નથી. અર્થાત્ ધ્યાનધારણાદિથી મળે, બીજા શ્રમની જરૂર તેઓને નથી. કેમ કે તેઓ જ્ઞાની થઈ ગયેલા છે. **ભકતોના પ્રભુ તો ભાવરૂપ હોવાથી ભાવસ્વરૂપે અંદર અને બહાર બિરાજે છે એટલે ભકતોને પણ ધ્યાન વગેરે કરવાનો** કોઈ પણ શ્રમ નથી.

**જ્ઞાનીમાં પણ અવ્યકતાસકતનો વિચાર.** વ્યાપક અને હૃદયમાં રહેલા પ્રભુને ન ઓળખતા, અવ્યકતની ભાવના જે જ્ઞાનીઓ કરે છે, તે દૂર જનારા છે. અર્થાત્ સમીપમાં રહેલા સુપ્રાપ્ય નદી જલને ત્યજીને દૂર લેવા જનારા છે. તેઓને કોઈ જલ લઈ જઇને પાય તો જ તેઓ જલ પ્રાપ્ત કરી શકે, નહિ તો નહિ. **'अव्यक्तं व्यक्तिमापन्नं, अव्यक्ता हि गतिदुःखम'** ગીતાવાકયાનુસાર અવ્યક્તની ભાવનાવાળાઓને દુઃખ જ પ્રાપ્ત થાય છે. કોઈ તેઓને જ્ઞાન આપનાર મળે તો જ તેઓ ઠેકાણે આવે એ કારણથી તેઓ નિરંતર બીજા જીવોને અધીન બનીને રહેલા હોય છે.

**ગૃહમાં રહી ભકિત કરનાર ભકતોમાં યોગ્યતાની પરીક્ષા.** ગૃહાદિનો ત્યાગ કરનારના સમીપમાં જ પ્રભુ બિરાજે છે, એમ નિરૂપણ કર્યું. હવે જેઓ ગૃહમાં રહેનારા ભકતોને સંબંધીઓની સમીપમાં રહેનારાઓનાં દોષ જલદી વળગે છે; તેથી તેઓએ જેમાં પ્રભુ રહેતા હોય, જેમના નેત્રમાં ગિરિવરધરણ ઝળકતા હોય તેવા યોગ્ય સ્વજનોમાં

વૈષ્ણવજનોમાં રહેવું, એવા ભગવદીય સ્વજનોમાં રહેલા પ્રભુનો ઉપયોગ અર્થાત્ પ્રભુના સ્વરૂપામૃતનું પાન એ ભગવદીયોના સન્નિધાનમાં રહેવાથી નિરંતર કરી શકાય છે. જેમ શુદ્ધ ઘટાદિક પાત્રોમાં ભરી રાખેલું જલ પોતાના ઉપયોગમાં આવે છે. તેમ ભગવદીયોમાં બિરાજતા પ્રભુનો સ્વરૂપાનંદ તેમના સમીપમાં રહેવાથી પ્રાપ્ત થાય છે. ગૃહમાં એવી રીતે નિવાસ કરતા વિરહ દુઃખ પ્રાપ્ત થાય તે પણ પ્રભુની આશાથી જ જેમ તૃષાવાળાઓને તૃષાથી દુઃખ થાય છે. તેમ પ્રભુની લગન જેને લાગી છે, તેને વિરહ દુઃખ થાય છે, તે પ્રભુ ક્યારે મળે, એવી આશાથી થાય છે, આ સમય ક્યારે પ્રાપ્ત થાય છે, આ સમય ક્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે ગૃહમાં ઉપર જણાવેલા ભગવદીય સ્વજનોના સત્સંગ મળે ત્યારે, જેમકે ગૃહમાં જલ ન હોય અને તૃષા તો લાગી હોય પછી જેમ દુઃખ પ્રાપ્ત થાય છે, તેમ ભગવત્સ્વરૂપાનંદનું પાન કરવાને જીવ તલસી રહ્યા હોય અને પ્રભુના સ્વરૂપામૃતનું પાન કરાવી શકે એવા યોગ્ય સ્વજન ન મલે, ત્યારે ગૃહમાં સ્થિતિ કરતાં આવી રીતે દુઃખ પ્રાપ્ત થાય છે, માટે બીજો માર્ગ પ્રભુ ઉપદેશે છે. આવું દુઃખ અનુભવી શકતા ન હોય તેઓએ ભગવદીયોની સેવા કરવી.

## ભગવદીયો કેવા હોવા જોઈએ ?

ભગવદીયો એવા હોવા જોઈએ કે જેઓમાં પૂર્ણ પુરુષોત્તમ સદાનંદ પ્રભુ બિરાજતા હોય, તેવા ભગવદીયોના સમીપમાં નિરંતર રહેવાથી અને સેવા વગેરે ગુણોની તો ભગવદીયોના મુખારવિન્દમા પ્રકટ થતા પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરી શકાય તેવા ભગવદીયોના મુખમાંથી પર્વતની ગુફાઓમાંથી જેમ શીતલ જલ જ નિરંતર ઝર્યાં કરે છે; અને તૃષાતુરોની તૃષાને, તાપથી તપેલાઓના તાપને બુઝાવે છે, તેમ જ ભગવત્સ્વરૂપામૃતનો અખંડ ઝરો તે ભગવદીયોના મુખમાંથી નિઃસરે છે અને પ્રભુને મળવા ઇચ્છનારાઓના મનોરથો પૂર્ણ કરે છે.

**ઉપરનાં લક્ષણવાળા ગૃહસ્થી ભગવદીયોનો સત્સંગ કરવોઃ** ઉપર કહેલાં કારણોથી ભક્તિથી યુક્ત અને ભકિતના સાધકોએ ગૃહમાં રહીને તેવા ભગવદીયોના જ સંગમાં સદા રહેવું. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરેલા ભગવદીયોએ અને એવા સિદ્ધ કરવાને ઇચ્છા રાખનારાઓએ ઉપર જણાવેલા મહાનુભાવી ભગવદીયોનો જ સત્સંગ કરવો; નિરંતર તેમની પરિચર્યા કરતાં સત્સંગ કરતાં તેમની જ પાસે રહેવું. એમ કરવાથી પ્રભુનો અનુભવ થાય છે. અન્યથા કોઈ પણ ઉપાય કરવાથી ભગવદ્-અનુભવ ન જ થાય.

**ભકિતમાર્ગીય સંન્યાસીઓ.** ભકિતમાર્ગીય ત્યાગ કરનારા ભગવદ્રૂપ જ છે. ભકિતમાર્ગીય સંન્યાસ ભાવ વડે લઈ શકાય છે તે વિરહાત્મક છે. **हा नाथ रमण प्रेष्ठ कासि क्वासि महाभुज** એ ફલ પ્રકરણોક્ત સન્યાસ, પ્રભુના મહાવિયોગનો અખંડ અનુભવ પ્રાપ્ત થાય ત્યારે ભકિતમાર્ગીય સંન્યાસ આપોઆપ થયો કહેવાય. તેવો સંન્યાસ સ્વીકારીને જેઓ રહેલા છે, તેઓના જીવ દેહ, ઇન્દ્રિય વગેરેમાં સાક્ષાત્ વિરહવદનાનલરૂપ પ્રભુ ભાવ વડે પ્રવેશ કરે છે. પ્રભુ શૃંગાર રસરૂપ હોવાથી સંયોગ વિપ્રયોગરૂપ દ્વિદ્લાત્મક,[૧] છે. રસાત્મક પ્રભુ ભકતના દેહેન્દ્રિયાદિમાં પ્રવેશે છે. ભકતનાં શરીર વગેરે તો તલવારની મ્યાન જેવા જ છે. જેમ પ્રભુ સાક્ષાત્ પ્રતિમા સ્વરૂપ થાય છે. અને તે સ્વસ્વરૂપ જ અનુભવાય છે, તેમ જ વિરહાત્મક પ્રભુ જ્યારે દેહેન્દ્રિયાદિકમાં પ્રવેશ કરે છે. ત્યારે **ભકતો ભગવદ્રૂપ** થઈ જાય છે, માટે તેઓનો સંગ આવશ્યક કરવો અને તેમના આશ્રયથી જીવન આધીન બનવાનો દોષ નથી.

શ્રી વલ્લભાધીશ્વરની કૃપામાત્રની અભિલાષા ધરાવનારા હરિદાસ પ્રભુવર્યે આ સત્સંગ નિર્ણય ગ્રન્થ આનંદસહ રચ્યો છે.

---

૧ આ વિષે જાણવાની ઇચ્છા રાખનારાએ શ્રીમદ્ અણુ ભાષ્યના ચાર અધ્યાયો સુરતથી મંગાવી વાંચવા જેનું ન્યુછાવર ૧૦૦ રૂપિયા છે.

**જલભેદ**

| કુવો | નહેર | | ખાડીનું જળ | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૧૧ | ૧૨ |
| ગન્ધર્વ | પુરાણી | પુરાણી | ગાયક | નીચગાયક | પંડિત | યોગી | તપઃ સાખ્યજ્ઞાનવાળા |
| ઉત્તમ / લંપટ | ઉત્તમ | અધમ લોભવાળા | વેશ્યામત્ત અધમ | અધમ | | કોઈ વ્યક્તિને ઉપયોગી, સર્વોપયોગી નથી | પોતાનેજ સુખાકારી બીજાને નહિ. |
| | અગ્રાહ્ય, પરંપરાથી ભણેલા | | | | | | |

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|
| ભગવચ્છાસ્ત્ર તત્પર (મર્યાદા) મધ્યમ | ગંભીર સંદેહવાહક (મર્યાદા) મધ્યમ | પ્રેમયુક્ત ભગવચ્છાસ્ત્ર તત્પર ઉત્તમ (પુષ્ટિ) | અલ્પશ્રુત અલ્પપ્રેમ — કનિષ્ઠ | અલ્પશ્રુત અલ્પપ્રેમ ક્રમ શુદ્ધ — કનિષ્ઠ |

| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
|---|---|---|---|---|---|
| ભગવત્કૃપા માત્ર ઉત્તમ (પુષ્ટિ) | દેવાદિની ઉપાસનાથી અહંકારી બનેલા અગ્રાહ્ય | નવધાભક્તિ માર્ગાનુસારી વૃદ્ધિક્ષયવાળો ભાવ મર્યાદા (મધ્યમ) | પંદરમા જેવા વૃદ્ધિક્ષય વગરના મર્યાદા (મધ્યમ) | અનેક જન્મથી સિદ્ધ સંસ્કારી વૃદ્ધિક્ષયભાવવાળા મર્યાદા (મધ્યમ) | સ્વતંત્ર કૃપાપાત્ર મહા ગંભીર ભક્તિભાવ — (પુષ્ટિ) ઉત્તમ |

૧૯

- સમુદ્ર જેવા
  - ક્ષારાદિ છસમુદ્ર જેવા
    - ૧ ક્ષીરોદ — પ્રભુને લૌકિક માનનારા
    - ૨ દધિમણ્ડોદ — પ્રભુને દેહધારી માનનારા
    - ૩ સુરોદ — માયાથી કર્તૃત્વ માનનારા
    - ૪ ક્ષીરોદ — ભગવાનને સર્વ કર્તૃ માનરારા
    - ૫ ધૃતોદ — ભગવાનને વીર્યવત્તર માનનારા
    - ૬ ઇક્ષુરસોદ — ભક્તિ મુક્તિને પ્રભુ આપે છે એવું માનનારા પુરાણ વક્તા સંકીર્ણ
  - અમૃતસમુદ્ર જેવા ઉત્તમ
    - શેષ
    - વ્યાસ
    - અગ્નિ
    - મારુત
    - જડ
    - નારદ
    - મૈત્રેયાદિ

૨૦

પાછલા ભાવોથી કંઈ અતિરિક્ત રહેલા ભાવ જેવા અધિકારમાં હોય તેવો માનવો.

**શ્રીહરિરાયજીના** પરિશિષ્ટાનુસારી

- પૂર્ણ ભગવદીયો
  - મર્યાદા માર્ગીય
    - વ્યાસ
    - જડ
    - નારદ
    - મૈત્રેય (ઉદ્ધવ વિગેરે)
  - પુષ્ટિમાર્ગીય
    - શેષ
    - અગ્નિ*
    - મારુત

અમૃતસમુદ્ર જેવા

*અગ્નિ એટલે શ્રીમહાપ્રભુજી.

શ્રીમદાચાર્યચરણની કૃપાથી ભક્તિમાર્ગમાં જીવનો અંગીકાર થયો. વેદ-બ્રહ્મસૂત્ર-શ્રીભગવદ્ગીતા અને ભાગવત આ ચારે પ્રસ્થાનોથી નિર્ણય કર્યો કે નિર્ગુણ ભક્તિમાર્ગ સર્વોત્કૃષ્ટ અને સરલ માર્ગ છે. કારણ કે-પ્રભુ આજ્ઞા કરે છે કે—"भक्त्या मामभिजानाति" હું જેવો છું તેવો સંપૂર્ણ રીતે તો ભક્તિથી જ મારો ભક્ત મને જાણે છે.

## આ ભક્તિનો અર્થ તમે સમજ્યા?

ભક્તિ એટલે? પરમાત્મામાં પરમપ્રીતિ, દૃઢભક્તિ, ભક્તિ એટલે સેવા, અને સેવા એટલે "પ્રભુમાં ચિત્તને એકતાન કરવું." ભક્તિમાર્ગ પ્રભુ પરાયણ બનાવે છે. ધર્મી પ્રભુને જ અવલંબી રહેલો છે. તો પ્રભુ શ્રીકૃષ્ણ ચન્દ્રમાં મન શાથી એકતાન થાય? એનો ઉપાય તમે સાંભળ્યો છે? આ ઉપાય એવો દર્શાવું કે તમારો તેનાથી પ્રભુમાં નિરોધ ઘણાં જ સરળ માર્ગથી થઈ જાય. આપણે તો એવો ઉપાય જોઈએ કે તેને અમલમાં મુકનારને પણ આનંદ થાય, અર્થાત્ પૂર્વાવસ્થામાં આનંદ અને ફલાવસ્થામાં પણ પૂર્ણાનન્દ જ ફળે, આ માર્ગમાં, [1]ત્યાગ, [2]શ્રવણ, અને [3]કીર્તન, છે. તમે તમારી અહંતા મમતાની સર્વસ્વ વસ્તુ પ્રભુની છે. એવા આત્મ સમર્પણપૂર્વક શ્રવણ અને કીર્તન કરો. એ ભક્તિના બીજને વધારનાર સાધનો છે. શ્રવણ એ ભગવદ્ લીલાનું જ હોઈ શકે. શ્રવણ નિરોધ કરનારૂં ત્યારે જ થાય—કે ઉત્તમોત્તમ રસિક ભગવદીયોના મુખમાંથી પ્રભુપ્રેમ રસથી ભરપૂર પ્રભુની લીલાથી ભરેલું હોય તો જ તે નિરોધ કરે છે. કર્ણ=કાન પ્રભુએ આપ્યા તેની સાર્થકતા ગમે તે સાંભળવાથી ન થાય? કારણ કે? પ્રભુમાં પ્રેમ-આસક્તિ અને વ્યસન આ પણ અવસ્થાએ આપણે પહોંચવું છે એ કામ શ્રવણ અને કીર્તનજ

---

१ सा परानुरक्तिरीश्वरे, शाण्डिल्यसूत्रे २ "भज सेवायाम्" रतिर्देवादिविषयो भावः ३ "चेतस्तत्प्रवणं सेवा" बीजभावे दृढे तु स्यात् त्यागात् श्रवणकीर्तनात्

કરી શકે છે. હવે આ શ્રવણુ કોની પાસે કરવું ? એ મોટો પ્રશ્ન છે. વકતા સારો હોય તો જ શ્રોતાને સાર્થક કરે, કુવામાં ન હોય તો હવાડામાં શી રીતે આવશે ? વકતાનાં લક્ષણુ જોઇને તેના આગળ શ્રોતા થવું. જો ભાવહીન વકતા મળશે તો તમે તમારું હશે તે પણુ ખોશો, અને પરિણામે નાસ્તિક થશો. તમે સત્સંગ કરવો" એમ વારંવાર કહો છો પણુ તે સત્સંગ કોનો ? બહુ બોલે તેથી પંડિત ન કહેવાય. બહુ ચપળ હોય તેથી રહસ્યજ્ઞ ન કહેવાય, "અમારે તો અમારા ભાવની વૃદ્ધિ કરનાર ભગવચ્છાસ્ત્રનિષ્ણાત, ભગવત્પ્રેમથી ભરપૂર અને લીલા માધુર્ય સમજનાર વકતા જોઇએ છે." તે શી રીતે ઓળખી કાઢવો ? આટે બીજા વકતા સાથે તુલના કરી સમજાવીશું એટલે આ વકતા તમો આપોઆપ જુદો જ માલૂમ પડશે.

વેદમાં એક શ્રુતિ છે તેમાં જળના વીસ ભેદ કહ્યા છે. તે વીસ ભેદને આપણે વકતાની કસોટી કરીશું. અને તે જે જળ કે જળાધાર જોડે બંધ બેસે તેમાં તેમને મૂકીશું.

આ ભેદ આરંભ કરતાં પહેલાં અમારે ખાસ એક વાત ઉપર ધ્યાન ખેંચવું છે. પ્રભુના ગુણોનો પાર નથી. પ્રભુના ધર્મ પ્રભુની લીલા વિગેરે પ્રભુરૂપ છે અને તેથી જ પ્રભુની માફક તે નિરોધ કરે છે. તેમાં ઓછાવત્તી-ન્યૂનાધિકતા-થતી નથી. માટે પ્રભુના ગુણુગાન કરનાર વકતા સારો હોય તો સારૂં શ્રવણ અને ગુણુગાન સંભળાવે, ભાવની વૃદ્ધિ કરે, પણુ ગમે તેવો નીચ વકતા હોય તો તેમાં રહેલી યોગ્યતા સારી નહિ હોવાથી તેમાથી શ્રોતાનો સારો ભાવ રહેતો નથી. જેથી કરીને પ્રભુના ગુણુગાનમાં કાંઈ વિકાર થતો નથી, માત્ર ખરાબ હોવાથી જળને ખરાબ બનાવે છે. ભગવાન આકાશાદિ આધારમાં તે રૂપે રહે છે અને તે તે કાર્ય કરે છે. વકતાને વૈષ્ણવી દીક્ષા (બ્રહ્મ સંબંધ) હોવું જ જોઇએ કારણ કે અવૈષ્ણુવ વકતા હોઈ શકે નહિ એ તો ધ્યાનમાં જ રાખવું,

मूलम्–नमस्कृत्य हरिं वक्ष्ये तद्गुणानां विभेदकान् ॥

भावान् विंशतिधा भिन्नान् सर्वसंदेहवारकान् ॥ १ ॥

અન્વયાર્થ—**हरिम्** હરિને **नमस्कृत्य** નમસ્કાર કરીને **तद्गुणानाम्** હરિના ગુણોને ઉત્કર્ષ કરનાર ધર્મોના **विभेदकान्** અનેક ભેદોને કરનાર **विंशतिधा** વિસે પ્રકારે **भिन्नान् भावान्** જીવોના જુદા જુદા ભાવોને **सर्वसंदेहवारकान्** ગુણ સ્વરૂપ અને ફલ વિષયક સર્વ સંદેહ દૂર કરનારને **वक्ष्ये** કહીશ (૧)

અર્થ––શ્રી કૃષ્ણ પરમાત્માને નમસ્કાર કરીને તેમનાં ગુણોને ભેદ કરનાર જીવોના ભાવને સર્વ સંદેહોને મટાડનાર વિસ પ્રકારના જુદા જુદા ભાવનું નિરૂપણ કરીશ.

**જલ કેટલા પ્રકારનાં અને ભાવ કેટલા તેનો નિર્ણય કરે છે.**

मूलम्—गुणभेदास्तु तावन्तो यावन्तो हि जले मताः ॥

અન્વયાર્થ—**यावन्तः** જેટલા **हि** **निश्चवे** **जलभेदाः** જલના ભેદ છે. **तावन्तः** તેટલા **गुणभेदाः** વકતાના ગુણના ભેદો છે.

અર્થ:—જેટલા જળના ભેદો તૈત્તરીય શ્રુતિમાં ગણાવેલા છે. તેટલા જ ભેદો વકતાનાં ગુણનાં છે.

**આ ગ્રંથમાં ગાયકનો ભાવ કુવાના જળ જોડ સરખાવી પહેલો ભાવ બતાવે છે.**

मूलम्—गायकाः कूपसंकाशा गंधर्वाः इति विश्रुताः ॥२॥

कूपभेदास्तु यावन्तस्तावन्तस्तेऽपि संमताः

અન્વયાર્થ—**यावन्तः** જેટલા **कूपभेदाः** કુવાના જળના ભેદ છે **तावन्तः** તેટલા **ते** તે **कूपसंकाशाः** કુવાના જેવા ઉષ્ણ ઋતુમાં ઠંડુ જળ આપે શિયાળામા જરા ઉષ્ણ જળ આપે એવા) **गायकाः** ગાનમાં કુશળ. **गन्धर्वाः** ગન્ધર્વો **इति** એ પ્રકારે વેદ પુરાણમાં **विश्रुताः** પ્રસિદ્ધ છે.

**અર્થ**—કેટલાક કૂપ ઉત્તમ છે. જેવા કે જગન્નાથપુરીમાં પુરુષોત્તમ કૂપ, દ્વારકામાં દામોદરકૂપ, વ્રજમાં ગોપકૂપ છે.

ગંધર્વ એ જાતના ગાયન કરનારા જ છે. કૂપનાં જળ જેવા છે એટલે તે જેટલા કૂપના ભેદો છે તેટલાં ભેદોવાળા ગંધર્વો છે.

ગન્ધર્વ

૧. **कूप्यास्थः स्वाहा** પ્રથમ આપણે ગન્ધર્વનો વિચાર કરીએ આપણે તો પૃથ્વી, સ્વર્ગ વિગેરે સર્વ વકતાનો વિચાર કરવો છે. ગન્ધર્વ પ્રભુના ગુણગાન કરનારા છે. તેમાં જે સારો ગન્ધર્વ હોય તો તે સારાં કુવાનાં જળ જેવા છે. જે વિષયાસકત છે તે નઠારા કુવાના જળ જેવા છે, કુવા બે પ્રકારના, સારા, નઠારા, કોઈ ગન્ધર્વ સારા, અને નઠારા પણ છે. ઉપબૃંહણ નામનો ગન્ધર્વ હતો. તેની આસકિત સ્ત્રીમાં અધિક હતી, ગુણગાન વખતે તેના સ્વચ્છંદાચરણને લીધે તેને વિશ્વસૃગ્ ઋષિનો શાપ થયો હતો. નારદના પૂર્વજન્મમાં તેમ જ શૂદ્રાવસ્થામાં પણ ઉત્તમ શ્રવણથી તેમને નારદપણું મળ્યું હતું. ચિત્રકેતુ ગન્ધર્વ પરમ ભગવદીય હતો તે પ્રભુના ગુણગાનના જ પ્રભાવે ભકત થયો હતો.

માટે ગન્ધર્વમાં બે જાત-ઉત્તમ અને કનિષ્ઠ, ઉત્તમ ગ્રાહ્ય અને કનિષ્ઠનો ત્યાગ કરવો.

આ તો સ્વર્ગની વાત થઈ પણ હવે પૃથ્વી ઉપરની વાત કરીએ. આપણને પુરાણીઓ દરેક મંદિરમાં કથાના વકતા જોવામાં આવે છે, તેનો વિચાર બીજા નંબરે કરીએ.

**નહેરના જળ જોડે પુરાણ વાંચનારને વકતાનો બીજો ભાવ સરખાવ્યો છે.**

**मूलम्—कुल्याः पौराणिकाः प्रोक्ताः पारंपर्ययुताः भुवि ॥**

અન્વયાર્થ—**भुवि** પૃથ્વી પર **पारम्पर्ययुताः** ગુરુપરમ્પરાથી પુરાણજ્ઞાન મેળવેલા **पौराणिकाः** પુરાણને ભણનારા, જાણનારા **कुल्याः** નહેરના જળ જેવા સારા જાણવા.

**અર્થ**—પૃથ્વી ઉપર પરંપરથી પુરાણ વિગેરેને અર્થ જાણી પુરાણ વાંચનારા કૃત્રિમ નદી (નહેર)નાં જળ જેવા છે, (આ ભાવ ઉત્તમ છે.)

## પુરાણી-વ્યાસજી ભટજી

૨. "**कुल्याभ्यः स्वाहा**"[1] નદીમાંથી જળ લાવવા માટે નહેરો કરવામાં આવે છે. નદીમાં જળ હોય તો જ નહેરોમાં આવે. માટે નહેરને પરંપરાનો સંબંધ સારો જોઇએ, તેવી રીતે પુરાણી જો ભગવદ્-શાસ્ત્રોને સમજનારા-શ્રીવાગધીશે કરેલા અર્થાનુસાર ભગવદ્લીલાને કોઈ ગુરુથી અથવા પિતાથી જાણેલી કે સાંભળેલી હોય તેવા પુરાણી આપણી ભાવવૃદ્ધિ કરી શકે છે.

## ક્ષેત્રમાં પેઠેલા જળના જેવો ત્રીજો ભાવ કહે છે

**मूलम्—क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः ॥**

અન્વયાર્થ—**क्षेत्रप्रविष्टाः** ક્ષેત્ર (દેહાસકત અને કુટુમ્બના પોષણાર્થે પુરાણ પાઠકો કે ગંધર્વો **संसारोत्पत्तिहेतवः** અહન્તા મમતાત્મક સંસારને ઉત્પન્ન કરનારા, લોભી હોય તો પણ ભાવનો નાશ કરે છે.

**અર્થ**:—ઉપર બતાવેલા પુરાણીઓ અને ગંધર્વો પર સ્ત્રી કે દેહાદિકમાં આસકત હોય તો ખેતરમાં નહેરનું જળ પેઠા પછી જેમ બીજ ઉત્પન્ન કરે છે, તેવી રીતે તેમનો ભાવ ગ્રહણ કરવામાં આવે તો સંસારને જ ઉત્પન્ન કરનાર છે. (માટે અહંતા-મમતા યુકત લોભી પુરાણીનો ભાવ તજવો.)

---

१. कूप्याभ्यः स्वाहा । तद्भिध्यानादेव तल्लिङ्गात् सः । ब्रह्मसूत्र

પુરાણી

| ૧ | ૨ |
|---|---|
| ગુરુપરંપરાથી પુરાણ ભણેલાં (સારા) | **ધન સ્વાર્થી** વિષયી લોભી (કનિષ્ટ) |

૩. **વિકર્યાભ્યઃ સ્વાહા.** પણ જે પુરાણી સ્વાર્થી હોય, અને કોઈ પાસે ભણ્યા ગણ્યા વિના પોથી લઇ બેસે તેથી આપણી સાર્થકતા કંઈ થાય નહિ! તેમાં વળી પુરાણી કે ગન્ધર્વ જો વિષયી કે લમ્પટ ભગવન્નામ વિક્રયી હોય તો તેવાના મુખથી શ્રવણ કરવાથી કંઈ ફળ ન મળે. ઉલટું **વિકર્યાના** જળ જેવા બીજ–સંસારોત્પત્તિ–કરનારા નિવડે છે.

જેમ કેદારમાં (ક્યારડીમાં) નહેરનું પાણી લઈ જવાનો જે માર્ગ કરવામાં આવે તે **વિકર્યા** કહેવાય છે, તે ખેતરમાં જઇને જેમ ઉગેલા બીજને મોટું સંસારી વૃક્ષ કરે છે. તેમ વિષયી પુરાણી અને ગન્ધર્વ આપણા સંસારની મમતા વધારે છે જે પોતે બંધાયો છે. તે બંધાયલાને શી રીતે છોડાવશે? માટે તેવા તજવા.

હવે મનુષ્ય ગાયકોનો ચોથો ભાવ કહે છે.

**मूलम्—वेश्यादिसहिता मत्ता गायका गर्त्तसंज्ञिताः ॥४॥**

અન્વયાર્થ—**वेश्यादिसञ्ज्ञिताः** વેશ્યામાં આસક્ત. **मत्ताः** ઉન્મત્ત. **गायकाः** ગાયકો **गर्तासंज्ञिताः** ખાડાના જળ જેવા છે.

**અર્થ**—ભગવાનનું કીર્તન કરનારા ગાયકો વેશ્યા કે અન્ય ગમે તે સ્વચ્છંદ ચાલનારી સ્ત્રીઓમાં આસકત હોય તો તે ખાડાના જળ જેવા કહ્યા છે. (આ ભાવ ગ્રહણ કરવા લાયક નથી.)

નીચ ગાયક

૪. "**अवद्याभ्यः स्वाहा**" હવે હર કોઈ ગાયકમાં જે કોઈ ગાયક કે વેશ્યા ગાયક હોય, અથવા વેશ્યાદિસ્ત્રીમાં આસકત ગાયક હોય.

તે આખી રાત અને આખો દિવસ ભગવદ્ ગુણને ગાય તે સાંભળવાથી કંઈ ભગવદ્ ભાવની વૃદ્ધિ થાય છે? કંઈ પણ ન થાય તે તો ભાવનો નાશ જ કરે. તે ગાયકો ગર્ત એટલે એઠા જળના ખાડાના જળ જેવા છે. શાસ્ત્રમાં "तस्मात् प्रदरकं नाचामेत्" શ્રુતિથી પ્રદર એટલે ગર્ત એઠું જળ, તેનો નિષેધ છે. તેમ આ ભાવ ગર્ત–ખાડાના જળના જેવા નીચ ભાવવાળો છે.

## હવે પાંચમો ભાવ કીર્તન ઉપર ગુજરાન ચલાવનારાનો કહે છે.

**मूलम्—जलार्थमेवगर्तास्तु नीचा गानोपजीविनः ॥**

**અન્વયાર્થ**—**नीचा** જાતિથી નીચ **गानोपजीविनः** ગાનથી જ પેટ ભરનારા **जलार्थम् एव गर्ताः** એઠા જળના ખાડાના જ જેવા છે. (તેમનો સંગ ન કરવો.)

**અર્થ**—જે ભગવાનના કીર્તન ઉપર જ ગુજરાન ચલાવનારા છે તે નીચ ખાડાના જળ જેવા છે.

૫. "**स्वभावस्यः स्वाहा**" જેમ આપણે હાથ પગ ધોવા, કોગળા કરેલા જળને ભરવા માટે ખાડા (ખાળકૂંડા) કહીએ છીએ. તે જળનો એક પણ છાંટો આપણને અપવિત્ર કરે છે. તે **નીચ** જાતિ પાસે ગુણગાન સંભળાય નહિ. કેટલાક યવનાદિ જાતિ પાસે ભગવાનનાં કીર્તન સાંભળી તે દ્વારા કૃતાર્થ માને છે. તે તેમની ભૂલ છે, નીચના મોઢામાંથી પણ ભગવાનનું ગાયન છે ને? એવી દલીલ કરે છે તે ખોટી છે, તેનો ભાવ ખાળકુંડાના જળ જેવો હોવાથી તેના મુખનું શ્રવણ તમને ખાળકુંડાના જળની માફક અપવિત્ર જ કરશે.

**તમને ઘણા પંડિતો વ્યાખ્યાન કરનારા મળશે. તેથી તેનો વિચાર પણ કરવો જોઈએ.**

**પંડિતોમાં પાંચ ભાગ પાડીશું.**

હવે પંડિતોના છઠ્ઠા ભાવનું નિરૂપણ કરે છે.

**मूलम् ह्रदास्तु पंडिताः प्रोक्ता भगवच्छास्त्रतत्पराः**

**અન્વયાર્થ—भगवच्छास्त्रतत्पराः** ભગવાને કહેલા ગીતા, ભાગવત, પઞ્ચરાત્ર-વરાહ પુરાણાદિમાં નિષ્ઠ (કુશળ) **पण्डिताः** પણ્ડિતો **ह्रदाः** અગાધ જળના ધરા જેવા ગંભીર ઉત્તમ **प्रोक्ता** કહેલા છે.

**અર્થ**—જે નદીની અંદર અગાધ જળના ધરા હોય છે તેવા ભગવત્શાસ્ત્રમાં તત્પર રહેનારા પંડિતો હોય છે.

પંડિત

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ભગવત્શાસ્ત્ર તત્પર (મધ્યમ) | ગંભીર સંદેહનિવાસ (મધ્યમ) | પ્રેમયુક્ત (બેગુણ સાથે) (ઉત્તમ) | અલ્પશ્રુત-પણ પ્રેમવાળા (कनिष्ठ) | કર્મશુદ્ધ અલ્પ શ્રુતભક્તિ (कनिष्ठ) |

૬, **ह्रदाभ्यः स्वाहा** પણ્ડિત એટલે સમજ્યા? પણ્ડા એટલે બુદ્ધિ, શાસ્ત્રને અભીષ્ટ અર્થ હોય તે અર્થને ગ્રહણ કરવાની બુદ્ધિ હોય તે પણ્ડિત કહેવાય, ભગવતશાસ્ત્રનો અભીષ્ટ અર્થ દર્શાવનાર શ્રીવાગધીશ છે, તે શ્રી મહાપ્રભુજીની વાણીનો બરોબર અભ્યાસ કર્યો હોય તો જ તેને સમજાય, આપણે શ્રીસુબોધિની-નિબંધાદિના અભ્યાસ કરનારનો વિચાર આગળ કરીશું.

જેમ હ્રદનું પાણી-શીતલ હોય છે. ગંભીર હોય છે. સ્નાન-પાન-આચમનમાં ઉપયોગી છે તેમ આ ભગવચ્છાસ્ત્રમાં તત્પર પંડિત સારા છે, પણ તે શાસ્ત્રમાં જ તત્પર છે. ભગવત્પ્રેમ હજુ બાકી છે, માટે શાસ્ત્રમાં તત્પરતાથી તેમને મધ્યમ કોટીમાં લઈશું અને તેમનો ભાવ તેટલામાં સારો ગણીશું. માટે ધર્મ જ્ઞાન ઉપરાંત ભગવત્પ્રેમ જોઈએ.

હવે સંદેહ નિવારણ કરનારાઓનો સાતમો ભાવ કહે છે

मूलम्—संदेहवारकास्तत्र सूदा गंभीरमानसाः ॥

અન્વયાર્થ—तत्र ઉપર કહેલા પણ્ડિતોમાં **संदेहवारकाः** શ્રોતાઓના શાસ્ત્રસન્દેહને દૂર કરનારા **गम्भीरमानसाः** શ્રોતાના હૃદયને સમજીને ઉપદેશ આપે એવા ગંભીર મનવાળા, **सूदाः** વાવના સ્વાદુ જળ જેવા સત્સંગ કરવા લાયક છે.

અર્થ—ઉપર બતાવ્યા પ્રમાણે જે ભગવત્‌શાસ્ત્રમાં તત્પર રહેનારા પંડિતોમાં જે સંદેહને નિવારણ કરનારા ગંભીર મનવાળા ઉત્તમ પંડિતોનો ભાવ વાવના જળ જેવો સારો છે.

૭. "**सूद्याम्भः स्वाद्व**" તેમાં વળી જે ગંભીર પંડિતો સંદેહને દૂર કરનારા છે શિષ્યની યોગ્યતા જોઇને તેમના અધિકાર પ્રમાણે જ તેટલો જ બોધ આપે સર્વ શાસ્ત્રાર્થ ઠાલવી ન દે એવા ગંભીર હોય છે, માટે તે 'સુ' સારૂં સુસ્વાદુ–સારા ગુણવાળું જેમાં ઉદ એટલે જલ છે તે સૂદ કહેવાય. તેવા સ્વાદુ જલ જેવા સારા ગણાય. પણ શાસ્ત્ર જ્ઞાન જોડે આપણો ભગવત્પ્રેમ જોઈએ. તે પ્રેમ તો આગળ આઠમામાં બતાવવામાં આવશે. આ ભાવ સારો ગણીને તેને ગ્રાહ્ય છે, એમ કહીશું અને મધ્યમ કોટીમાં મૂકીશું. છઠ્ઠા ભેદમાં આ પંડિત સન્દેહ દૂર કરનાર અને ગંભીર હોવાથી ઉત્તમ છે. (મર્યાદા છે)

મર્યાદાને અનુસરતા બે ભાવ કહી હવે પુષ્ટિને
અનુસરતો આઠમો ભાવ કહે છે.

मूलम्—सर कमलसम्पूर्णाः प्रेमयुक्तास्तथा बुधाः ॥६॥

અન્વયાર્થ—**बुधाः** ઉપરના પણ્ડિતો પૈકી **प्रेमयुक्ताः** ભગવ-પ્રેમવાળા પંડિતો **सरःकमलसम्पूर्णाः** કમળની સુગંધીવાળા સરોવરના જળ જેવા ઉત્તમ છે.

**અર્થ**—સરોવરમાં કમલ કડે જળ પૂર્ણ થઈ સુંદર સુગંધવાળું જળ હોય, તે જળ જેવા પ્રેમવાળા પંડિતો છે.

૮. **"સરસ્થાભ્યઃ સ્વાહા"** હવે પંડિતોમાં ઉત્તમ ભાવ અમે કહીએ છીએ. આ ભાવવાળા પંડિત સરોવરમાં જેમ કમળ હોય છે તેવા કમળમાં ભરેલા જળવાળા સરોવરો જેવા આ પંડિત છે. આ પંડિતમાં શાસ્ત્રજ્ઞાન સંદેહવારક છે. અને ભગવાનમાં પ્રીતિ છે. આવા પંડિતો છે. આપણને જરૂર સાર્થક કરે, પ્રભુના પ્રેમ સાથેનું શાસ્ત્ર શ્રવણ કંઈ ઓરજ રંગ ચઢાવે છે. તેથી કમળવાળા સરોવરની જોડે સરખાવ્યા છે તે યોગ્ય જ કર્યું છે. આપણી કહેવત છે કે સોનું અને સુગંધ સાથે જ રહે તો કેવું સારું થાય-તેવું આ પંડિતમાં હોવ છે.

**ઉપરના ભાવથી જરા નીચા દરજ્જાનો નવમો ભાવ કહે છે.**

**मूलम्—अल्पश्रुता प्रेमयुक्ता वेशंताः परिकीर्तिताः ॥**

અન્વયાર્થ—**अल्पश्रुताः** શાસ્ત્રીય જ્ઞાન થોડું હોય પણ **प्रेमयुक्ताः** પ્રભુમાં પ્રેમવાળા હોવાથી **वेशान्ताः** અલ્પ સરોવર જેવા છે.

**અર્થ**—થોડા જ્ઞાનવાળા અને અલ્પ પ્રેમવાળા પંડિતો તળાવના જેવા છે. (આ ભાવ સાધારણ છે.)

**'वैशन्तीभ्यः स्वाहा'** જેમનું શાસ્ત્ર શ્રવણ અલ્પ છે, પણ ભગવદ્વિષયક પ્રેમ પણ અલ્પ છે તે અલ્પ સરોવર જેવા છે. નાના જળાશયમાં ભેંસ કે પાડા પડે તો તે જળડોળીને મેલું કરી દે છે. તેવી રીતે શાસ્ત્રજ્ઞાન ન હોવાથી તેમ પ્રેમ પણ અલ્પ છે તેથી ખરેખર તેમને **વિજાતીયના** (અન્ય માર્ગીયના) સમાગમમાં આવતા તેમનો ભાવ બગડી જાય છે. કારણ કે શ્રીમહાપ્રભુજીની વાણીનો યથાર્થ રહસ્ય સમજેલો નહિ હોવાથી, તેમ જ પ્રેમ પણ યથાર્થ નહિ હોવાથી તે અન્યના ફંદામાં જલ્દી આવીને તેમનો ભાવ બગાડે છે તેવા વકતા આપણું કંઈ પણ ધોળી નહિ શકશે, માટે એવા પંડિતને કનિષ્ઠ જ ગણીશું.

"હવે દશમો ભાવ કહે છે."

मूलम्—कर्मशुद्धाः पल्वलानि तथाल्पश्रुभतिक्तायः ॥७॥

અન્વયાર્થ—कर्मशुद्धाः ભગવદર્પિત કર્મથી શુદ્ધ ચિત્તવાળા अल्पश्रुतिभक्तयः અલ્પ ભગવતશાસ્ત્ર શ્રવણ અને અલ્પભક્તિવાળા પંડિતો. તે पल्वलानि અલ્પ સરોવર જેવા છે.

અર્થ—કર્મથી શુદ્ધ, પણ શાસ્ત્રશ્રવણ તથા ભક્તિ થોડી હોય, તેવાનો ભાવ નાની તલાવડી જેવો છે.

૧૦. "पल्वल्याख्यः स्वाहा" હવે આપણે કોષ્ટકમાં બતાવ્યા પૈકી પાંચમાં વર્ગના પંડિત લ્યો. તેમને પ્રેમ અને ભગવતશાસ્ત્રનો અભ્યાસ અલ્પ છે. પણ નવમા કરતાં અલ્પ છે તે કર્મશુદ્ધ છે. કર્મશુદ્ધ બે પ્રકારે થાય. ભગવાનને સર્વ કર્મ અર્પણ કરે અથવા કર્મનો (નાશ) નિર્હાર કરવાનો કર્મ કરે. લોકેષણા–વિત્તેષણા–દારેષણા–આ ત્રણ ઈષાણાનો ત્યાગ–કર્મ કરવાથી થાય છે. એવું [1]શાસ્ત્રવચન છે. આવા પંડિતો પલ્વલના જળ જેવા છે, ખાબોચીયાના જળ જેવા છે. કર્મશુદ્ધ હોવા છતાં તેમાં પ્રેમ શાસ્ત્રશ્રાવણ બન્નેને અલ્પ જળાશયના જળને જેમ પાડા–કે ભેંસ અંદર પડીને તેના જળ ડોળી નાંખે છે. તેમ આ પંડિતનો ભાવ અન્યના સમાગમથી ભ્રમિત થાય છે. આપણે આવા પંડિત ખપતા નથી માટે તેમને પણ કનિષ્ઠ વર્ગમાં મૂકીશું.

હવે વરસાદના જળને અનુસરતો અગીયારમો ભાવ કહે છે.

मूलम्—योगध्यानादि संयुक्ता गुणा वर्ष्याः प्रकीर्तिताः ॥

અન્વયાર્થ—योगध्यानादिसंयुक्ताः ચીત્તવૃત્તિનિરોધ કરી પ્રભુના ધ્યાનમાં રહેલાના गुणाः ગુણો वर्ष्याः વરસાદના જળ જેવા प्रकीर्तिताः કહેલા છે.

---

૧. "कर्मणा कर्मनिर्हारः"

**અર્થ**—આઠ પ્રકારના અંગવાળા યોગ અને ધ્યાન વિગેરે કરનારા ગુણો વરસાદના જળ જેવા છે.

## યોગી

૧૧. "**वर्षाम्बः स्वाहा**" તમને યોગી વક્તા મળે તો શું કરવું? તેમની પણ હવે પરીક્ષા કરીએ? જે યોગ ભક્તિસાધક હોય છે. તેની જ વાત કરીશું. બીજા હઠયોગ ઇત્યાદિની જરૂર નથી, જે યોગ શ્રી મહાપ્રભુજીએ નિબંધમાં ગ્રાહ્ય કહ્યા છે. તે ગ્રહણ કરવો. હાલ તો એટલું જ કહીએ છીએ કે–જે યોગ ભક્તિસાધક છે. તેનો વિચાર છે.

યોગી સ્વતંત્ર હોય છે. તેઓ ભગવલ્લીલા વિગેરેનું ધ્યાન પણ ધ્યાન ધારણામાં કરતા હોવાથી તે ભગવલ્લીલાનું ગાન કરી શકે છે. પણ તે સ્વતંત્ર છે. તેથી વરસાદનું જળ જેમ જ્યાં પડે ત્યાં જ ગુણકારી છે, તે ચાર માસમાં પોતે જળાશયને ભરે છે તેવી રીતે તે યોગી કોઈ વખત જ કોઇને જ ફળદાયક નીવડે છે. કુયોગીની આ વાત જ નથી. **विदुरकाष्ठाय मुहुः कुयोगिनाम्** પ્રભુ કુયોગિથી તો સો ગાઉ દૂર છે. પણ સારા યોગી હોય તો તે કૃતાર્થ કરે. પણ કોઇકને જ કોઈ વખત જ તે લાભકારક છે. માટે સર્વોપયોગી તો નથી, જેને લાભકારક છે તેને માટે તે મુબારક હો. "**यतः सन्धार्यमाणायां योगिनो भक्तिलक्षणः**" ॥ "**चतुर्भुजं कञ्जरथाङ्गगदाधरं धारणया स्मरन्ति**" ॥

**હવે પરસેવાના જળ જેવો હલકો બારમો ભાવ કહે છે.**

**मूलम्—तपोज्ञानादिभावेन स्वेदजास्तु प्रकीर्तिताः ॥८॥**

**અન્વયાર્થ—तपोज्ञानादिभावेन** તપ અને સેશ્વર સાંખ્યાદિ-જ્ઞાનવાળા હોવાથી **स्वेदजाः** પરસેવાના જળ જેવા પોતાના શરીરને જ ડંડક આપે બીજાને નહિ **तु** તો–**प्रकीर्तिताः** કહેલા છે.

**અર્થ**—શરીર વિગેરેને બહુ જ કષ્ટ આપી કરેલું તપ, અને

(ઇશ્વરને માનનારા) સાંખ્ય જ્ઞાન વિગેરેથી યુકત જે ભાવ હોય, તે તો જળ જેવો છે.

## તપસ્વી

૧૨. "**अवष्यायिन्य: स्वाहा**"। હવે આવ્યા તપસ્વી શરીરેન્દ્રિયને તપાવે, કઠિનચાન્દ્રાયણાદિ અનશન વ્રત કરે, સેશ્વર સાંખ્ય જ્ઞાનવાળા તે તપસ્વી હોય, તપ વિગેરે શરીરશોષણ આદિનો વિચાર આપણે અત્યારે ઉપયોગી નથી આવા વકતા પરસેવાના જળબિન્દુ જેવા છે. તે જેમ જેને પસીનો આવ્યો તેને ઠંડક-શાંતિ-ગુણાકાર છે, તેવી રીતે આ તપસ્વી પોતાનું કલ્યાણ ભલે કરે, પણ તે વકતા ભગવદ્ ગુણનું ગાન ગાઇ આપણું કાર્ય સાધે નહિં. તેમ ભકિતભાવ પણ પ્રકટાવી ન સકે. માટે તે આપણે માટે નિરુપયોગી તપ સારૂં છે. અને તે તપસ્વીને જ મુબારક છે. તેમાં અમારી જરાય ના નથી.

**હવે કીર્તન કરનારના ઉત્તમ તેરમા ભાવને કહે છે.**

**मूलम्—अलौकिकेन ज्ञानेन ये तु प्रोक्ता हरेर्गुणाः ।**
**कादाचित्काः शब्दगम्याः पतच्छब्दाः प्रकीर्तिताः ॥९॥**

અન્વયાર્થ—**अलौकिकेन** અલૌકિક ભગવત્કૃપાથી થયેલ **ज्ञानेन** જ્ઞાન વડે **हरे ये गुणाः** હરિના જે ગુણો **प्रोक्ताः** કહેલા છે. **कादाचित्काः** કદાચિત્ કોઇ વિશેષ સમયે **शब्दगम्याः** આપ્ત વાકયથી જણાવેતા ભગવાનના રહસ્ય ગુણો **पतच्छब्दाः** પર્વત ઉપરથી પડતી ધારા જેવા શુદ્ધ સ્વચ્છ ઠંડા માધુર્યયુકત **प्रकीर्तिताः** કહેલા છે.

અર્થ—ભગવત્કૃપાથી થએલા જ્ઞાન વડે જે પ્રભુના ગુણો ગાવામાં આવે. તે ગુણો કોઇ વખત મળતા, શબ્દથી જણાતા, પડતા ધોધવાના જળ જેવા છે. (કેમકે આ ગુણો કોઇ વખત મળતા અને ભગવત્ જ્ઞાનના શબ્દોથી જ જણાય છે. અને તે ઉત્તમ ગ્રહણ કરવા લાયક છે.)

## કૃપાપાત્ર ભક્ત

૧૩. "હ્રદિનીભ્યઃ સ્વાહા' હવે ભગવત્કૃપાવાળાની વાત કરીએ. પડવાથી ચારે તરફ જેનો હ્રાદ-શબ્દ-જાય છે તેવા પડતા જળના જેવા આ ભક્તો છે. મધુર અને મનોહર જળ આ હોય છે. દેખાવ પણ સુંદર હોય છે, એવું આ ભગવદીયનું જ્ઞાન ભગવાનની કૃપાથી થયેલું અથવા મોટાના અનુગ્રહથી થયેલું છે, તે અલૌકિક અર્થ પ્રકાશક જ્ઞાનવાળા હોવાથી લોકથી વિલક્ષણ હોય છે. સામાના જ્ઞાનનો પ્રત્યાભાસ હોવાથી અધિકારીના જ્ઞાનની તે કસોટી કરી તે ભગવદ ગુણગાન-કીર્તન કરે છે. અને તે ઘણા જ ઉપયોગી થઇ પડે છે માટે તે ગ્રાહ્ય છે. જેમ આપ્તવાક્ય આપણું કામ સાધે છે, તેમ આપ્તજન કૃપાપાત્ર ભગવદીયો આપણું કલ્યાણ જ કરે છે. માટે આવા ભગવદીયો મળશે. તેમની શોધખોળ કરતા રહેશો.

## હવે ચૌદમો સાધારણ ભાવ કહેવાય છે.

**મૂલમ્—દેવાદ્યુપાસનાદ્‌ભૂતાઃ પૃષ્વાઃ ભૂમેરિવોદ્ગતાઃ ॥**

**અન્વયાર્થ—દેવાદ્યુપાસનદ્‌ભૂતાઃ** ભગવાનની વિભૂતિરૂપ દેવોની ઉપાસનાથી ઉત્પન્ન થયેલા ભાવવાળા **ભૂમેઃ** પૃથ્વીથી **ઉદ્ગતાઃ** નીકળેલા **પૃષ્વાઃ** જળના પરપોટા જેવા-અથવા હિમના બિન્દુ જેવા જાણવા-(ભજનના જેવું સામ્ય છે પણ તેમાં ભજન નથી.)

**અર્થ**—ભગવાનની વિભૂતિરૂપ દેવોની ઉપાસનાથી ઉત્પન્ન થએલા પૃથ્વી ઉપર ટીપાં બાઝેલા ઝાકળના જળના જેવા છે.

## અહંકારી ઉપાસક

"**પૃષ્વાભ્યઃ સ્વાહા**" હીમથી, ઝાકળથી, બાઝેલા જળબિન્દુ તે પૃથ્વી જળ કહેવાય શ્રૌત અને પૌરાણિક બે પ્રકારના દેવોની તે ઉપાસના કરે છે. આ ઉપાસના શિવની અગ્નિની-દુર્ગાની-ગણપતિની હોય

કે ગમે તેની હોય તેની અમારે પંચાત નથી, પણ તે ઉપાસનાથી જે ફળ મળ્યું હોય તે કોણે અપાવ્યું. તેનું ભાન તે નથી રાખતા. ગીતાજીમાં કહેલું છે કે સર્વ ફળને તે તે દેવતાઓ દ્વારા પ્રભુ જ શ્રીકૃષ્ણ અપાવે છે એવું ભાન ભૂલી જાય છે. ભાન ભૂલે એટલું જ નહિ ઉપરાંત પોતે પણ અહંકારી બને મેં આ બળ કેળવ્યું છે તેથી હું બળવત્તર છું. તેથી નીહારનું જળ જેમ નિરૂપયોગી છે તેમ આવા અહંભાવુકનો ભાવ ઉપયોગી નથી.

**હવે ઝરણાના જળ જેવો પંદરમો ભાગ કહે છે.**

**મૂલમ્—साधनादिप्रकारेण नवधा भक्तिमार्गतः ॥१०॥**
**प्रेमपूर्त्या स्फुरद्धर्माः स्यंदमानाः प्रकीर्तिताः ॥**

**અન્વયાર્થ—साधनादिप्रकारेण** વર્ણાશ્રમાદિ ધર્મ અને નિષ્કામ કર્મ કરનારા **नवधा भक्तिमार्गतः** નવ પ્રકારના ભક્તિમાર્ગથી થયેલ **प्रेमस्फूर्त्या** ભગત્પ્રેમ હૃદયમાં વ્યાપ્ત થતાં **स्फुरद्धर्माः** ભગવદ્ધર્મો હૃદયમાં સ્ફુરતાં તેમના ભાવ. **स्यन्दमानाः** ઝરણાના જળ જેવા સુંદર–પવિત્ર **प्रकीर्तिताः** કહેલા છે.

**અર્થ**—સાધનના પ્રકારથી (મર્યાદામાર્ગીય) નવ પ્રકારની ભક્તિથી ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થયા પછી જે ધર્મો સ્ફુરાયમાન થાય તે ધર્મો ઝરણાના જળ જેવા છે.

### મર્યાદા ભક્ત

૧૫. "**स्यदामानास्वः स्वाद्दा**" (મર્યાદા) વર્ણાશ્રમ ધર્મયુક્ત નવધા ભક્તિમાર્ગ પાળનાર આ પંદરમા ભક્ત છે. તે ભક્ત ઝરણાના જળ જેવા સારા છે. આ જળ જેમ સ્નાન–પાન–આચમનમાં ઉપયોગી અને ભૂમિને શીતલ કરે છે–તેવી રીતે આ ભગવદીય–દર્શન કરનારના અને શ્રવણ કરનારના તાપને હરી શીતલ કરે છે. પોતાને પણ કૃતાર્થ કરે છે." માટે મધ્યમ છે. આમાં કંઇક વૃદ્ધિ ક્ષય થાય જ. તેમાં આ મર્યાદા ભક્તમાં સંગ રંગ પ્રમાણે વૃદ્ધિ થાય, પણ તે ઉપયોગી છે.

હવે સ્થિર જળને અનુસરીને સોળમો ભાવ કહે છે.

मूलम्—यादृशास्तादृशाः प्रोक्ता वृद्धिक्षयविवर्जिताः ॥११॥
स्थावरास्ते समाख्याता मर्यादैकप्रतिष्ठिताः ॥

અન્વયાર્થ—**यादृशाः** જે પ્રકારે ઉપર વર્ણાશ્રમ અને નવધા ભક્તિમાર્ગનો સાધન પ્રકાર કહ્યો. **तादृशाः** તેવા ગુણાધારો **वृद्धिक्षय-विवर्जिताः** વધે નહિ, ઘટે નહિ. **मर्यादैकप्रतिष्ठिताः** કેવળ મર્યાદામાં જ રહેલા એવા ભાવોને **मया** મેં **स्थावराः** સ્થાવર (એક જ સ્થાને રહેલા ગંભીર સ્થાવર જળ જેવા **ख्याताः** કહેલા છે. સ્વસ્થાને રહીને જ સર્વને ઉપકાર કરનારા છે.

**અર્થ**—ઉપર બતાવેલા સાધનો પ્રમાણે વર્તનારા અને શાસ્ત્રોમાં જે ધર્મો કહ્યા છે તે ધર્મો પાળનારા, વધતા કે ઘટતા ધર્મો પાળ્યા સિવાય પોતાની મર્યાદામાં જ રહેનારાનો ભાવ સ્થિર રહેનારા જળના જેવો છે.

૧૬. "**स्थावराभ्यः स्वाहा**" હવે તમને ભાવમાં વૃદ્ધિક્ષય વગરનાને કહું. (**મર્યાદામાં** આ ભકત રહેનાર છે.) આ જળ સ્થાવર જળ જેવા છે જ્યાં છે ત્યાં જ આ જળ સ્થાવર છે. ઉપયોગિ છે, ઝરણાની માફક આગળ પાછળ દૂર જઈને ઉપયોગી ન જ થાય, પણ નવધા ભક્તિમાર્ગના સાધનથી આ ભકતે ભકિતનો માર્યાદિક રીતિથી સંગ્રહ કર્યો છે. તેથી તેની પાસે જાય તે વખતે તેમની પાસે જેવો સંગ્રહ તેટલા તે ઉપયોગી છે. વિશેષ અનુગ્રહ કરી દઈ તમારો ઉદ્ધાર કરી દે, એવી આશા તો ન જ રખાય. માટે આ કક્ષાને પણ જાણી તેનો સંગ કરવો, તેમને મધ્યમ કહીશું.

હવે નદીના સરખો સત્તરમો ઉત્તમ ભાવ કહે છે.

मूलम्—अनेक जन्मसंसिद्धाजन्मप्रभृति सर्वदा ॥१२॥
सञ्जाता दिगुणदोषाभ्वां वृद्धिक्षययुता भुवि ।
निरन्तरोद्गमयुताः मद्यस्ते परिकीर्त्तिताः ॥१३॥

**અન્વયાર્થ—अनेकजन्मसंसिद्धाः** પૂર્વના અનેક જન્મથી સિદ્ધ થયેલા **जन्मप्रभृति** આ જન્મથી આરંભી **सर्वदा** હંમેશાં **सङ्गादिगुणदोषाभ्याम्** સઙ્ગના જેવા ગુણુ અને દોષથી **वृद्धिक्षययुताः** વૃદ્ધિ અને ક્ષય પામનારા ભાવોને **भुवि** પૃથ્વીમાં **निरन्तरोद्गमयुताः** નિરંતર નીકળતા પ્રવાહવાળી **नद्यः** નદીઓના જેવા ભાવવાળા જાણુવા.

**અર્થ**—પહેલાંના ઘણાં જન્મોમાં કર્મ વિગેરે કરવાથી શુદ્ધ થયેલા અને જન્મ થયો ત્યારથી ગુણુ–દોષવાળા સંગથી વૃદ્ધિ તથા ક્ષયયુકત ભાવવાળા હંમેશાં અને ચાલતા પ્રવાહયુકત જે ગુણો નદીઓના જળ જેવા છે.

## અનેક જન્મથી સંસ્કારી

૧૭. "**नादेयीभ्यः स्वाहाः**" અનેક જન્મથી ગુણુદોષ પ્રાપ્ત થાય છે. કારણુ કે જેવો દેશ જેવો કાળ જેવાં કર્મ તેવા ગુણુદોષ વિગેરે જીવોને તે તે જન્મમાં સંગ્રહ થાય છે. ગુણુથી વૃદ્ધિ અને દોષથી ભાવ ક્ષય થાય છે. દુષ્ટસંગ–દુષ્ટદેશ–દુષ્કાળથી પણુ તેમનો ભાવ ક્ષય થાય છે. સત્સંગાદિથી વધે પણુ ખરો. આમ છતાં નિરંતર ઉદ્‌ગમવાળા છે, પાછળ કંઇક કંઇક ભાવનું પોષણુ થયા કરે છે. આવા ભકતો જ્યારે વૃદ્ધિમાં હોય ત્યારે સારા, ક્ષય ભાવ વખતે નકામા. નાની નદી જેવા છે. વૃદ્ધિ હોય ત્યારે સારી, શુષ્ક હોય તો, કે અલ્પ જળવાળી હોય તો તે નકામી નદીઓમાં "કર્મનાશા" કેટલીક સ્વભાવથી દુષ્ટ હોય છે. જેમકે ગંગાજી. તેવી રીતે આ ભાવ પણુ પરીક્ષા કરી સમાગમ કરવો. આ વૃદ્ધિ ક્ષય હોવાથી સારા અને સાધારણ બન્ને કહેવાય. સારા હોય તો ઉત્તમ નદી જેવા, સાધારણ હોય તો સાધારણુ નદી જેવા–જાણુવા.

**હવે સિન્ધુને અનુસરી અઢારમો ભાવ કહે છે.**

**મૂલમ્—एतादृशाः स्वतंत्राश्चेत् सिन्धवः परिकीर्तिताः ॥**

**અન્વયાર્થ—एतादृशाः** ઉપર જણાવેલા નદીના જેવા ભાવવાળામાં જે ભગવદીયો **स्वतंत्राः** સ્વતંત્ર છે. ભાવમાં વૃદ્ધિ ક્ષય વગરના સ્થિર ભાવવાળા છે તે **सिन्धवः** મહાનદ જેવા ઉત્તમ **प्रकीर्तिताः** કહેલા છે.

**અર્થ**—ઉપર કહેલા છે તે જો વૃદ્ધિ કે ક્ષય વગરના સ્વતંત્ર ગુણવાળા હોય તો મહાનદી સિન્ધુ જેવા છે.

**મહાભકત**

૧૮. **"सैन्धवीभ्यः स्वाहा"** હવે સિન્ધુ જેવા મહાનદની જોડે સરખાવતા એક ઉપયોગી ભકતની વાત કરૂં છું. વૃદ્ધિક્ષય વગરના સ્વતંત્ર અને નિરંતર કંઈક વૃદ્ધિ-ઉદ્‌ગમ ભાવનો વધારો જ કરનારા, અનેક જન્મથી સારા સંસ્કારી નિવડેલા હોય તો તેમનો ભાવ સિન્ધુ જેવો મહાન ગંભીર છે, આ જળ જેમ સારા વ્યવહારૂમાં આવે છે. સર્વ પ્રકારે ઉપયોગી છે, તેમ આવા સંસ્કારી પુરુષો જરૂર આપણા ભાવને વધારશે જ, માટે તેમનો સંગ કરવો. ગંગાજીનું જળ આપણે ઘેર આણીએ તો પણ પવિત્ર કરે છે અને ઉપયોગી છે, તેવી રીતે જરૂર આ ભકતના વચનામૃતો કૃતાર્થ કરે. ઘર પણ પાવન કરે છે.

**હવે ઉત્તમ ઓગણીસમા ભાવને સમુદ્ર સાથે સરખાવે છે.**

**મૂલम्—पूर्णा भगवदीया ये शेषव्यासाग्निमारुताः ॥१९॥**
**जडनारदमैत्राद्यास्ते समुद्राः प्रकीर्तिताः ॥**

**અન્વયાર્થ—पूर्णाः** પૂર્ણ જ્ઞાન ક્રિયા અને ભકિતના સાફલ્યયુકત **भगवदीयाः** પૂર્ણ ભકતો **शेषव्यासाग्निमारुताः** શેષ, વ્યાસ, અગ્નિ, (શ્રીમહાપ્રભુજી) મારૂત (વાયુ) **जडनारदमैत्राद्याः** જડ ભરત, નારદ, મૈત્રેય, આદિથી શિવ વિગેરે ભગવદીયો (વૈષ્ણવો) **समुद्राः** સમુદ્રના જળ જેવા ગંભીર અક્ષોભ્ય ઉત્તમ છે. તેમનો ભાવ સત્સંગ યોગ્ય છે.

**અર્થ**—શેષ, વ્યાસ, અગ્નિ, મારુત જડભરત નારદજી, અને મૈત્રેયજી, વિગેરે પૂર્ણ ભગવદીયો જ પ્રસિદ્ધ છે, તે સમુદ્ર જેવા છે.

પરમભગવદીય.

૧૯. "**समुद्रियाभ्यः स्वाहा**" હવે મહાન વ્યક્તિઓનો વિચાર આવ્યો. જેમને આપણે સમુદ્રની જોડે સરખાવીશું. જેવા કે શેષે, (સંકર્ષણે) સનત્કુમારને ઉપદેશ આપ્યો હતો, **વ્યાસ** ભગવાન બાદરાયણ અષ્ટાદશ પુરાણના રચનાર, એટલે ભગવાનના જ્ઞાનાવતાર, જેમણે સમાધિથી ભગવાનના સ્વરૂપનો અનુભવ કરીને ભાગવત કહ્યું. અને શુકને ભણાવ્યું, અગ્નિપુરાણવક્તા **અગ્નિ**. વાયુપુરાણવક્તા **મારુત**, રહૂગણને ઉપદેશ આપનારા **જડ**, **નારદ** પણ પ્રસિદ્ધ વૈષ્ણવ છે, જે નારદ સનત્કુમારશિષ્ય પ્રાચીનબર્હિના ગુરુ છે **મૈત્રેય** વિદુરને ઉપદેશ આપનારા છે. અને બીજા શિવ વિગેરે પણ ભગવદીય છે. સમુદ્રનું જલ જેમ ગંભીર, ડહોળી શકાય નહિ એવું, રત્નને ઉત્પન્ન કરનાર છે, તેવી રીતે તેમનો ભાવ ગંભીર, કોઈનાથી ડગાવી ન શકાય, અને નાના પ્રકારના ભાવવાળો હોય છે, તેમનામાં ભગવદ્‌ગુણો પણ ઉત્તમ હોય. તેમનો સંગ કરેલો ફળે, છે. તેમની સેવા પણ ફળે છે. એમનો સ્વરૂપથી અને ફલથી સમાગમ ઉત્તમ છે.

**હવે સમુદ્રોના જુદા જુદા ભેદના દાખલા આપી જુદા જુદા ભગવદીયોનું સ્વરૂપ દેખાડે છે.**

**मूलम्—लोकवेदगुणैर्मिश्रभावेनके हरेगुर्णान् ॥१५॥**
**वर्णयन्ति समुद्रास्ते क्षाराद्याः बट् प्रकीर्त्तिताः ॥**
**गुणातीतया शुद्धान् सच्चिदानंदरूपिणः ॥१६॥**
**सर्वानेव गुणान् विष्णोर्वर्णयंति विचक्षणाः ॥**
**तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्‌पानं सुदुर्लभम् ॥१७॥**

**અન્વયાર્થ—लोकवेदमिश्रभावेन** લોક અને વેદના મિશ્ર ભાવથી **हरेः** હરિના **गुणान्** ગુણોને (જેઓ) **वर्णयन्ति** વર્ણન કરે છે. **तेषाम्** તે ૭ પ્રકારના ભગવદીયો **क्षाराद्याः** ક્ષાર વિગેરે ૭ પ્રકારના સમુદ્રના જળ જેવા **प्रकीर्तिताः** કહેલા છે.

**गुणातीततया** ગુણાતીત પ્રભુના રૂપ–ગુણને સમજીને **सच्चिदानन्दरूपिणः** સચ્ચિદાનન્દ **विष्णोः** પરબ્રહ્મ આનન્દ વિગ્રહ વિષ્ણુના **शुद्धान् सर्वान् एव गुणान्** લોકવેદની મિશ્રતા વગર શુદ્ધ સર્વ ગુણોને **विचक्षणाः** ગુણાતીત પરાતત્પર તત્ત્વ રૂપે જાણનારા ભગવદીયો **अमृतोदाः** અમૃત સમુદ્રના જેવા **समाख्याताः** કહેલા છે. **तद्वाक्पानम्** તેવા ભગવદીયની વાણીનું પાન **सुदुर्लभम्** દુર્લભ છે.

અર્થ—લોકવેદ અને ગુણોએ કરીને મિશ્રભાવથી સર્વ દુઃખોને હણનાર એવા ભગવાનના ગુણોનું જે વર્ણન કરે છે. તે ક્ષારસમુદ્ર વિગેરે છ સમુદ્રના જેવા તેમને કહેલા છે. અને પ્રભુ ત્રણ ગુણોથી અતીત છે, અછેદ્ય અને શુદ્ધ સચ્ચિદાનંદરૂપ ભગવાનના સ્વરૂપને સમજીને જે ભગવાનના સર્વ ગુણોનું વર્ણન કરે છે, તેઓને અમૃતના જળ જેવા કહેલા છે. તેવાનું વાણિરૂપી વચનામૃતનું પાન કરવું. પણ એ બહુ જ દુર્લભ છે.

### ભગવાનને ગુણાદિથી મિશ્રવર્ણન કરનાર ભગવદીયો

પુરાણપ્રસિદ્ધ ભગવદીયો પણ આ સમુદ્ર જોડે સરખાવી શકાશે. કારણ કે સમુદ્રના સાત ભેદ છે. તેવી રીતે સાત ભગવદીય આપણને જુદા મળી આવે છે. જેમકે ૧ **વાલ્મિકીએ** રામાયણમાં મર્યાદા પુરુષોત્તમ પ્રભુના ગુણોને લોકમિશ્ર ભાવોને ભેળવીને વર્ણવ્યા છે, જેમકે રામચંદ્રજીએ સીતાજીના વિયોગના તાપકલેશથી રુદન કર્યું. આદિ. ૨ **શિવજીએ** આધ્યાત્મિક રામાયણમાં વેદમિશ્ર રામચંદ્રજીના ગુણોને વર્ણવ્યા. ૩ **પરાશરે** વિષ્ણુ પુરાણમાં ભગવાનના સત્વમિશ્ર ગુણોને વર્ણવ્યા. ૪ **મનુએ** સ્મૃતિના આરંભમાં રજોમિશ્ર પ્રભુના ગુણોને વર્ણવ્યા. ૫ **વાસુએ** વાયુપુરાણમાં શિવ રૂપે જ પરબ્રહ્મને વર્ણવ્યા. ૬ **સંકીર્ણ પુરાણના વકતાઓને** છઠ્ઠા નંબરે ગણવા. આ છએ નંબરને આપણે અનુક્રમે ૧ ક્ષાર, ૨ આમ્લ, ૩ માદન, ૪ અવ્યક્ત મધુર, ૫ સ્નેહ વ્યકત, ૬ મધુરગુણાક છે. તેવી રીતે છએનો ભાવ પણ તેવા જળના જેવો જ ગુણવાળો જાણવો.

## સર્વથી ઉત્તમ પૂર્ણ ભગવદીય

હવે ઉત્તમ શુદ્ધ પાણીવાળો સમુદ્ર બાકી રહ્યો. તેને આપણે અમૃત સમુદ્ર જોડે સરખાવીશું. વિચક્ષણ ભગવદીયો પ્રભુનું ગુણાતીત-લોકવેદ ગુણથી પણ અતીત, સચ્ચિદાનંદ રૂપે, વર્ણન કરે છે. પરંતુ પરાત્ પરપ્રભુ જેવા છે તેવા જ સ્વરૂપે વર્ણન કરનાર ભગવદીયો અમૃત સમુદ્ર જેવા છે. આવા ભગવદીયો અમૃત સમુદ્ર જેવા છે. આવા ભગવદીયોનો સત્સંગ બહુ જ દુર્લભ છે. શુદ્ધ પાણીવાળા સમુદ્રનો અર્થ આપણે અમૃત સમુદ્ર કહીએ છીએ, તે યોગ્ય છે તે ઉપર પૂજ્ય ગો. શ્રી પુરુષોત્તમજીની ટીકામાં વારાહ પુરાણનું વચન આપ્યું છે. માટે આવા ભગવદીયના વચનામૃત માટે આપણે ખાસ યત્ન કરવો. તેમની વાણી ગ્રન્થરૂપે બિરાજતી હોય. તેનો પણ આપણે સત્સંગરૂપે તેનું મનન કરીએ તો પણ આપણને ફળરૂપ થાય છે, માટે શ્રી મહાપ્રભુજીની વાણીથી કોઈ પણ વાણી અધિક ભાવોદ્બોધક નથી. માટે આપણે તે જ અમૃત સમુદ્રના જેવી વાણી માનવી, અત્યારે આપણે માટે તે જ શ્રેયસ્કર છે.

**આવા ભગવદીયોનું વચન દુર્લભ છે, તમ છતાં અજામિલની માફક કોઈક વખત સંભળાય છે, એમ કહે છે.**

**મૂલમ્**—तादृशानां क्वचिद्वाक्यं दूतानामिव वर्णितम्
अजामिलाकर्णनवत् बिन्दुपानं प्रकीर्तितम् ॥१८॥
रागाज्ञानादिभावानां सर्वथा नाशनं सदा
तदा लेहनमित्युक्तं स्यानन्दोद्गमकारणम् ॥१९॥

**અન્વયાર્થ—तादृशानाम्**-તે અમૃત સમુદ્ર જેવા મહાપુરુષ ઉત્તમ ભગવદીયનું **वाक्यम्** વચનામૃત **क्वचित्** કોઈ કૃપાપાત્ર જીવને **दूतानाम् इव** દૂતોના વચનની માફક અમૃતબિંદુ જેવું **वर्णितम्** સાર્થક કરનારું કહેલું છે. **अजामिलादिवर्णनवत्** અજામિલને દૂતનું સાંભળેલું **बिन्दुपानम्** વચનામૃતનું બિન્દુએ જેમ સાર્થક કરી દીધું તેમ તેવા ભગવદીયનું વચનામૃત સાર્થક કરી દે છે.

**रागाज्ञानादिभावानाम्** (આ વચનામૃત બિન્દુ) સંસાર રાગ

અજ્ઞાન વગેરે બાધક ભાવોને **सर्वथा** સર્વદાને **यदा नाशनम्** જ્યારે નાશ કરે છે. **तदा** ત્યારે **स्वानन्दोद्गमकारणम्** દોષ નિવૃત્તિપૂર્વક આનન્દને પ્રકટ કરનારૂં **लेहनम्** રસાસ્વાદ થયો **इति** એમ **उक्तम्** કહેવાય છે. (આ ભક્ત વ્યસન દશાથી કૃતાર્થ થાય છે.)

**અર્થ**—ગયા શ્લોકમાં બતાવેલા ઉત્તમ ભગવદીયોનું વચન જેમ વિષ્ણુના દૂતો દ્વારા અજામિલે સાંભળ્યું હતું. તેવી રીતે એક અમૃત જળના કિંચિત્ બિન્દુનું પાન થાય. એમ કોઈ વખતે સંભળાય ત્યારે રાગ—અને અજ્ઞાન વગેરે દુષ્ટ ભાવોનો નાશ થાય છે. તેવા ભગવદીયોનું સાંભળેલું સ્વાદિષ્ટ લાગે છે. અને આનંદને કરનારૂં થઈ પડે છે.

**રહસ્ય** । ભગવાન જ્યારે ઉદ્ધાર કરવાની ઇચ્છા કરે છે, ત્યારે જીવના કરેલા પાપ સામું તે જોતા નથી. ભગવાન આ જીવને કોઈ મહા ભગવદીય દ્વારા ઉદ્ધાર કરવાની ઇચ્છા થતા આવા ભગવદીયનાં વચનામૃતનો લાભ કરાવે છે. જેમ ષષ્ઠ સ્કંધમાં અજામિલને લાભ મળ્યો હતો. દૂતોનું વાક્ય તે અજામિલે સંવાદરૂપે મરતાં મરતાં સાંભળ્યું. તેટલામાં જ તેને યથાર્થ લાભ થયો, જ્ઞાન—ભક્તિ થયાં અને તેનો ઉદ્ધાર થયો. માટે ભગવાનને ઉદ્ધાર કરવો હશે. તો શ્રી મહાપ્રભુજીના વચનામૃત કે વેણુનાદ પણ શ્રવણ થયા વિના નહિ રહે. આ શ્રવણને **બિન્દુપાન** જેવું ગણી આ બિન્દુપાન પણ અમૃત છે. તે ભૂલશો નહિ. આ બિન્દુ આ જન્મમાં કે બીજા જન્મમાં કૃતાર્થ કરે છે, અજામિલની માફક ફકત દોષનું ભાન થઈ સન્માર્ગનું જ જ્ઞાન થાય ત્યારે અમૃત બિન્દુપાન જેવું ગણાય. જ્યારે ભકતને ઉદ્દેશીને જ વેણુના નાદાદિનું શ્રવણ થાય ત્યારે તો અમૃતનું લેહન એટલે આસ્વાદ થાય છે. આસ્વાદથી રાગ અને અજ્ઞાન જતા રહે, લીલાનો આનંદ થાય છે. સ્વરૂપાત્મક લીલાત્મક ઉભય પ્રકારનો અનુભવ આ ભાગ્યશાળી ભગવદી-યને થાય છે. અર્થાત્ જ્યારે સર્વ દોષ નિવૃત્તિપૂર્વક પરમાનંદની પ્રાપ્તિ

થાય ત્યારે અમૃતનો આસ્વાદ કર્યો કહેવાય. રાગનિવૃત્તિ પ્રાચીન-બર્હિષ રાજાને થઈ હતી. તે પણ ભગવદીયના વાક્યથી જ. રહૂગણની અજ્ઞાન નિવૃત્તિ પણ પૂર્ણ ભગવદીય ભરતના ઉપદેશથી જ. વિદૂરને દ્વેષનિવૃત્તિ પણ તે જ રીતે થઈ હતી.

**આ પ્રમાણે ઓગણીસમા ભેદનું નિરૂપણ કરી, હવે સર્વથી જુદો જ વીસમો ભાવ આ શ્લોકમાં કહે છે.**

**मूलम्—उद्धृतोदकवत् सर्वं पतितोदकवत्तथा**
**उक्तातिरिक्तवाक्यानि फलं चापि तथा ततः ॥२०॥**

**અન્વયાર્થ—सर्वं उक्तातिरिक्तवाक्यानि उद्धृतोदकवत्** પૂર્વે કહેલા ગુણો વચનામૃતથી અતિરિકત બીજા સર્વ ગુણો અને ભાવો વાકયો કૂવા તળાવ વગેરેથી પાત્રમાં લીધેલા જળ જેવા માનવા, **तथा पतितोदकवत्** તેમ જ પાત્રમાંથી પડેલા જળ જેવા માનવા, **वा फलम् अपि** અને ફળ પણ પાત્રની શુદ્ધ અશુદ્ધિ માફક મળે છે.

**અર્થ**—ઉપર ઓગણીસ પ્રકારના ભાવો બતાવ્યા, તેનાથી જે જુદા ભાવ છે, તે જળાશયમાથી પાત્રમાં લીધેલા જળ જેવા અને પૃથ્વી પર પડેલા જળ જેવા છે. ફળ પણ જેવું પાત્ર તેવું જ છે.

૨૦ **सर्वाभ्यः स्वाहा** હવે છેલ્લો સાધારણ ભાવ રહ્યો. ઉપર કહેલા તે તે જળ જેવા, જેવા પાત્રમાં ઉધ્ધૃત કર્યું હોય તેવું તેવું દેખાય. તેવું શુદ્ધ કે અશુદ્ધ ગણાય, જ્યારે તે જળ ભૂમિ ઉપર પડે ત્યારે જ્યાં પડે ત્યાં જ તે આર્દ્ર કરે છે, જ્યાં પડે ત્યાં દોષ કરે કે ગુણ કરે, તે નક્કી ન કહેવાય, તેવી રીતે પાછળ જણાવેલા જળો પૈકી જે જળ ઉધ્ધૃત હોય તે પાત્રાકાર અથવા પોતાના મૂળ સ્વભાવને અનુસારી ગણાય છે. માટે તે ભાવ ગ્રહણ કરવા જેવો નથી, ગુણ કરે કે દોષ કરે તે નક્કી નથી. આ પ્રમાણે આપણે પાછળ કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે વીસ ભાવો વર્ણવ્યા તે ભગવાનના ગુણો તો શુદ્ધ જ છે. પણ તે તે વકતાના હૃદયરૂપી પાત્રમાં જવાથી તેવા તેવા થઇ ગયા છે.

હવે ગ્રંથનો ઉપસંહાર કરે છે.

**मूलम्—इति जीतेन्द्रियगता नानाभावंगता भुवि।**
**रूपतः फलतश्चैव गुणा विष्णोर्निरूपताः ॥२१॥**

**અન્વયાર્થ—इति** એ પ્રકારે **भुवि विष्णोः गुणाः जीवेन्द्रियगताः** પૃથ્વી પરના જીવ અને શરીર મન, વાણી, ચક્ષુ વિગેરેમાં રહેલા વિષ્ણુના ગુણો તેવા કહેલા છે. માટે **स्वरूपतः** સ્વરૂપથી **फलतः** ફળથી ગુણો **नानाभावम्** જુદા જુદા પ્રકારના ભાવને **गताः** પ્રાપ્ત થયેલ નાના ભાવને જે પ્રમાણે પ્રત્યક્ષ થયેલો છે. તે પ્રમાણે અમે **निरूपिताः** કહ્યા.

**અર્થ**—એવી રીતે રૂપ અને ફળથી જીવ અને ઇંદ્રિઓમાં રહેલા ભગવદ્ ગુણો નાના પ્રકારના ભાવવાળા થાય છે, માટે જુદા જુદા વિસ (૨૦) પ્રકારે ભગવાનના ગુણોનું નિરૂપણ કર્યું.

માટે તમે સત્સંગ કરતાં પહેલાં તમે કેવા વકતા પાસે તમારી આધ્યાત્મિક જીન્દગી સોંપો છો. તેનો જરૂર વિચાર કરશો. વિચાર કર્યા વિના કરેલા સંગથી દુઃસંગ થાય તો આપણું હોય તે પણ જતું રહે. શ્રી બાલકૃષ્ણ પ્રભુ આપણને ઉત્તમ ભગવદીય વક્તાનો લાભ અપાવે.

જળભેદ સમાપ્ત

આ માટે એક બીજું પુસ્તક પૂ. શ્રી ચીમનલાલ શાસ્ત્રીજીનું વાંચો. "તમો કેવો વકતા પસંદ કરશો?"

શ્રીકૃષ્ણઃ

# પંચપદ્ય

શ્રી હરિરાયજી લખે છે કે, જળભેદના વીસ પ્રકારના જુદા જુદા ભક્તો અને તેના ભાવનું નિરૂપણ જળના દર્ષ્ટાંતથી કરેલું છે. તે તેઓના સ્નેહથી હૃદયને સાર્દ્ર કરવાપણું જણાવવા માટે છે. તે ભક્તોએ અઢાર પ્રકારની વિદ્યાથી પ્રતિપાદિત ભગવદ્ ગુણોમાં જ પરાયણ એવા મર્યાદા માર્ગીય ભક્તો અષ્ટાદશ વિદ્યા થી પ્રતિપાદિત ભગવદ્ ગુણોનું જ પ્રતિપાદન કરનારા હોય છે અને પુષ્ટિમાર્ગીય ભક્તો મિશ્ર અને શુદ્ધ એવા ભેદથી બે પ્રકારના હોય છે; એમ વીસ ભેદ થાય છે. અથવા સગુણ અને નિર્ગુણપણાથી તેમના દસ ભેદ છે તેઓને મર્યાદા અને પુષ્ટિ એવા ભેદથી બે પ્રકારપણું હોવાથી વીસ ભેદ થાય છે; તેથી તેના ભાવના ભેદ પણ વીસ પ્રકારના કીર્તન કરનારાઓની સંખ્યા જળભેદ નામના ગ્રંથમાં બતાવેલી છે, અને હવે પછી તે કીર્તન કરનારાઓના વચન દ્વારા તેના ભાવને ગ્રહણ કરનાર પુષ્ટિ અને મર્યાદા એવા ભેદથી બે પ્રકારના શ્રોતાઓ હોય છે; તેમાં પુષ્ટિમાર્ગીય એક પ્રકારના હોય છે તે ઉત્તમ અને મર્યાદામાર્ગીયમાં મધ્યમ, અધમ અને ઉત્તમ એવા ભેદથી ત્રણ પ્રકાર છે. એવી રીતે ચારે પ્રકારના શ્રોતાઓનું નિરૂપણ કરવા માટે પ્રથમ મુખ્ય પુષ્ટિમાર્ગીય શ્રોતાઓનું નિરૂપણ કરે છે.

**મૂલમ્**—**श्रीकृष्णरसविक्षिप्तमानसारतिवर्जिताः ।**

**अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुकाः ॥१॥**

**અન્વયાર્થ**—**श्रीकृष्णरसविक्षिप्तमानस-अरतिवर्जिताः** શ્રી કૃષ્ણરૂપી રસથી વિક્ષિપ્ત મનવાળા, અને શ્રવણમાં અપ્રીતિ રહિત, **लोकवेदे** લોક અને વેદમાં **अनिर्वृताः** સ્વાસ્થ્ય-શાંતિ-પ્રીતિ વગરના હોય તેવા

**તે** તે **श्रवणोत्सुकाः** શ્રવણમાં ઉત્કર્ષવાળા ભકતો **मुख्याः** મુખ્ય શ્રોતા જાણવા. ૧

**શબ્દાર્થ**—શ્રીકૃષ્ણના રસ વડે જેનું મન ચંચળ થએલ છે, ભગવાનની સાથે બહાર જેને રમણુ નથી, લોક તથા વેદમાં સ્વસ્થતાને નહિ પામેલા અને શ્રવણુમાં ઉત્સાહવાળા મુખ્ય અધિકારીઓ છે. અથવા શ્રીકૃષ્ણના રસથી વિક્ષિપ્ત થએલા મન વડે તેમના ચરિત્રના શ્રવણુ કરવામાં અપ્રીતિથી વિહિત વેદમાં સ્વસ્થતાને નહિ પામેલા અને શ્રવણુમાં ઉત્સાહવાળા મુખ્ય અધિકારીઓ છે.

પરમ શોભા અથવા લક્ષ્મીજીવાળા સદાનંદ, નિર્દોષ અને નિત્ય એવા ગુણુથી પૂર્ણ રસિક શિરોમણિ શ્રીકૃષ્ણનો જે ભજનાનંદરૂપ રસ, અથવા સ્થાયિભાવાત્મક વિરહરૂપ તે પોતે જ રસ છે, તે પરોક્ષ હૃદયમાં પધારે તેથી સ્થાનથી ચલિત થએલ અંતઃકરણુમાં ચરિત્ર શ્રવણુ કરવા અપ્રીતિ મર્યાદા અને પુષ્ટિ એવા ભેદથી બે પ્રકારે નિવૃત્ત થાય છે. શ્રી ભાગવતમાં પ્રથમ સ્કંધમાં મર્યાદા પ્રકારે લખ્યું છે.

**शुश्रुषोः श्रद्धधानस्य वासुदेवकथारूचिः ।**
**स्वान्महत्सेवया विप्राः । पुण्यतीर्थनिषेवणात् ॥१॥**

**અર્થ**—હે બ્રાહ્મણો ! શ્રવણુથી ઇચ્છા રાખનાર, શ્રદ્ધાયુકત પુરૂષને મોટા પુરૂષની સેવા વડે અને પુણ્ય તીર્થરૂપ ગુરુના સેવનથી વાસુદેવ ભગવાનની કથાત્મક રૂચિ થાય એમ લખ્યું છે, ત્યાં મોટાઓની સેવા વડે, પુણ્ય તીર્થના સેવનાદિકથી, રૂચિ ઉદયને પ્રાપ્ત થાય છે, એટલે ભગવત્કથા શ્રવણુમાં અપ્રીતિ નિવૃત્ત થાય છે અને પુષ્ટિમાર્ગમાં તો તે રસના સ્વભાવથી જ ભગવાનની કથાનો રસ વિભાગી શકાય તેમ નથી; અખંડ છે એવી રીતે ભ્રમર ગીતમાં કહેલ છે; તેથી અપ્રીતિ નિવૃત્ત થાય છે; તેથી ઉપર બતાવેલ ભાવવાળા ભકત પુષ્ટિમાર્ગીય છે, એવી રીતે ભગ-

વાનનું ચરિત્ર સાંભળવામાં તેઓને અપ્રીતિ નથી, એમ નિરૂપણ કરીને માત્ર તેમાં જ એમને પ્રીતિ છે લોકવેદમા સ્વસ્થ નથી, એમ કહે છે કે લોક યુક્ત પ્રવૃત્તિમાર્ગીય બતાવનાર અને ધર્મને ભગવાન સિવાય બીજાનાં કર્મને કરાવનાર વેદમાં સ્વસ્થ નથી. અમે ભક્તો પુષ્ટિમાર્ગીય છીએ તેથી સાક્ષાત્પુરુષોત્તમ આપ જ ઉદ્ધાર કરશો. આ ભક્તોએ ઉદ્ધવજી સંદેશ લઈ પધાર્યા ત્યારે મહાન આનંદ માન્યો હતો. તેમને સ્વભાવથી ભગવત્કથા શ્રવણમાં સહજ પ્રીતિ છે. (૫)

**હવે મર્યાદા ભક્તોના** શ્રવણનો અધિકાર કહે છે. **શુકપરી-**ક્ષિત જેવા આ ભક્તો ઉત્તમ છે એ દુર્લભ છે.

**विक्लिन्नमनसो ये तु भगवत्स्मृतविह्वलाः ।**
**अर्थैकनिष्ठास्ते चापि मध्यमाः श्रवणोत्सुकाः ॥२॥**

**અન્વયાર્થ—ये** જેઓ **तु** તો **विक्लिन्नमनसः** આર્દ્ર–ભક્તિ રસથી ભીંજાયલા અને : **भगवत्स्मृतिविह्वलाः** (ભગવાનની કથા વાર્તા શ્રવણ વખતે) ભગવત્સ્મરણ થતાં વિહ્વલ–અસ્વસ્થ–થઈ જાય છે. **अर्थैकनिष्ठाः** અર્થ–મોક્ષ પુરુષાર્થમાં નિષ્ઠાવાળા તેઓ **अपि** પણ **श्रवणोत्सुकाः**શ્રવણમાં પ્રીતિવાળા છે: (૩)

**અર્થ**—ભક્તિ રસથી આર્દ્ર, (શુક જેવા બીજાને ભક્તિ રસથી ભીંજવે) પરીક્ષિત માફક શ્રવણ વખતે જ ભગવત્સ્મૃતિ આવવાથી વિહ્વલ થાય. સ્વાર્થ કે પુરુષાર્થમાં નિષ્ઠાવાળા. શ્રવણમાં સદા ઉત્કંઠ શ્રોતાઓ મધ્યમ છે.

**રહસ્યાર્થ**—પ્રથમ શ્લોકમાં, પુષ્ટિમાર્ગીય ઉત્તમોત્તમ શ્રોતા કહ્યા. તેમાં સ્થાયિ સર્વાત્મભાવ છે. આ શ્રોતામાં તેવો સર્વાત્મભાવ નથી. પરીક્ષિત જેવા મુમુક્ષુ–મોક્ષની ઇચ્છાવાળા છે. શુકની માફક ભક્તિરસથી ભીંજાયેલા બીજાને પણ રસિક બનાવે, શ્રવણ વખતે જ સ્મૃતિ આવતા વિહ્વલ–અસ્વસ્થ થઈ જાય, પરંતુ ગોપીજન જેવા સર્વાત્મ ભાવવાળા ભક્તની માફક સ્વાભાવિક વિકલતા નથી, તેથી મધ્યમ છે. શ્રવણમાં

ઉત્સુક છે. પરીક્ષિતને ગંગાજીના તટની એટલે સારા સ્થળની (સાધનની) આવશ્યકતા હતી. વિદુરને મૈત્રેયની પાસે શ્રવણ કરવા જવાનું હતું. તેથી ગંગાજીના તટ પર બન્ને ગયા. પુષ્ટિમર્યાદા ભકતો તરીકે પરીક્ષિત અને વિદુર બન્ને સરખા છે. વિદુરને તીર્થાટન અને સત્સંગ દ્વારા જ અધિકાર મળ્યો. શ્રીમદાચાર્યજી **मर्यादास्थस्तु गंगायां श्रीभागवत तत्परः** મર્યાદાભકત શ્રી ભાગવતમાં તત્પર થઈ ગંગાજી જેવા પવિત્ર સ્થળે રહી ભક્તિમાં આગળ વધવું, નહિ તો ચિત્ત ચંચળ થઈ જશે.

**હવે પુષ્ટિ મર્યાદામાં ઉત્તમ શ્રોતાનું વર્ણન કરે છે.**

**निःसन्दिग्धं कृष्णतत्त्वं सर्वभावेन ये विदुः ।**
**ते त्वावेशात्तु विकलाः निरोधाद्वा न चान्यथा ॥३॥**
**पूर्णभावेन पूर्णार्थाः कदाचिन्न तु सर्वथा ॥३½॥**

**અન્વયાર્થ**—**ये** જેઓ **सर्वभावेन** સર્વ રસાત્મક ભાવથી **कृष्ण तत्त्वम्** શ્રીકૃષ્ણને પરબ્રહ્મ તત્ત્વરૂપે **निःसन्दिग्धम्** સન્દેહ વગર **विदुः** જાણે છે, તે તેઓ તું તો **आवेशात्** આવેશથી **वा** અથવા **निरोधात्** નિરોધથી **कदाचित्** કોઈક વખત **विकलाः** અસ્વસ્થ થાય, **पूर्णभावेन** પૂર્ણ ભગવદ્ ભાવથી **पूर्णार्थाः** પૂર્ણ પુરુષાર્થવાળા છે. **न तु सर्वदा** હંમેશાં નિરોધવાળા નથી. ૩½

**રહસ્યાર્થ**—શ્રીકૃષ્ણને સદાનન્દ રસાત્મક સ્વરૂપે પરબ્રહ્મ પરાત્પર તત્ત્વને સર્વ ભાવથી આનન્દાકારે જેવા છે. તેવા સમજે છે. શુકની માફક દૃઢજ્ઞાની હોઈ ભગવદ્ ગુણના શ્રવણથી મન વિહ્વળ થઈ જાય. ગોપીજનવત્ નિરંતર રસાત્વેશવાળા નથી. જ્ઞાન હંમેશાં રસાવેશમાં પ્રતિબંધક છેઃ સર્વદા રસાવેશ હોય તો ગોપીજન માફક પ્રભુનું અન્વેષણ (ખોળવાનું) કરે. આ ભક્તને નિરોધથી પણ અસ્વસ્થતા થાય છે. ભગવત સ્વરૂપની માફક તેમના ગુણો પણ નિરોધ કરે છે. આ ભકતોનો જ્ઞાનથી કે નિરોધથી પૂર્ણભાવ હોવાથી તેમના હૃદયમાં ભગવત્સ્ફૂર્તિ છે.

તે જ પૂર્ણ પુરુષાર્થ છે. ભગવાનમાં તેમની નિષ્ઠા હોવાથી ઉત્તમ છે. પુષ્ટિમાર્ગીય ભક્તોની માફક સદા રસમગ્ન ન રહેવાથી મર્યાદામાં મૂકીએ પણ ઉત્તમ ગણવા, શુકદેવજીને સર્વદા લીલાનું અનુસંધાન ન હતું શુક કહે છે કે-મથુરાથી ભગવાન વ્રજમાં ગયા. એમ શુક મથુરામાં નિરુદ્ધ હોત તો વ્રજમાં આવ્યા એમ કહેતા.

**સારાંશ**—પુષ્ટિમાર્ગીય ભક્તોને ભગવાન વિના ઇતરનું અનુસંધાન નથી. ભગવદીયપણું એમ ભગવાન સાથે ઓતપ્રોત થઈ રહે છે. આ પુષ્ટિમર્યાદામાં ઉત્તમ ભક્તોને શ્રવણ વખતે જ ભગવાનનું અનુસંધાન થાય છે. સદા નહિ.

### હવે અધમ શ્રોતાનું વર્ણન કરે છે

**अन्यासक्तास्तु ये केचिदधमाः परिकीर्तिताः ।**

**અન્વયાર્થ**—**ये** જેઓ **अन्यासक्ताः** ગૃહ વિગેરેમાં આસક્ત **केचित्** કેટલાક શ્રોતાઓ **अधमाः** અધમ **परिकीर्तिताः** કહ્યા છે.

**રહસ્યાર્થ**—કેટલાક શ્રોતા બ્રાહ્મણ હોય, શૂદ્ર હોય, એમ સારા નરસા દેહધારી હોઈ ગૃહમાં આસક્ત હોય, ઉપરાંત લોકોને સંભળાવવા સ્વાર્થ ખાતર પોતે શ્રવણ કરે, પેટ ભરવા ખાતર શ્રવણ-કથન કરનારા અધમ જ કહેવાય છે.

### હવે પુષ્ટિમર્યાદામાં ઉત્તમ શ્રોતાનું વર્ણન કરે છે.

**अनन्यमनसो मर्त्या उत्तमाः श्रवणादिषु ।**

**देशकालद्रव्यकर्तृमन्त्रकर्मप्रकारतः ॥५॥**

**અન્વયાર્થ**—**देशकालद्रव्यकर्तृमन्त्रकर्मप्रकारतः** દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મન્ત્ર-કર્મ એમ છ પ્રકારથી **अनन्यमनसः** ભગવાન વિના મનમાં અન્ય સ્ફૂર્તિ જ નથી. એવા **मर्त्याः** મનુષ્ય ભક્તો **श्रवणादिषु** શ્રવણ વગેરેમાં **उत्तमाः** ઉત્તમ માનવા. (૫)

**રહસ્યાર્થ**—ઉત્તમ ભક્તોને કોઈ વખતે જ અન્તઃદૃષ્ટિ (આન્તર

જ્ઞાન) અને કોઈ વખતે બહિર્દષ્ટિ (બહાર જ્ઞાન) થાય છે, તે બે અન્તઃસંવેદન અને બહિઃસંવેદન કહેવાય છે. અન્તઃસંવેદન વખતે ભકતનું ભગવદાકાર અન્તઃકરણ હોવાથી દેશ-કાળ-દ્રવ્ય-કર્મ કર્તા મન્ત્ર એ છએ ભગવદ્રૂપ દેખાય છે. પરંતુ બહિઃસંવેદનમાં પણ દેશ વગેરે સર્વમાં ભગવદ્રૂપતા દેખાય એ વધારે ઉત્તમતા છે.

ભકતો એવા ઉત્તમ છે. તેમાં અન્તઃસંવેદન છે. ઉપરાંત બહિ-સંવેદનમાં પણ ભગવદ્રૂપ સર્વને દેખે છે. શ્રોતા વકતા બન્નેમાં ઉપયોગી છે. એ વિશિષ્ટતા હોવાથી આપણે તેમને મુખ્ય શ્રોતા કહીશું. (૫)

## શ્રોતા [શ્રી હરિરાયજીની ટીકાને આધારે]

- પુષ્ટિમાર્ગીય
  - ઉત્તમોત્તમ (ગોપીજન જેવા) (શ્લોક ૧)
- પુષ્ટિ મર્યાદા માર્ગીય
  - મધ્યમ (શુક-પરીક્ષિત) શ્લો. ૨
  - ઉત્તમ — શ્રવણ વખતે જ રસાવેશ હંમેશ નહિ અન્તઃસંવેદન-બહિઃસંવેદનવાળા
  - અધમ સંસારી ગૃહાસકત

સારા ભાગવત વકતા મેળવવા માટે તમો સુરત મહાસભાને પત્ર લખો. કે જેથી ઉત્તમ પુષ્ટિમાર્ગીય ભાગવત વકતા પાસે કથા શ્રવણ કરી, કૃતાર્થ થાઓ.

卐

**દ્વિ-સ્કં-શ્રી સુબોધિનીજીમાં શ્રવણ અધિકારીનાં લક્ષણ આ છે.**

અધિકારી ત્રણ જાતના છે. હીન-મધ્યમ-ઉત્તમ.

(અધિકારી શ્રોતા-વકતા,)

| હીનાધિકારી | મધ્યમાધિકારી | ઉત્તમાધિકારી |
|---|---|---|

**હીનાધિકારી**-માં પણ શ્રોતા થનારને જિજ્ઞાસાપણું, મત્સર્યપણું અને શ્રવણમાં આદર આ ત્રણ જોઇએ. વકતા થનારને ભગવત્શાસ્ત્ર પરંપરાથી શ્રવણ કરેલું ચાતુર્ય, અને ગુણજ્ઞાન, આ ત્રણ લક્ષણ અવશ્ય જોઇએ. આ ત્રણ પ્રકારે એક શ્રોતાનો અને વકતાનો ગુણ લેવો.

**શ્રવણ હીનાધિકારા લક્ષણ-પ્રકરણ ૧.**

| | | | |
|---|---|---|---|
| શ્રોતા | જિજ્ઞાસુત્વ | માત્સર્યરહિતત્વ | શ્રવણમાં પ્રીતિ |
| વકતા | શ્રુતભાગવતત્ત્વ | ચાતુર્ય | ગુણજ્ઞાનતત્વ. |

**શ્રવણ-મધ્યમાધિકારી લક્ષણ-પ્રકરણ ૨.**

| | | | |
|---|---|---|---|
| શ્રોતા | ભગવત્કૃપા | ભગવદીયત્વ | ભગવદેકત્વ |
| વકતા | ,, | ,, | ,, |

**ઉત્તમાધિકારી લક્ષણ-પ્રકરણ ૩.**

**ઉત્તમાધિકારીને** દૃઢ વૈરાગ્ય જોઇએ. વૈરાગ્ય તેનું નામ છે કે ભગવાન વિના ઇતર સર્વમાં રાગ ત્યજી વિરાગ થઇ પ્રભુમાં એકતાન થવું. આ વૈરાગ્ય ભકિતમાર્ગીય વૈરાગ્ય છે. આ ખરો દૃઢ વૈરાગ્ય છે, આ વૈરાગ્યથી ભગવાનમાં તત્પરતા થતી હોવાથી ભગવાન શ્રી પુરુષોત્તમ દ્વાદશ-અંગ

હોવાથી અને તેરમા અંગી પુરુષોત્તમ મળી તેર ગુણોથી આ ઉત્તમ અધિકારીનું વર્ણન કર્યું છે, આ અધિકારી ઉત્તમ છે. કારણ કે દ્વાદશાંગ પુરુષોત્તમમાં એકતાન છે, ને ઇતરમાં રાગરહિત વૈરાગ્યવાન છે. આ વ્યાખ્યાનમાંથી (અનુમાનથી) ઉત્તમાધિકારીની પરીક્ષા થાય છે. માટે પુરુષોત્તમના બાર અંગ-અંગી-પુરુષોત્તમ મળી તેરમાં એકતાન થનાર ઉત્તમાધિકારીનું વર્ણન છે. તેનું કોષ્ટક નં. ૩ પ્રમાણે છે:—

**શ્રવણ ઉત્તમાધિકારી લક્ષણ-પ્રકરણ ૩.**

|

દ્વાદશાઙ્ગ પુરુષોત્તમ (અઙ્ગી)માં તત્પર
દ્વાદશ-અંગ-અંગી-(મળી-૧૩)

|

બે સાથલ, બે બાહુ, શિર, હૃદય, બે હાથ, બે ચરણ, બે સ્તન.

દ્વિ-સ્કંધ અધ્યાય—૭ થી ૧૯

**શ્રોતા વક્તાનું સાધન**

| તત્ત્વધ્યાન | હૃત્પ્રાસાદ | મનન |
|---|---|---|
| (પ્ર૦ ૧) | (પ્ર૦ ૨) | (પ્ર૦ ૩) |

સાધન ત્રણ પ્રકારનાં છે. તત્ત્વજ્ઞાન, હૃદયનો પ્રાસાદ, મનન, શ્રોતાને આ ત્રણ પ્રકારનાં સાધન આવશ્યક છે.

**શ્રોતા વક્તાનું પ્રથમ સાધન તત્વધ્યાન, પ્રકરણ-૧**

| સ્થૂલધ્યાન | સૂક્ષ્મધ્યાન (સ્વરૂપધ્યાન) |
|---|---|

ઉપર મુજબ તત્ત્વધ્યાન આ સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારનું તત્ત્વસ્વરૂપનું એ ધ્યાન છે. આ તત્ત્વ ભગવત્શરીરમાં રહેલાં છે. આ

તત્ત્વનું તેમાં વર્ણન થવાથી ભગવત્સ્વરૂપનું જ વર્ણન થાય છે.

**શ્રોતા વક્તાનું દ્વિતીયસાધન—હૃત્પ્રસાદ છે. પ્રકરણ-૨**

શ્રોતાનો હૃત્પ્રસાદ | વક્તાનો હૃત્પ્રસાદ

આ બન્નેમાંથી એકનો હૃત્પ્રસાદ ન હોય તો શ્રવણ ન થાય. હૃત્પ્રસાદ એ શ્રવણમાં ઉપયોગી સાધન છે. હૃત્પ્રસાદ એ મનની શુદ્ધિ છે. આ વક્તાની ચિત્તશુદ્ધિ તો નમન આદરથી સ્પષ્ટ સમજાય છે. ચિત્તશુદ્ધિથી વક્તાને નિષ્કામ અનન્ય ભક્તિ અને સ્વકીય કર્તવ્યમાં દઢ નિશ્ચય થાય છે. આવા બે ઉત્સાહથી ચિત્તશુદ્ધિ જણાઈ આવે છે. શ્રોતાની ચિત્તશુદ્ધિની પરીક્ષા, શ્રવણમાં શ્રદ્ધા હોય તે ઉપરથી થાય છે. જેમ દસ લીલાયુક્ત ભગવાનના શ્રવણ સિવાય બીજું શ્રવણ ન ગમે, તેમ લીલા પ્રતિપાદ્ય ભગવાનના સ્વરૂપ વિના તેને બીજા સ્વરૂપમાં આસક્તિ થતી નથી.

---

આ પુસ્તક પછી પ્રકાશિત થયેલા પુસ્તકો મંગાવી વાંચો જો ભગવાનને મળવાની ઈચ્છા હોય તો ?

—: પુસ્તક મળવાનું સરનામું :—

મધુસૂદન ચીમનલાલ શાસ્ત્રીજી

૧૦/૩૧૦ મોટા મંદિરની પોળ, સુરત.

## શ્રોતા વક્તાનું તૃતીય સાધન પ્રભુના માહાત્મ્ય જ્ઞાનનું મનન (પ્રકરણ ૩)

- ઉત્પત્તિ
  - અનિત્યમાં જનન
  - પરિચ્છિન્નમાં સમાગમ
  - નિત્ય–અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય
    - આવેશી
    - અવતાર
- ઉત્પત્તિ
  - આશંકા
  - ઉત્તર
  - ફલ

---

આ ત્રીજો ભાગ વાંચી, આગલા બે ભાગ ફરી વાંચવા.

---

**પંચપદ્ય સમાપ્ત**

श्रीकृष्णः

# સેવા ફળ

સેવા ત્રણ છે. તનુજા વિત્તજા અને માનસી. તનુજા અને વિત્તજા સેવા પ્રેમાત્મક સેવાની કક્ષાએ ન આવે ત્યાં સુધી માનસી સિદ્ધ થઇ એમ ન કહી શકાય, અને માનસી સેવા જ ઉત્તમ ફળ રૂપ છે એમ સિદ્ધાંત મુક્તાવલીમાં નિરૂપણ કરી આ ગ્રંથમાં અધિકારાનું સાર ફલનું નિરૂપણ કરે છે.

**मूलम्—यादृशी सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते ।**
**अलौकिकस्य दाने हि चाद्यः सिद्धयेत् मनोरथः ॥**
**फलं वा अधिकारो वा न कालोऽत्र नियामकः ।**

**सान्वयपदार्थः—यादृशी** (જે પ્રકારની), **सेवना** (સેવા,) **प्रोक्तः** (કહી છે), **तत्सिद्धौ** (તેની સિદ્ધિ થયે), **फलम्** (ફળ), **उच्यते** (કહેવાય છે,) **अलौकिकस्य** (અલૌકિકનાં), **दाने** (દાનમાં અથવા દાનથી), **च** (અને), **आद्यः** (પ્રથમ), **मनोरथः** (મનોરથ), **सिद्धयेत्** (સિદ્ધ થાય), **हि** (નિશ્ચય), **फलम्** (ફળ), **वा** અથવા, **अधिकारः** (અધિકાર), **वा** (અથવા),**कालः अत्र** (આ ફળમાં), **नियामकः** (નિયામક), **न** (નથી).

**શબ્દાર્થ**—જે પ્રકારની સેવા પ્રકર્ષથી કહી છે, તેની સિદ્ધિ એ ફળ કહેવાય છે. અલૌકિકના દાનથી, નિશ્ચય આદ્ય મનોરથ સિદ્ધ થાય છે.

(અલૌકિકનું દાન કરે તો) ફળ અથવા અધિકાર પ્રાપ્ત થાય છે. અત્ર (આ ફળમાં) કાળ નિયામક નથી.

**રહસ્ય**—સેવામાં ત્રણ ફળ છે. અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, વૈકુંઠાદિમાં સેવોપયોગી, દેહ.

**સેવાના ત્રણ ફળ નિરૂપણ થાય છે.**

ઉત્તમ ફળની પ્રાપ્તિ કરનારને અત્યંત અંતરંગ સેવા મળે છે,

મધ્યમને મધ્યમ સેવા અને સાધારણ ને સાધારણ અથવા દેહનું અવસાન થયે, યાવજ્જીવન સેવા કરનારની જે ગતિ થાય. તે અહીં 'ફળ' પદથી કહેવાય છે. તે ફળ સર્વોત્તમ ભાવ પ્રાપ્ય ભજનાનંદ જ છે, અને ભજનાનંદ પણ સેવાતિરિક્ત નથી. વિવરણમાં **'સેવાયામ્'** એમ સપ્તમી વિભક્તિનો પ્રયોગ કર્યો છે. સેવાનાં ત્રણ ફળો છે, એમ કહેવું જોઇએ, એટલે **સેવાયાઃ** એમ ષષ્ઠીનો પ્રયોગ થવો જોઇએ, તેમ નહિ કરતાં, સપ્તમી લીધી છે, એટલે સેવામાં ત્રણ ફળ છે. એમ કહ્યું છે. તેનું રહસ્ય શ્રી હરિરાયજી સમજાવે છે કે સેવા ચાલુ જ હોય ત્યાં જ ત્રણ ફળો સિદ્ધ થાય છે તેથી મધ્યમાં જ ત્રણ ફળની પ્રાપ્તિ થતી હોવાથી અને અંતમાં સેવા જ રહેવાથી, સેવાનાં સ્વતઃ પુરુષાર્થત્વમાં હાનિ થતી નથી. આ વિચાર અતિ સૂક્ષ્મ તેમ ગંભીર છે. સાધારણ ન્યાય એવો છે, કે ફળની પ્રાપ્તિ થયે સાધન દૂર થાય છે. અહીં તેવી રીતે કંઈ નથી. પુષ્ટિમાર્ગીય સેવા ભાવાત્મક છે, તે ક્રિયાત્મક નથી. પ્રારંભમાં સેવા કરનાર, ગુરુની આજ્ઞાનુસાર વિધિ હોય તેમ સેવા કરે, તેને તે સેવા સાધનરૂપ છે, પણ તે સેવા ક્રિયાતુલ્ય દશ્યમાન થતી હોય તો પણ તેની ભાવાત્મકતામાં ક્ષતિ નથી, માત્ર એટલું જ કે સેવા કરનારના હૃદયમાં તે ભાવાત્મક પ્રભુ આવિર્ભૂત નથી. પણ પ્રભુ કૃપાથી તે સેવાની ભાવાત્મકતા હૃદયારૂઢ થાય તો તે જ સેવા તેને ફળરૂપ થાય છે. તે ભાવ હૃદયારૂઢ થયા પછી પણ સેવારૂપ ક્રિયા ચાલુ જ રહે છે. તેનો ત્યાગ થતો નથી.

ઉત્તમ, મધ્યમ અને સાધારણ એ ત્રણ પ્રકારની સેવા મધ્યે ઉત્તમ સેવાનું ફળ 'અલૌકિક સામર્થ્ય' છે. અલૌકિક સામર્થ્ય કેવા પ્રકારનું છે?

'નિત્યસિદ્ધા એટલે ભક્તોની પેઠે ભગવાન સાથે ગાવાનું સામર્થ્ય'. શ્રી કલ્યાણરાયજી.

'અલૌકિક ભજનાનંદના અનુભવમાં સ્વરૂપ યોગ્યતા.'

કોટિ સૂર્યાગ્નિરૂપ ભગવાનને જ્યારે આત્યંતિક ફલ દેવાની ઈચ્છા થાય છે. ત્યારે સર્વ લીલાસહિત ભકતના હૃદયમાં પ્રભુ પધારે; તે સર્વ લીલાવિશિષ્ટ પ્રભુના અનુભવનું સામર્થ્ય.

શ્રી હરિરાયજી. અથવા–

**શ્રી વલ્લભજી કહે છે—'સર્વાભોગ્ય સુધા.'**

'**सत्यं ज्ञानमनन्तम् ब्रह्म**' એ તૈત્તિરીય શ્રુતિ ભાગના વિવરણમાં જે પરપ્રાપ્તિનું વર્ણન છે તેમાં કહેલા ભગવત્સ્વરૂપના અનુભવમાં ।**प्रदीपवदावेशः**। એ સૂત્રમાં કહેલી રીતિએ ભગવાનના આવેશથી થયેલી યોગ્યતાથી રસાત્મક ભગવાનનો પૂર્ણ સ્વરૂપાનન્દનો અનુભવ થાય છે." એમ શ્રી પુરુષોત્તમજી કહે છે.

આ ફલ જીવકૃતિસાધ્ય નથી, એટલું જ નહિ પણ સાધારણ અનુગ્રહથી લભ્ય નથી. જ્યારે ભગવાન આત્યંતિક અનુગ્રહ કરે છે, ત્યારે આ ફલનું દાન તે કૃપાભાજન જીવને થાય છે, સ્વતંત્ર ભકતો જેઓ કેવલ સ્વરૂપપરાયણ છે તેઓજ આ ફલનો આસ્વાદ લઈ શકે છે. મૂલમાં '**अलौकिकस्य दाने**' એ શબ્દોથી આ ફલની દાનસાધ્યતા સૂચિત થાય છે, આ ફલના ભોકતા વિરલ ભગવદીયને આધીન થઈ ભગવાન ક્રીડા કરે છે. તૈત્તિરીયોપનિષદમાં જે રસાત્મક પ્રભુની સાથે જે ભક્તોનો કામોપભોગ વર્ણવ્યો છે, તે ભક્તો આ પ્રકારના જ હોવા જોઈએ કારણ કે '**सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता**' (તે ભગવદીય વિવિધ રસભોગ ચતુર બ્રહ્મની સાથે સર્વ કામોનો ઉપભોગ કરે છે.) એ શ્રુતિમાં કામોપભોગ રૂપ ક્રીડામાં બ્રહ્મની ગૌણતા અને ભગવદીયની મુખ્યતા સૂચવાય છે. આવી ગૌણતા શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તો વિના અન્યત્ર (બીજે) પ્રભુ અંગીકાર કરતા જ નથી, અને એ પ્રકારની ભક્તિ તો ભગવાન કયારેય આપતા પણ નથી. મુકિત આપે પણ ભકિત આપે નહિ, કેમકે તેમાં સ્વાતંત્ર્ય જવાની પ્રભુને ભીતિ રહેલી છે. આ અલૌકિક સામર્થ્યમાં ભગવાન સ્વ બ્રહ્મધર્મ અને આત્મારામત્વાદિ ધર્મોનો ત્યાગ

કરી સ્વરૂપ મર્યાદાનું પણ ઉલ્લંઘન કરે છે, અને કેવલ ભકતાધીન થઈ ક્રીડા કરે છે. ( ભકતાધીન ભગવાનને )

આજ અર્થનું સરસ પ્રતિપાદન આનંદમયાધિકરણમાં (અણુભાષ્યમાં) શ્રીમત્પ્રભુચરણે કર્યું છે.

આજ ભકિતમાર્ગની વિશેષતા કે જેથી સર્વેન્દ્રિયોથી ભગત્સ્વરૂપાનન્દનો અનુભવ થાય છે. **ब्रह्मानन्दे प्रविष्टानां न भक्तिविलासः** બ્રહ્માનન્દમાં પ્રવિષ્ટને ભકિતવિલાસ નથી. '**अक्षण्वतां फलमिदं**' એ શ્લોકમાં શ્રુતિરૂપા ગોપીજનોએ સર્વ ઇન્દ્રિયોનો વિનિમય પ્રભુમાં કેમ થાય એ વર્ણવ્યું છે. જ્ઞાનીઓને તો આત્માથી જ અક્ષરાનન્દનો અનુભવ છે. જ્ઞાનીને સંઘાત તો વિલિન થયો નથી. તેથી તેમને અલૌકિક સંઘાતનું દાન થતું નથી. આ અલૌકિક ઇન્દ્રિયવર્ગનું દાન શ્રીયમુનાષ્ટકમાં **तनुनवत्वम्** પદથી સૂચવાય છે.

અલૌકિક સામર્થ્યનું દાન ભગવાન કરવાના હોય તો આદ્ય મનોરથ સિદ્ધ થાય છે. અથવા અલૌકિક ઇન્દ્રિય વર્ગનું દાન થવાથી આદ્ય મનોરથ સિદ્ધ થાય છે. આ મનોરથ કયો ? ભગવાન જ્યારે આદ્યફલ આપવાના હોય ત્યારે તેનાં ચિન્હ તરીકે પ્રથમથી કોઈક પ્રકારનો મનોરથ મનમાં થવો જોઈએ જેથી કૃપાભાજન જીવને જણાય કે મહાફલનું દાન થવાનું છે, અથવા એમ પણ બને કે ભગવદિચ્છા જાણી ન શકાય તેથી તે ભાવિફલ થવાનું છે. એમ અનુસંધાન ન રહે આ ફલ થવાનું છે તેનો મનોરથ તાપકલેશાનન્દરૂપ જીવને થાય છે. **यच्च दुःखं यशोदायाः** એ નિરોધલક્ષણના શ્લોકોમાં પ્રાર્થિત દુઃખ કે આશંસારૂપ તાપકલેશાનન્દરૂપ છે. અથવા **भगवता सह संलापः दर्शनं मिलितस्य च** એ શ્રી વેણુગીતનાં શ્રીસુબોધિજીની કારિકામાં કહેલ સર્વાભોગ્યસુધાભોગરૂપ મનોરથ થાય છે. આ મનોરથ અલૌકિક સામર્થ્યનાં દાન વિના સિદ્ધ ન જ થાય.

અલૌકિક સામર્થ્યનું દાન થવાનું હોય તો આદ્ય મનોરથના અનેક પ્રકાર હોવાનો સંભવ છે. એ પ્રકાર ગમે તે હોઈ શકે પણ તેમાં અપ્રાકૃત દેહાદિ તો અવશ્ય થાય, કારણ કે આ ઉત્તમ ફળ પ્રાકૃત ઇન્દ્રિય વર્ગથી ભોગ થઈ શકે જ નહિ. તૃતીય સ્કંધમાં ભક્તિ યોગનું પ્રતિપાદન કરતાં શ્રી કપિલદેવજીએ **जरयत्याशु या कोशम्** એ શ્લોકથી પાંચ ભૌતિક સંઘાતનો નાશ તરત જ કરે છે.

(૨) 'સાયુજ્ય' મુખ્યત્વે બે પ્રકારનું છે. એક રુઢાર્થક અને બીજું યૌગિકાર્થક. રુઢાર્થક સાયુજ્ય પણ બે પ્રકારનું છે. એક જ્ઞાનીઓને અથવા જ્ઞાનમિશ્રિત ભક્તોને એકત્વરૂપ સાયુજ્ય મળે છે તે. તેમાં ભેદનો અત્યન્તાભાવરૂપ છે- કેવળ જળ નિમગ્નવત્ છે. બીજા પ્રકારનું રૂઢાર્થક સાયુજ્ય શુદ્ધ ભક્તોને પ્રાપ્ત થાય છે, તે સાયુજય શ્રી પુરુષોત્તમમાં જ થાય છે, અક્ષરમાં થતું નથી. પ્રથમ પ્રકારમાં દેહ ઇન્દ્રિયાદિનો ત્યાગ કરી કેવળ આત્માથી જ અનુભવ છે. તેથી ઇન્દ્રિયોની સાર્થકતા છે. યૌગિકાર્થ સાયુજ્ય તો **सहयुनक्ति इति सयुक् तस्यभावः तत्त्वम्.** એટલે ભગવાનની સાથે સતત સ્થિતિ, સાર્વદિક સંયોગ રસાનુભવ લક્ષ્મીજીની પેઠે અથવા અન્તર્ગૃહ ગોપિકાની પેઠે ભક્તિમાર્ગીય પ્રકારથી એકી સાથે અખિલ પુણ્ય પાપના ક્ષય દ્વારા પાઞ્ચભૌતિક દેહનો ત્યાગ કરી, અલૌકિક શરીર પ્રાપ્ત કરી, ભગવાનમાં જ સ્થિતિ કરે; અને ભગવાનની ઇચ્છાથી બહાર નીકળી રસાનુભવ કરે. રૂઢાર્થક સાયુજ્ય જ્ઞાનીનું છે, શ્રી ગીતાજીમાં નિરૂપણ કરેલું છે.

શ્રી પુરુષોત્તમજી, અને લાલુ ભટ્ટજીની રીતિથી વિચાર કરીએ તો સાયુજ્ય પુષ્ટિ મર્યાદાનું જ ફળ છે, પુષ્ટિનો અંશ શ્રી પુરુષોત્તમ છે અને મર્યાદાનો અંશ પ્રવેશ વા લય છે. શ્રી હરિરાયજી તો યૌગિકાર્થ સાયુજ્ય શુદ્ધ પુષ્ટિ સેવાનું જ ફળ ગણે છે.

સાયુજ્ય મધ્યમ ફળ છે, અને તે પુરુષોત્તમમાં જ થાય છે. અક્ષર સ્વરૂપમાં સાયુજ્ય અત્ર અભિપ્રેત નથી. ચાર પ્રકારની મુકિતને તુચ્છ માનનાર ભકતોને તે સાયુજ્ય ગ્રાહ્ય નથી. અક્ષર ધર્મરૂપ છે; પુરુષોત્તમ ધર્મી છે. અક્ષર ગણિતાનંદ છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં આનંદ મીમાંસામાં અક્ષર બ્રહ્મ સુધીના આનંદની ગણના કરેલી છે. શ્રી પુરુ-ષોત્તમ તો અગણિતાનંદ છે. ધર્મરૂપ ગણિતાનંદ અક્ષરમાં સાયુજ્ય કરતાં ધર્મિરૂપ અગણિતાનંદ શ્રી પુરુષોત્તમનાં સાયુજ્યમાં અધિકતા હોય તેમાં શું આશ્ચર્ય? અક્ષરમાં સાયુજ્ય એટલે ભેદનો અત્યંત અભાવ. પ્રથક્ સ્થિતિ જ નહિ. શ્રી પુરુષોત્તમનાં સાયુજ્યમાં જો કે પ્રવેશ વા લય હોય છે તો પણ તેમાં વિલક્ષણતા છે પ્રથમ તો અક્ષરા-નંદ કરતાં શ્રી પુરુષોત્તમનો આનંદ અપરિમિત છે. વિશેષમાં અક્ષરમાં પ્રવેશ થયા પછી પ્રથક્ રહીને આનંદાનુભવ થઈ શકતો નથી. પરંતુ પુરુષોત્તમમમાં પ્રવિષ્ટ થયેલ જીવને અતિ કૃપાએ બહાર કાઢી નિત્યલીલા રસનો આસ્વાદ આપે છે. ઉત્તમ ફળ અને મધ્યમ વૈલક્ષણ્ય એ છે કે પ્રથમ ફળમાં ભગવાન ભકતની ઇચ્છાને આધીન થઈ રસાનુભવ કરાવે છે અને મધ્યમાં ભગવાન સ્વચ્છાએ ભકતને રસાનુભવ આપે છે. મધ્યમ ફળ પ્રમાણાનુરોધી છે તેથી જ શ્રીમદાચાર્યજી પ્રથમ ફળ માટે 'અલૌકિક' એવા પરમ નિગૂઢ શબ્દનો પ્રયોગ કરે છે.

'અંતર્ગૃહતા ગોપીજનોને સાયુજ્ય ફળ મળ્યું અને રાસમંડળ મંડનાઓને અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થયું.

## તૃતીય ફળ સેવોપયોગી દેહનો વિચાર—

સેવાને માટે યોગ્ય દેહ તો ભિન્ન સ્થિતિમાં જ સંભવી શકે છે. તૃતીય ફળમાં જ્યારે ભિન્ન સ્થિતિ અર્થાત્ પ્રાપ્ત થાય છે જે સાયુજ્યમાં પ્રથક્ સ્થિતિ નથી તે સાયુજય તો અક્ષર સ્વરૂપનું છે; અને તે જ્ઞાન

પ્રાપ્ય છે. આનન્દાનુભાવ પણ અપરિમિત નથી કારણ કે તૈતિરીય ઉપનિષદ્‌માં આનંદમીમાંસામાં અક્ષરબ્રહ્મના આનન્દની ગણના છે. આ પ્રકારનું સાયુજ્ય કેવલમર્યાદારૂપ છે. શ્રી પુરૂષોત્તમનું સાયુજ્ય તો કેવલ જ્ઞાનીને પ્રાપ્ય નથી. ભક્તિવિના શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ થતી નથી. રૂઢાર્થ સાયુજ્ય પણ એ પ્રકારનું છે.

"બ્રહ્મભૂત, પ્રસન્ન જેનો આત્મા થયો છે, તે શોચ કરતો નથી અને આકાંક્ષા કરતો નથી; સર્વ ભૂતોમાં સમ થઈ મારી પરાભક્તિને (મારી કૃપાથી) પ્રાપ્ત કરે છે. તત્ત્વથી હું જેવો અને જે છું તે મને ભક્તિથી સર્વતઃ જાણે છે અને પછી મને તત્ત્વથી જાણી પ્રવેશ કરે છે. (ગીતા)

આ શ્લોકોમાં એમ કહ્યું છે કે બ્રહ્મભાવ થયા પછી આકસ્મિક કૃપાથી રામ ભક્તિનો લાભ (કૃપાથી પ્રાપ્તિ) થતાં તે વડે શ્રી પુરુષોત્તમમાં પ્રવેશ થાય છે આ સાયુજ્યમાં પણ ભેદ વિશિષ્ટ અભેદ વિવક્ષિત છે. બીજું સાયુજ્ય '**ब्रह्मविदाप्नोति परम्**' એ શ્રુતિમાં કહેલું છે. આ સાયુજ્યનું લક્ષણ એવું છે કે બ્રહ્મ ભાવ થયા પછી વિશેષ ઉત્તમ કૃપાથી ભક્તિ લાભ વડે ભગવત્ પ્રવેશ રૂપ સાયુજ્ય પછી સર્વ કામોપભોગ.

અક્ષર–સાયુજ્ય વિના સર્વ પ્રકારનાં સાયુજ્યમાં શ્રી પુરુષોત્તમ સ્વેચ્છાથી કૃપા વડે સ્વપ્રવિષ્ટ જીવને પૃથક્ સ્થિતિ કરી, આનંદાનુભવ કરાવે છે. એ સ્પષ્ટ થાય છે. ગીતોકત સાયુજ્યમાં જે કૃપા છે, તે કરતાં '**ब्रह्मविदाप्नोति परम्**' એ શ્રુત્યુક્ત સાયુજ્યમાં અધિક કૃપા હશે પણ ઉભય પ્રકારનાં સાયુજ્યમાં ભગવત્ કૃપાથી પૃથક્ સ્થિતિથી આનંદાનુદાન થાય છે, એ નિઃસંદેહ છે. શ્રી પુરૂષોત્તમજીએ "સાયુજ્યનો" અર્થ ભગવત્સ્વરૂપમાં લય કર્યો ત્યાં પણ ભગવદિચ્છાથી પૃથક્ સ્થિતિથી આનન્દાભવ તો છે આ સર્વ ચર્ચાથી એટલો નિષ્કર્ષ નિકળે છે કે અલૌકિક સામર્થ્યમાં ભગવાન ભકતના હૃદયમાં પ્રવિષ્ટ થાય છે અને સાયુજ્યમાં

ભક્ત ભગવાનના હૃદયમાં પ્રવિષ્ટ છે. અલૌકિક સામર્થ્યમાં ભક્તની ઇચ્છાએ ભગવાન સ્વરૂપાનન્દનો અનુભવ કરાવે છે, અને સાયુજ્યમાં ભગવાન સ્વેચ્છાએ સ્વપ્રવિષ્ટ ભક્તને બાહર કાઢી સ્વરૂપાનંદનો, આસ્વાદ આપે છે.

**સાધારણ સેવાનું ફળ વૈકુણ્ઠાદિમાં સેવોપયોગી દેહ છે.**

'સેવા થતી હોય ત્યાં જ વિશેષ અનુગ્રહ નહિ હોવાથી, અને સાક્ષાત્ સેવામાં અનુપયોગી હોવાથી, સાક્ષાત્ રસનો અનુભવ કરનાર ભગવદીયોની કરાતી સેવામાં સમીપ યોગ, પક્ષિઆદિનાં શરીરની પ્રાપ્તિ એ તૃતીય ફળ છે. (શ્રી હરિરાયજી) અને 'દેહ ઇન્દ્રિય પ્રાણથી રહિત, પુરુષ, સ્ત્રી પશુપક્ષી વૃક્ષાદિની લીલામાં સંસ્થાન વિશેષ એમ શ્રી પુરુષોત્તમજી કહે છે.

**સિદ્ધાન્ત મુક્તાવલીમાં** જે પ્રકારની સેવાનું નિરૂપણ કરેલું છે, તે પ્રકારની દૃષ્ટિએ આ ફળમાં પુષ્ટયંશ સ્વીકારવો જોઇએ અને તેથી 'વૈકુંઠ પદથી વ્યાપિવૈકુણ્ઠ કે શ્રીગોકુળ વૃંદાવનનાદિ સમજવું રમાપાર્થિત વૈકુંઠ મર્યાદા ફળ છે, ફળ પ્રાપ્ત થયે આગ્ર ફલની સંભાવના નથી. રમા-પાર્થિંત વૈકુણ્ઠમાં પણ પ્રાકૃત દેહ ઇન્દ્રિયાદિ નથી, એમ જયવિજયના પ્રસંગમાં નિરૂપણ થયેલ છે, તેથી વ્યાપિ વૈકુણ્ઠ અથવા શ્રી ગોકુળમાં પણ અપ્રાકૃત દેહાદિજ છે. સાક્ષાત્ સેવામાં અધિકાર મળતો નથી એટલે બાહ્ય રમણનો આનંદ ન મળે, પણ શ્રી ગોકુળાદિ સ્થળમાં રસરૂપ પ્રભુની સરુપ લીલાનાં અહર્નિશ નિરીક્ષણથી પશુ પક્ષ્યાદિ દેહમાં આંતર રમણ છે, અને તેવો અપ્રાકૃત દેહ રમણાનુકૂલ મળે છે, તેથી જ અત્ર 'ફળ' શબ્દનો પ્રયોગ ઘટે છે,

પ્રથમ ફળ અને તૃતીય ફળ એ ઉભયનું તારતમ્ય સમજવું આવશ્યક છે. પ્રથમ અને તૃતીય ફળમાં ભેદ શું ?

ઉત્તર : અલૌકિક સામર્થ્યથી કેવળ અલૌકિક ઇન્દ્રિય વર્ગ જ અભિપ્રેત નથી, પણ સર્વેન્દ્રિયોથી સ્વરૂપાનંદના અનુભવનું

સામર્થ્ય મળે જ છે. એટલે જ 'સામર્થ્ય' શબ્દનો પ્રયોગ છે. તૃતીય ફલમાં તો ભગવાન સાથે સર્વેન્દ્રિયોથી કામોપભોગનો અધિકાર ન હોવાથી માત્ર સેવામાં ઉપયોગી દેહ જ છે, એજ મહાન્ તારતમ્ય છે.

શ્રી મહાપ્રભુજી–વિવરણમાં કહે છે કે :—

**विवरणम्–सेवायां फलत्रयम्। अलौकिकं सामर्थ्यम्। सायुज्यम्। सेवोपयोगिदेहो वैकुण्ठादिषु।**

**શબ્દાર્થ :**—સેવામાં ત્રણ ફલ છે. અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, વૈકુણ્ઠાદિમાં સેવોપયોગી દેહ.

## આ ફલમાં કાલનું બલ ચાલતું નથી.

સંક્ષિપ્તમાં ત્રણે ફલમાં કાલ નિયામક નથી, જયવિજયનો જે પાત થયો, એ કેવલ ભગવદિચ્છાથી જ થયો હતો. એનું ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીમદાચાર્યજીએ અતિ સરસ પ્રતિપાદન કર્યું છે. સર્વ કાલ સગુણ છે, ભગવન્નિષ્ઠ સર્વ નિર્ગુણ છે. સગુણની સત્તા નિર્ગુણ ઉપર ન જ હોઈ શકે. કાલની જ્યાં સત્તા નથી ત્યાં કર્મ કે પ્રકૃતિ શું કરી શકે? લીલાસૃષ્ટિમાં પશુપક્ષિ વૃક્ષાદિરૂપે સ્થિતિ પણ સેવોપયોગી દેહયુક્ત છે; તેથી જ નિર્ગુણ મુનિઓ પણ આંતરલીલામાં સ્વાધિકાર ન હોવાથી પક્ષિરૂપે નિવાસ કરે છે. આથી એમ પણ સિદ્ધ થાય છે, કે ત્યાંના વૃક્ષાદિની વૃદ્ધિ ભગવાનની ઈચ્છાથી જ થાય છે, કાલથી નથી. એ પ્રમાણે અનુગ્રહ તારતમ્યથી ફલતારતમ્ય થાય છે એ સ્પષ્ટ થયું. એટલે ત્રણ પ્રકારના અનુગ્રહથી ફલો થાય છે, શ્રીમહાચાર્યજી સેવામાં બાધકોનું નિરૂપણ કરે છે.

**मूलम्—उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकम्॥ २॥**
**अकर्तव्यं भगवतः सर्वथा चेद् गतिर्नहि।**
**यथा वा तत्त्वनिर्धारो विवेकः साधनं मतम्॥ ३॥**

**बाधकानां परित्यागो भोगेऽप्येकं तथा परम्।**
**निष्प्रत्यूहं महान् भोगः प्रथमे विशते सदा ॥ ४ ॥**

**સાન્વય પદાર્થ**—**तु** (પણ) **उद्वेगः** (ઉદ્વેગ) **प्रतिबन्धः** (પ્રતિબન્ધ) **वा** (અથવા) **भोगः** (ભોગ) (**बाधकम्**) (બાધક) **स्यात्** (થાય) **चेद्** (જો) **सर्वथा** (સર્વ પ્રકારે) **भगवतः** (ભગવાને) **अकर्तव्यम्** (કરવાનું ન હોય, ફલ આપવાનુ ન હોય) (તો) **हि** (નિશ્ચય) **गतिः** (ઉપાય) **न** (નથી) **यथा वा** (જેવી રીતે, જે પ્રકારથી) **तत्त्वनिर्धारः** (તત્ત્વનો નિર્ધાર) (થાય) **विवेकः** (વિવેક) **साधनम्** (સાધન) **मतम्** (માનેલું છે) **बाधकानाम्** (બાધકોનો) **परित्यागः** (પરિત્યાગ) (કરવો) **भोगे** (ભોગમાં) **अपि** (પણ) **एकं** (એક) **परम्** (બીજો ઉત્કૃષ્ટ) **निष्प्रत्यूहम्** (વિઘ્ન વિનાનો છે) **महान्** (મોટો અલૌકિક) **भोगः** (ભોગ) **प्रथमे** (પ્રથમમાં) **सदा** (સદા) **विशते** (પ્રવેશ કરે છે.)

**શબ્દાર્થ**—[ભાવાર્થ ઉપર વિશેષ લક્ષ આપી આ શ્લોકાર્થ કર્યો છે.] ઉદ્વેગ અથવા પ્રતિબંધ અથવા ભોગ બાધક થાય ॥ ૨ ॥ જો ભગવાન સર્વથા ફલ આપવાના ન હોય તો ફલ થતું નથી જ, જે પ્રકારનો તત્ત્વનો નિર્ધાર થાય તે પ્રકારનું વિવેકરૂપી સાધન કરવું છે. બાધકોનો પરિત્યાગ કરવો. ભોગમાં પણ એક (ત્યજવો) અન્ય પ્રકારનો ભોગ પ્રતિબંધક નથી. મહાન્ ભોગ પ્રથમ (ફલમાં)માં સદા પ્રવેશ કરે છે.

**सेवायां प्रतिबन्धकत्रयम्। उद्वेगः प्रतिबन्धो भोगो वा। त्रयाणां साधनपरित्यागः कर्तव्यः। भोगो द्विविधः। लौकिको ऽलौकिकश्च। तत्र लौकिकस्त्याज्य एव। अलौकिकस्तु फलानां मध्ये प्रविशति। प्रतिबन्धोऽपि द्विविधः। साधारणो भगवत्कृतश्च। तत्र आद्यो बुद्ध्या त्याज्यः। भगवत्कृतश्चेत् प्रतिबन्धः सदा भगवान् फलं न दास्यतीति मन्तव्यम्। तदा अन्यसेवापि**

न्यथा। तदा आसुरोऽयं जीव इति निर्धारः। तदा ज्ञानमार्गेण स्वास्थ्यं शोकाभावायेति विवेकः।

## પ્રતિબંધ વિચાર

શબ્દાર્થ—સેવામાં ત્રણ પ્રતિબંધ છે. ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગ, ત્રણેના સાધનોનો પરિત્યાગ કરવો. ભોગ બે પ્રકારનો છે; લૌકિકનો ત્યાગ કરવો જ. અલૌકિક ભોગ તો ફળોની મધ્યે પ્રથમ (ફળ)માં પ્રવેશ કરે છે. પ્રતિબંધ પણ દ્વિવિધ છે. સાધારણ અને ભગવત્કૃત, તેમાં આદ્ય (સાધારણ)નો બુદ્ધિથી ત્યાગ કરવો. ભગવત્કૃત જો પ્રતિબંધ હોય તો ભગવાન ફળનું દાન નહિ કરે એમ ધારવું ત્યારે આ જીવ આસુર છે એવો નિર્ધાર છે. ત્યારે શોકના અભાવ માટે જ્ઞાન-માર્ગમાં સ્થિતિ કરવી એ વિવેક.

સેવામાં ત્રણ પ્રતિબંધક છે. ૧ ઉદ્વેગ, ૨ પ્રતિબંધ, ૩ ભોગ, ઉદ્વેગ એટલે ઉત્કૃષ્ટવેગ સેવામાં અસ્થિરતા કે બહિર્મુખતા અથવા દુષ્ટજનોથી ઉત્પન્ન થતો મનમાં ભય કે પાપથી બુદ્ધિનું ચલન, આ પ્રકારની ચંચળતા ચિત્તમાં ક્લેશ ઉત્પન્ન કરવાથી સેવામાં બાધક થાય છે; તેથી સેવાનું અધિદૈવિકપણું સિદ્ધ થતું નથી.

દ્વિતીય બાધક પ્રતિબંધ છે. અત્ર દ્વિતીય પ્રતિબંધકનું પ્રતિબંધ નામ શ્રીમદાચાર્યજી કહે છે. ઉદ્વેગ અને ભોગ એ બન્ને પ્રતિબંધકો કે બાધકોનો પ્રતિબંધ રૂપ દ્વિતીય બાધકમાં સમાવેશ કર્યો હોત તો પણ ચાલતે. પરંતુ આ પ્રમાણે ત્રણનો પૃથક્ નિર્દેશ કરવાનું કારણ એ છે કે ઉદ્વેગ દુઃખરૂપે બાધક છે; ભોગ સુખરૂપે બાધક છે. અને પ્રતિબંધ દુઃખસુખ રૂપે બાધક છે.

प्रतिबंधकं तूदासीनं दुःखसुखे प्रयच्छति અર્થ :–પ્રતિબંધક ઉદાસીન જનને દુઃખ અને સુખ આપે છે, તેથી શ્રીમદાચાર્યજી એને 'પ્રતિબંધ' નામથી જ નિર્દેશ છે.

'સેવા સમયમાં લૌકિક વૈદિક કાર્યમાં આસક્તિ અને અન્યકૃત અંતરાય વગેરે એ પ્રતિબંધ છે. એમ શ્રી હરિરાયજી તથા શ્રી કલ્યાણ-રાયજીનો અભિપ્રાય છે.

**આ પ્રતિબંધ પણ બે પ્રકારનો છે.** એક સાધારણ અને બીજો ભગવાને કરેલો સાધારણ પ્રતિબંધનો ત્યાગ જીવથી થઈ શકે છે, પણ ભગવત્કૃત પ્રતિબંધમાં જીવનો ઉપાય નથી, તેથી તેનો ત્યાગ થઈ શકતો નથી.

**ભોગ સુખરૂપે ભગવત્સેવામાં પ્રતિબંધક છે.** પોતાના માટે લૌકિક ભોગ સિદ્ધ કરી ઇન્દ્રિય તર્પણ કરવા રૂપ ભોગ સુખરૂપે બાધક છે રૂપ, રસ ગન્ધ, શબ્દ અને સ્વર્શમાં આસક્તિ હોવાથી સેવામાં ચિત્તની સ્થિરતા ન રહે, એ સ્વાભાવિક છે. ભોગ દેહ અને ઇન્દ્રિય-નિષ્ઠ છે. તેથી ઉભય પ્રકારની સેવામાં વિરૂદ્ધ સામગ્રીરૂપે બલિષ્ઠ છે. આ ભોગ પણ બે પ્રકારનો છે, એક લૌકિક અને અન્ય અલૌકિક તેમાં અલૌકિકનો ત્યાગ કરવાનો નથી.

આ પ્રમાણે ઉદ્વેગ, સાધારણ પ્રતિબંધ, ભગવત્કૃત પ્રતિબંધ, લૌકિક ભોગ અને અલૌકિક ભોગ એ પાંચમાંથી ત્રણ બાધકનો ત્યાગ કરવાનો છે. ૧ ઉદ્વેગ, ૨ સાધારણ પ્રતિબંધ ૩ લૌકિકભોગ, આ ત્રણે પ્રતિ-બંધકના સાધનનો ત્યાગ કરવો ? શ્રીમદ્દાચાર્યજી ઉપદેશે છે કે-**त्रयाणां साधनपरित्यागो कर्तव्यः** ત્રણેનાં સાધનનો પરિત્યાગ કરવો. એ ત્રણ પ્રતિબન્ધકો આવી પડે, ત્યારે તે પ્રતિબન્ધકોનો ત્યાગ કેમ થઈ શકે? સિદ્ધવસ્તુઓનો ત્યાગ અશક્ય હોવાથી, તેઓનાં સાધનના ત્યાગનો ઉપદેશ કરવામાં આવે છે, એ ત્રણે પ્રતિબન્ધકોની જે કારણથી ઉત્પત્તિ થાય છે તે કારણ કે હેતુઓ જ ત્યાગ કરવામાં મનુષ્યે પ્રયત્ન કરવો.

## ભોગ એટલે શું ?

**ભોગ બે પ્રકારનો છે તેમાં લૌકિક ભોગ તો ત્યાજ્ય છે. અલૌકિક ભોગનો ત્યાગ કરવાનો નથી;** કારણુ કે ફલમધ્યે પ્રથમ ફલમાં તે અલૌકિક ભોગનો સમાવેશ થાય છે. મૂળગ્રંથમાં '**प्रथमे विशते**' 'એ શબ્દોનું વ્યાખ્યાન શ્રીમદાચાર્યજી' '**फलनां मध्ये प्रथमें प्रविशति**' એમ કરે છે, અહીં પ્રથમ ફલ કયું ? સેવોપયોગી દેહ કે અલૌકિક સામર્થ્ય ? દૃષ્ટિ ભેદથી ઉભય ઘટે છે અહીં તાત્પર્ય આ છે, શરીરનાં નિર્વાહ વિના સેવા સિદ્ધ થઈ શકે નહિ. લૌકિક ભોગ સેવામાં બાધક છે; એટલે કે અનિવેદિત પદાર્થોનો સ્વદેહને પોષણાર્થ ઉપભોગ કરવો એ લૌકિક ભોગ ગણાય, પરંતુ ભગવાન, આપેલી વસ્તુઓ ભગવાનને જ નિવેદિત કરી મહાપ્રસાદની બુદ્ધિથી અને પોતે કિંકર હોવાથી સ્વામીની પ્રસાદી લેવી એ સ્વધર્મ છે એવી બુદ્ધિથી, (નહિ કે સ્વાદદૃષ્ટિથી) તે પ્રસાદી વસ્તુને પોતાને ભાગ્યશાલી માની ગ્રહણ કરે તો એ ભોગ બાધક નથી, એટલું જ નહિ પ્રત્યુત સેવો-પયોગી દેહનું સંપાદન કરવામાં સહાયભૂત છે. જે અન્ન આપણે અશન કરીએ છીએ તેનાં પરમાણુઓ શરીરમાં બંધાય છે તે જો ભગવાનમાં વિનિયોગ નહિ થયેલી વસ્તુઓનાં હોય તો આ પાંચ ભૌતિક શરીર સેવામાં અનુકુળ ન થઈ શકે એ સ્પષ્ટ છે, પરંતુ શ્રીપ્રભુને નિવેદિત પદાર્થમાં અન્નપણું રહેતું નથી. એ અનુભવીનું આંતર સમજી શકે છે. એ પ્રસાદનું બનેલું શરીર પણ અલૌકિક થાય એમાં શું આશ્ચર્ય ? અને સેવોપયોગી દેહ તે અલૌકિક ભોગથી સંપન્ન થાય તેમાં શો સંદેહ ? આ વિચાર આધિભૌતિક દૃષ્ટિથી કર્યો છે.

**फलानाम् मध्ये प्रथमे એમ કહેલું છે. એટલે 'प्रथम' શબ્દથી અધિકારરૂપ સેવોપયોગી દેહ સમજવો.**

લૌકિક ભોગ તો ત્યાજ્ય છે કારણ કે તે સેવામાં બાધક છે અલૌકિક ભોગ નિષ્પ્રત્યૂહ એટલે અન્તરાય રહિત છે તેથી બાધક નથી.

## અલૌકિક ભોગ

ભગવાનને નિવેદિત પદાર્થનો, ભગવાને આપેલ પ્રસાદ તરીકે ઉપભોગ એ અલૌકિક ભોગ છે તેમાં અન્નબુદ્ધિ રહેતી નથી, તેમજ અન્નત્વ વસ્તુતઃ રહેતું નથી. આ રસનેન્દ્રિયના અલૌકિક ભોગ પ્રમાણે રૂપ સ્પર્શ ગન્ધાદિનો ભોગ પણ અલૌકિક થઈ શકે છે, કેવલ શરીરનિર્વાહ અર્થે આવશ્યક નિવેદિત પદાર્થનો ભોગ અલૌકિક છે, એટલું જ નહિ પરંતુ સેવાસમયે ભગવાનને આપણા મુખની દુર્ગંધ ન આવે તે માટે સુગન્ધી તામ્બૂલ ભક્ષણ કરવું એ પણ અલૌકિક ભોગ છે. તેજ પ્રમાણે અંગરાગાદિનો ભગવદર્થ લેપ થાય તે અલૌકિક છે. દન્તધાવનાદિ ક્રિયાઓ પણ જો ભગવત્સેવાર્થ થાય તો ભગવદ્ધર્મરૂપ છે, એમ એકાદશસ્કંધમાં નવયોગિપ્રસંગમાં કવિએ કહેલ '**કાયેન વાચા**' એ શ્લોક ઉપર શ્રીમત્ પ્રભુચરણકૃત વ્યાખ્યાનથી સ્પષ્ટ થાય છે. માટે અલૌકિક ભોગનો ત્યાગ ન કરવો એમ શ્રીમદાચાર્યજી ઉપદેશે છે.

## પ્રતિબંધ

પ્રતિબંધ બે પ્રકારનો છે. એમ આગળ કહેવાયું છે. ૧ સાધારણ અને ૨ ભગવત્કૃત. સાધારણ પ્રતિબન્ધનો બુદ્ધિથી ત્યાગ કરવાનો છે. સેવાસમયે લૌકિક વૈદિકકાર્યાસક્તિ કે અન્યકૃત અન્તરાયરૂપ સાધારણ પ્રતિબન્ધનો બુદ્ધિચાતુર્યથી ત્યાગ થઈ શકે. અમુકકાર્ય લૌકિક કે વૈદિક અમુક સમયે કરવાનું છે. એવું જ્ઞાન હોય તો, એવી રીતે ચાતુર્યનો ઉપયોગ કરવો કે સેવાના અનવસરમાં તે આવી પડેલું કાર્ય થઈ શકે.

અથવા વેદનિન્દા કે પાપરૂપ સાધારણ પ્રતિબંધનો બુદ્ધિપૂર્વક ત્યાગ કરવો. સેવાના અનવસરમાં લૌકિક વૈદિક કાર્ય કરવાથી, સેવામાં અવરોધ થતો નથી. પુત્રવિવાહ આદિ કાર્યોમાં પણ એ પ્રકારનું ઉપાયચાતુર્ય વાપરવું, પરોપકાર કરવાનો હોય અને જો સેવામાં બાધક થાય, એટલે અંતરાય કરે તો તે પરોપકારનો પણ ત્યાગ કરવો, એમ શ્રીમદાચાર્યજીનો નિબંધમાં ઉપદેશ છે. પરોપકાર ભગવત્સેવાથી ગૌણ છે. ભગવદ્ધર્મ કરતાં પરોપકાર મોટો નથી. અથવા સેવાનાં અનવસરમાં થઈ શકે તો કરવો, પણ સેવામાં અન્તરાયરૂપ હોય તો તેનો સર્વથી ત્યાગ જ કરવો.

## ભગવત્કૃતપ્રતિબંધ

**દ્વિતીય પ્રતિબંધ ભગવત્કૃત છે. તેનો ત્યાગ કરવો અશક્ય છે.** જો ભગવાનને ફલ દેવાની ઇચ્છા ન હોય હોય તો ગતિ નથી, નિસ્તાર એટલે ભગવત્કૃત પ્રતિબંધ દૂર કરવાને કોઈ ઉપાય નથી. કારણ કે સર્વ માર્ગમાં ફલદાતા ભગવાન જ છે, તેની ઇચ્છા જો એવી હોય કે જીવને ફલદાન ન જ કરવું તો એ ભગવાને કરેલો પ્રતિબંધ છે. તેમાં જીવ પ્રયત્ન નિરર્થક છે. એટલે ભગવત્કૃત પ્રતિબંધનો ત્યાગ અશક્ય છે.

સેવામાં એકવાર પ્રવૃત્ત થયેલા જીવને ભગવાન પ્રતિબંધ કરે છે; તેનું કારણ આ છે. આસુરજીવ કદાચ આકસ્મિક યોગથી ભગવદીયના સંગથી સેવામાં પ્રવૃત્ત થાય પણ તેને ભગવાન પ્રતિબંધ કરે છે. અથવા દુષ્ટસંગ કે બાહિર્મુખ્યથી ભગવાન અપ્રસન્ન થઈ પ્રતિબંધ કરે. અથવા પ્રભુનો સ્વભાવ ભક્તપક્ષપાતી છે. તો એવા કોઈ ભગવાનના પરમકૃપા-પાત્ર ભગવદીયના દ્રૂષથી ભગવાન ત્યાગ કરે છે, જેમાં પ્રાર્થનાથી ક્ષમા પણ ન થાય, ત્યારે તે જીવને ફલપ્રાપ્તિમાં પ્રતિબંધ કરે છે. મોટાના દ્રૂષથી શુભ પ્રારબ્ધ પણ નષ્ટ થાય છે, એ તૃતીય સ્કંધના પ્રકરમાં શ્રીમત્

પ્રભુચરણે બહુ જ સુંદર રીતે પ્રતિપાદન કર્યું છે. માટે મહદ્દ્વેષ ન કરતાં સાવધાનતાથી રહેવાની આવશ્યકતા છે.

## તે જીવને આસુર જાણવો

ભગવત્કૃત પ્રતિબન્ધ થાય ત્યારે ભગવાન ફલનું દાન ન કરે તો પણ બીજા અવતારો કે મહાદેવાદિ દેવોની સેવા કે તીર્થમાં સ્થિતિ કરવા વિગેરે અન્યસેવા પણ વ્યર્થ છે. અન્ય દેવો કે અંશો પણ ક્યારે ફલ આપે કે મૂલપ્રભુ અવિરૂદ્ધ હોય. મહારાજાધિરાજ જે પુરુષ ઉપર કોપ કરે તેનો સચિવાદિ અધિકારીઓ પણ કેમ પક્ષ કરી શકે? આ ભગવત્કૃત પ્રતિબંધ થાય ત્યારે **એમ સમજવું કે આ જીવ આસુર છે; આસુર ભાવવાળો છે. અથવા સહજ આસુર છે.** જે આસુરના મનમાં ભક્તની સામીપ્યમાં સદ્ભાવ ઉત્પન્ન થાય, અને ભક્ત દૂર જતાં એ ભાન નષ્ટ થાય, એ જીવ આસુરાવેશી છે. પણ જે જીવને સત્સંગથી પણ સદ્ભાવ ઉત્પન્ન થતો નથી, તે સહજ આસુર છે. આસુર ભાવવાળા જીવની સ્થિતિ જ્ઞાનમાર્ગમાં પણ થઈ શકે છે. સહજાસુરની થતી નથી. એ બન્ને પ્રકારના આસુરોને મુખ્ય ફલ થતું નથી.

## આસુર જીવે શું કરવું?

ભગવદીય કુલમાં ઉત્પન્ન થયેલ આસુર જીવ પ્રથમ સેવામાં સત્સંગથી પ્રવૃત્ત થાય અને પશ્ચાત્ પ્રભુ વિઘ્ન કરે, ત્યારે તે જીવને પશ્ચાત્તાપ થાય અને કલેશ થાય. એ કલેશ દૂર કરવા, ભગવદીયનો સંબંધી છે એવા વિચારથી કરૂણા કરી, તેને પણ શોકાભાવ માટે શ્રીમદાચાર્યજી ઉપદેશ કરે છે.

**तदा ज्ञानमार्गेण स्थातव्यं शोकाभावायेति विवेकः ।**

**અર્થ**—ત્યારે શોકના અભાવ માટે જ્ઞાનમાર્ગથી સ્થિતિ કરવી, એ વિવેક.

કામ ક્રોધાદિથી ભગવાનમાં તન્મયતા થાય છે; તન્મયતાથી સાયુજ્ય પ્રાપ્ત થાય છે અને સિદ્ધાન્તમુક્તાવલીમાં તન્મયતા એ માનસીનું ફલ છે એમ કહેલું હોવાથી, સાયુજ્ય ફલ સિદ્ધ થાય છે તો તૃતીય ફલ સેવાપયોગી દેહ કેમ થાય? તેના ઉત્તરમાં કહે છે.

**उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्**

**અર્થ**—ઉદ્વેગ પ્રતિબન્ધક કે ભોગ થાય.

**વિવેચન**:—સેવા થતી હોય ત્યાં આ ત્રણ પ્રતિબન્ધમાંથી એક થાય. પ્રતિબન્ધ એટલે વિરુદ્ધ સામગ્રી અને તેનાં ઉત્પાદક આ ત્રણ પ્રતિબંધક છે. ઉદ્વેગ. ભોગ અને પ્રતિબન્ધ.

**ઉદ્વેગ એટલે**:—૧ અતિ ભય અથવા ૨ ચલન. સેવા થતી હોય ત્યારે દુષ્ટ વગેરે તરફથી મનમાં ભય ઉત્પન્ન થાય એ પ્રથમ પ્રકારનો ઉદ્વેગ છે. પાપથી બુદ્ધિમાં ચંચળતા આવે છે. તે દ્વિતીય પ્રકારનો ઉદ્વેગ છે. દ્વિતીય ઉદ્વેગ અદ્રષ્ટથી ઉત્પન્ન થાય છે. આ બન્ને આન્તર છે, અને બાહ્ય સેવાના ફલરૂપ માનસીસેવા સમયમાં પ્રતિબન્ધક છે.

**પ્રતિબન્ધક એટલે**:—સેવાથી પ્રતિકૂલ વર્તન, એ સેવામાં રૂચિ હોવા છતાં શરીરનું સામર્થ્ય છતાં, સેવા સમયમાં લૌકિક વૈદિક કાયિક વ્યાપાર કરે છે અને બાહ્યસેવામાં વિરૂદ્ધ સામગ્રી સેવામાં પ્રતિબન્ધ કરે છે, અને તે સર્વદા નથી પણ કદાચિત્ આવી પડે છે.

**ભોગ એટલે**:—સુખ દુઃખનો સાક્ષાત્કાર તે દેહઇન્દ્રિયનિષ્ઠ હોવાથી, ઉભય પ્રકારથી સેવામાં પ્રતિબન્ધક છે.

આ પ્રમાણે આ ત્રણ પ્રતિબન્ધકો સેવાવિરૂદ્ધ કાયિક વાચિક અને માનસિક સામગ્રી ઉત્પન્ન કરે છે તેથી માનસી સેવામાં હીનતા આવે છે.

**तु बाधकमकर्तव्यं भगवतः सर्वथा चेद्गतिर्न हि ॥ यथा वा**

વિવરણ:—પ્રથમ કહેલ ત્રણ બાધક ભગવાન સર્વથા ન કરવાના હોય તો, નિશ્ચય બીજી ગતિ નથી, ભગવાન કરતાં અન્યત્ર મનની ગતિ નથી. કિંતુ ભગવાનમાં જ લય થાય છે.

**ता नाविदन् मय्यनुषंगबद्धधियः स्वमात्मानमदस्तथेदम् ।**
**यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे ॥**

તે ગોપીજનો મારામાં આસક્તિથી જેની વૃત્તિઓ બદ્ધ થઈ છે. તેઓએ જેમ મુનિઓ સમાધિમાં અને નદીઓ સમુદ્રમાં પ્રવેશ કરે ત્યારે નામરૂપને જાણતાં નથી, તેમ તેઓએ પોતાના આત્માને પરલોકને અને આલોકને પણ જાણ્યો નહિ.

આ શ્લોકમાં જે ભગવત્ એકતાનતા નિરૂપણ કરી છે તે કહેલી રીતિએ થાય જ. આથી મુખ્ય ફલ થશે જ.

**अतत्त्वनिर्धारोऽविवेकः साधनं मतम् ॥ ३ ॥**

**बाधकानां परित्याग :**

પૂર્વોક્ત બે અથવા ત્રણ વાક્યમાં સંદેહ ન હોવાથી '**आतत्त्वनिर्धारो**' એનું વિવરણ શ્રીમદાચાર્યજી કરે છે. **त्रयाणाम् साधनपरित्यागः कर्तव्यः ।**

શબ્દાર્થ :—અતત્ત્વનિર્ધાર અને અવિવેક સાધન મનાયેલ છે. (એ) બાધકોનો પરિત્યાગ (કરવો).

## વિવેકથી વિચાર કરો

વિવેચન–તાત્પર્ય એ કે જેમ ભોજનત્યાગથી પૂર્વ અજીર્ણની નિવૃત્તિ થાય છે, અને ભાવિઅજીર્ણની અનુત્પત્તિ થાય છે, તેમ તત્ત્વનિર્ધાર થાય, ત્યારે બુદ્ધિદોષરૂપ ઉદ્વેગની નિવૃત્તિ થાય છે; અને વિવેક થાય, ત્યારે પ્રતિબન્ધક અને ભોગની નિવૃત્તિ થાય છે, એ રીતે અતત્ત્વનિર્ધાર અને અવિવેકનો નિઃશેષ નાશ કરવો.

**भोगेऽप्येकं तथा परम् ।**

**निःप्रत्यूहं महान् भोगः प्रथमे विशते सदा ॥ ४ ॥**

## બુદ્ધિ ચાતુર્ય વાપરો

**વિવેચન—'अपि'** શબ્દ સમુચ્ચયવાચક છે. ભોગમાં લૌકિકનો પરિત્યાગ કરવો. **'अपि'** શબ્દથી પ્રતિબંધકમાંથી પણ લૌકિકનો જ સર્વથા ત્યાગ કરવો, જેમ ભોગ અને પ્રતિબંધમાંથી લૌકિકનો પરિત્યાગ કરવાનો છે, તેમ અન્ય ભોગ એટલે દ્વિતીયભોગ વિઘ્નશૂન્ય છે. ભોગની વિઘ્નશૂન્યતામાં કારણ એ કે **महान् भोगः प्रथमे विशते**–મહાન્ ભોગ પ્રથમ (ફલ)માં પ્રવેશ કરે છે, એક પ્રતિબંધનો ત્યાગ ન કરવો અથવા અથવા ન થઈ શકે તેમાં કારણ કહે છે કે **'सदा'** આ સર્વ મન્દ-અધિકારીઓ ન સમજે. તેથી શ્રીમદ્દાચાર્યજી સ્વયં વિવરણ કરે છે. ભોગ બે પ્રકારનો છે તે બે પ્રકાર મધ્યે લોકાશક્તિથી ઉત્પન્ન થતો ભોગ સર્વદા બલવાન્ બાધક હોવાથી અવશ્ય ત્યાજ્ય છે. ભોગ કરતાં ન્યૂન પ્રતિબંધનો વિભાગ કરે છે; પ્રતિબંધક પણ બે પ્રકારના છે. સાધારણ અને ભગવત્કૃત. તેમાં પ્રથમ પ્રતિબંધ સ્વલ્પ સમય આવતો હોવાથી તેનો ત્યાગ પ્રકાર કહે છે. તે બે પ્રતિબંધમાં જે આદ્ય પ્રતિબંધ (સાધારણ)નો બુદ્ધિ એટલે ઉપાય ચાતુર્યથી ત્યાગ કરવો. બુદ્ધિ પણ સહકારી છે; બુદ્ધિથી ત્યાગ કરવો. ભગવાને આપેલો પ્રસાદ છે, એવી બુદ્ધિથી કરાતો ભોગ આદ્ય મનોરથાત્મક પ્રથમ ફલમાં પ્રવેશ કરે છે, અને અન્તરાય વિનાનો છે, તેથી તેનો ત્યાગ ન કરવો. આ **महान्** પદથી કહ્યો છે. **આસુરનો** ભાવાર્થ એવો છે તે સેવામાં પોતાની રૂચિ અને સામગ્રી સમ્પત્તિ હોવા છતાં જ્યારે પુનઃ તેમાં વિઘ્નથી સેવાનો નિર્વાહ ન થાય અથવા સેવામાં અરૂચિ ઉત્પન્ન થાય, ત્યારે તે ભગવત્કૃત પ્રતિબંધ છે એમ સમજવું. ત્યારે પોતાને અથવા અન્યને દૈવ અત્ર વિઘાતક છે.' એવી બુદ્ધિ થાય છે. આવો પ્રતિબંધ થાય ત્યારે પૂર્વોક્ત

ત્રણ પ્રકારનું ફલ ભગવાન નહિ આપશે એવું માનવું. માટે સેવા પ્રતિબંધક યુક્તિથી વિચારવા. આ પ્રતિબંધ થાય ત્યારે ભગવદર્થ ગુરુ વગેરેની સેવા કરે તોપણ વ્યર્થ છે; એટલે એ ફલરૂપ અર્થ એમાંથી નહિ પ્રાપ્ત થાય એમ સમજવું.

ત્યારે એ જીવ ચતુર્થ સ્કંધમાં કહેલ **एवं पञ्चविधं** એ શ્લોકમાં કહેલ ચેતનાયુક્ત સંઘાત આસુર છે, એવો નિર્ધાર કરવો. ત્યારે જ્ઞાનમાર્ગની રીતિએ સ્વાત્મામાં અથવા પ્રપંચમાં અક્ષરબ્રહ્મત્વની ભાવના કરવી; અથવા અસ્થૂલાદિ કે સદાદિની ઉપાસના કરી સ્થિતિ કરવી; એથી શોકનો અભાવ થાય છે, કારણ કે આત્મજ્ઞાન શોકનાશક છે; એમ શાસ્ત્રમાં કહેલું છે, એ પ્રમાણે સ્થિતિ કરવાથી એ સંઘાતની નિવૃત્તિ થયે અક્ષરસાયુજ્ય કે જ્ઞાનમાં સ્થિતિ તેને પ્રાપ્ત થાય છે. એ વિવેક એટલે સેવાફલમાં પૃથક્કરણ થયું.

**શ્રી પુરુષોત્તમજીને અત્ર આટલા ગ્રન્થદર્શનથી જે ભાસ્યું** તે કહે છે. આસુર જીવો પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રન્થમાં અજ્ઞ અને દુર્જ્ઞ એવા બે પ્રકારના નિરૂપિત છે. તેઓ તરફ પૂર્વોક્ત ઉપદેશ થતો નથી. તે અજ્ઞ દુર્જ્ઞ આસુરો પ્રતિ એ ઉપદેશ નથી.

**'प्रवाहेपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते'**

પ્રવાહમાં પણ આવી પુષ્ટિસ્થ પ્રહ્લાદ જેવો તેમની સાથે મળી જતો નથી.

**એ શ્લોકમાં કહેલ અધિકારીઓ બાકી રહ્યા; જેવા કે અલીખાન વગેરે, માટે તેવા પ્રતિ આ ઉપદેશ છે. ॥૪॥**

એ પ્રમાણે અલૌકિક ભોગ અને ભગવત્કૃત પ્રતિબંધનો ત્યાગ ન થઈ શકે—એમાં કારણ કહીને લૌકિક ભોગ અને સાધારણ પ્રતિબંધ શા

માટે ત્યાજ્ય છે તેનાં કારણ દર્શાવે છે.

**मूलम्-सविघ्नोल्पो घातकः स्याद् बलादेतौ सदा मतौ**

**સાન્વયાર્થ** :-(ભોગ) **सविघ्नः** (વિઘ્ન સહિત) **अल्पः** (અલ્પ) (છે માટે ત્યજવો). (પ્રતિબંધ) **घातकः** (ઘાતક) **स्यात्** (થાય છે) **एतौ** (તે બન્ને) **बलात्** (બલાત્કારથી) **सदा** (સદા) **मतौ** (માનેલા છે)

**શબ્દાર્થ** :-(લૌકિક ભોગ) સવિઘ્ન અલ્પ છે અને (સાધારણ પ્રતિબંધ) ઘાતક છે, ( માટે ) તે ઉભય સદા બળાત્કારથી ( ત્યાજ્ય ) મનાયેલા છે.

**विवरणम् :-ननु साधारणो भोगः कथं त्यक्तव्यः इत्याकांक्षायामाह 'सविघ्नो अल्पो घातकः स्या'दिति । सविघ्नत्वाद् अल्पत्वाद् भोगस्त्याज्यः । 'एतौ सदा' प्रतिबन्धकौ ।**

**શબ્દાર્થ** :—સાધારણ ભોગનો કેમ ત્યાગ કરવો ? એવી આકાંક્ષા થાય ત્યાં કહે છે કે **सविघ्नोल्पो घातकः स्यादिति** વિઘ્ન સહિત હોવાથી, અલ્પ હોવાથી ભોગનો ત્યાગ કરવો. એ ઉભય સદા પ્રતિબંધક છે.

## લોકભોગ પ્રતિબંધ તજવાનું કારણ શું ?

વિવેચન :—સાધારણ ભોગનો ત્યાગ કેમ કરવો ? એટલે તેના ત્યાગમાં પ્રકાર કયો છે ? જો આ પ્રકારનું નિરૂપણ ન થાય તો પ્રથમ ત્રણેનાં સાધનનો પરિત્યાગ કરવો. એ ગ્રન્થનો વિરોધ થાય, લૌકિક ભોગને કર્મ કાલાદિથી વિઘ્ન છે, અને સ્વરૂપથી ફલથી અને સાધનથી અલ્પ છે. એટલે સદ્યવિનાશી છે. તેથી તેનો ત્યાગ કરવો. મૂલમાં સવિઘ્ન અલ્પ અને ઘાતક એમ ત્રણ વિશેષણ છે. પ્રથમ બે વિશેષણ ભોગના છે પણ તેનું વ્યાખ્યાન હેતુથી કર્યું છે. બાકી રહેલ 'ઘાતક' એ વિશેષણ પ્રતિબંધનું છે, એમ અર્થાત્ સિદ્ધ થાય છે. સેવાકાલમાં સાધારણ પ્રતિબંધ

અવરોધ કરે છે, માટે તેનો ત્યાગ કરવો.

'સાધારણ' પ્રતિબંધનું સાધારણત્વ એ કે સર્વે અધિકારીઓમાં તેનો સંભવ છે. ભગવત્કૃતપ્રતિબંધ તે આસુર માત્ર વિષયક હોવાથી અસાધારણ છે.

આ ઉભય લૌકિકભોગ અને સાધારણ પ્રતિબંધ સદા એટલે ક્ષણે ક્ષણે પ્રતિબંધક છે; તેથી ઉપાય ચાતુર્યથી બલાત્કારથી તેમનો ત્યાગ કરવો. તેના દાખલા તરીકે 'જો મેં અધિક ભોજન કર્યું તો અત્યારની મારી સેવા ગઈ. ગાન વગેરેમાં આસક્તિથી મેં રાત્રે જાગરણ કર્યું, તો અત્યારે નિદ્રા આવે છે. માટે તેમ ન કરવું જોઈએ.' એવી બુદ્ધિથી એટલે ઉપાય ચાતુર્યથી સર્વથા એ ઉભયનો ત્યાગ કરવો.

**मूलम् :—द्वितीये सर्वथा चिन्ता त्याज्या संसारनिश्चयात् ॥५॥**

**સાન્વર્ય પદાર્થ :—द्वितीये** (બીજામાં ભગવત્કૃત પ્રતિબન્ધમાં) **चिन्ता** (ચિંતા) **सर्वदा** (સર્વ પ્રકારે) **त्याज्या** (ત્યજવી) **संसार-निश्चयात्** (કારણ કે સંસારફલ થવાનું છે તે નિશ્ચય છે.)

**શબ્દાર્થ :**—દ્વિતીય (ભગવતકૃતપ્રતિબન્ધ)માં સંસારના નિશ્ચય થશે. સર્વથા ચિન્તાનો ત્યાગ કરવો.

**विवरणम् :—द्वितीयो भगवत्कृतप्रतिबन्धः । ज्ञानस्थित्य-भावे चिन्ताभावार्थमाह द्वितीय इति ।**

**શબ્દાર્થ :**—દ્વિતીય ભગવતકૃતપ્રતિબન્ધ છે. જ્ઞાનમાર્ગમાં સ્થિતિ ન થાય તો ચિન્તા ન કરવી. કહે છે કે દ્વિતીય સંસારના નિશ્ચયથી થશે.

**વિવેચન :**—'દ્વિતીય' ભગવત્ કૃત પ્રતિબન્ધ છે. જ્ઞાનમાર્ગમાં પણ જો સ્થિતિ ન સંભવે તો તેને માટે શોક ન થાય માટે બીજો ઉપદેશ કરે છે, કે જ્ઞાનમાર્ગમાં સ્થિતિ ન થાય તો એમ ધારવું કે ભગવાન મને

સંસાર જ આપવાના છે માટે મારે ચિંતા શા માટે કરવી? સર્વ સમર્થ પરમેશ્વરે જ એમ વિચાર્યું છે, તે અન્યથા થાય નહિ.

પ્રથમ 'જેને ભગવત્ કૃત પ્રતિબંધ છે, તેને જ્ઞાનમાર્ગમા નિશ્ચિત કરવા' એવો ઉપદેશ શોક ન થવા દેવા માટે કર્યો. હવે તે જ્ઞાનમાર્ગમાં સ્થિતિ પણ ન સંભવે તેને માટે આ ઉપદેશ છે. આ બે પ્રકારના ઉપદેશનું ફળ શોકાભાવ છે, પણ તે બન્ને ઉપદેશના અધિકારી ભિન્ન ભિન્ન છે.

**ભગવત્કૃત પ્રતિબંધનો ત્યાગ અશક્ય છે.** અને જેને તે પ્રતિબંધ થાય તે આસુર પ્રતિ ઉપદેશ શ્રીમદાચાર્યજી કરે છે, તે એટલા માટે કે તે આસુર કદાચ ભગવદીય સંબંધી હોય તો તે ભગવદીય ઉપરની કૃપાથી તેના સંબંધીને પણ શોકાભાવ થવા માટે ઉપદેશ કરે છે, તેને સેવાફળ નથી: તેમ જ મુક્તિ પણ નથી. માત્ર અહંતા મમતાત્મક અનર્થ મૂળ પ્રવાહ માર્ગના ફળ જેવો સંસાર જ છે, પણ ફળાંતર નથી. ગીતામાં **'निबन्धायासुरी मता'** એ શ્લોકમાં આસુરી સૃષ્ટિ બંધન માટે કલ્પાયેલી છે એમ કહ્યું છે.

પ્રથમ પ્રતિબંધક ઉદ્વેગ થાય ત્યારે ફળની સંભાવના છે કે નહિ? તે સંબંધી વિચાર કરે છે.

**मूलम्—नन्वाद्ये, अदातृता नास्ति ।**

**સાન્વય પદાર્થ—तु** પણ, **आद्ये** પ્રથમ પ્રતિબંધમાં, (ચિંતા ન ત્યજવી) (કારણ કે) **अदातृता** અદાતૃત્વ, **अस्ति छे, न** નહિ.

**શબ્દાર્થ**—આદ્ય (પ્રતિબંધક), મા (ચિન્તા) ન (ત્યજવી) (કારણ કે) દાતૃતા નથી. (અથવા અદાતૃતા નથી.)

**विवरणम्—आद्य फलाभावे भगवतो दातृत्व नास्ति तदा सेवा नाधिदैविकीत्युक्तं भवति ।**

શબ્દાર્થ—બાહ્ય ફળના અભાવથી ભગવાનને ફળદાતૃત્વ આપવાની ઇચ્છા નથી. ત્યારે સેવા અધિદૈવિકી થતી નથી. એમ સિદ્ધ થયું.

ભગવત્ કૃત પ્રતિબંધ થાય તો ફળ વિષયક ચિંતાને ત્યાગ કરવો પણ સાધારણ પ્રતિબંધ કે ઉદ્વેગ થાય તો ભગવાન ફળ આપવાના છે.

પણ ફળ વિષયક ચિંતા ત્યજવાની નથી. ઉદ્વેગવાળાને સેવા આધિદૈવિક થતી નથી. એ આધિદૈવિકત્વ પ્રાપ્ત કરવા ભગવદ્ ભાવનરૂપી ચિંતા કરવી જ. સાધારણ પ્રતિબંધ દૂર ગઈ શકે છે. ઉપરાંત ઉદ્વેગરૂપ બાધક પણ દૂર થઈ શકે છે. એટલા માટે જ તેમાં ફળ વિષયક ચિંતા કરે એમ શ્રીમદાચાર્યજી ઉપદેશે છે. ઉદ્વેગ માનસિક છે. અને માનસી સેવામાં ચિત્તસ્થૈર્યની અત્યંત આવશ્યકતા છે, ચિત્ત સ્થિરતાના અભાવમાં અદાતૃત્વનું તાત્પર્ય એમ નીકળે છે કે અલૌકિક સામર્થ્યનું ભગવાન દાન કરવાના નથી એમ સમજવું નહિ પણ વિલંબે એટલે કાલાન્તરે થશે. તે સમયે સેવા આધિદૈવિક નથી એટલી માત્ર ક્ષતિ છે.

એ પ્રમાણે પ્રથમ અને દ્વિતીય પ્રતિબંધક વિષયક સર્વ વિચાર કરી તૃતીય પ્રતિબંધક ભોગને ત્યાગ કેમ થઈ શકે ? તેના ત્યાગમાં શું બાધક છે ? તેનું નિરૂપણ કરે છે.

**मूलम्—( तृतीये बोधकं गृहम् )**

**સાન્વય પદાર્થ—तृतीये** (ત્રીજા પ્રતિબંધમાં) **गृहम्** (ગૃહ) **बाधकम्** (બાધક છે).

**શબ્દાર્થ**—તૃતીયમાં ગૃહ બાધક છે.

**विवरणम्—भोगाभावस्तदैव सिध्यति यदा गृहपरित्यागः।**

**શબ્દાર્થ**—ભોગનો અભાવ ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે ગૃહનો પરિત્યાગ થાય.

**વિવેચન:**—લૌકિક ભોગમાં મુખ્ય બાધકરૂપ ગૃહ છે. જ્યાં સુધી ગૃહમાં સ્થિતિ છે, ત્યાં સુધી ભોગ છે. એ ભોગ ઇન્દ્રિયોની બહિર્મુખતા અને વૈકલ્ય કરે છે, માટે ગૃહપરિત્યાગ વિના ભોગનો અભાવ દૂર થાય નહિ. 'ઉદ્વેગ અને સાધારણ પ્રતિબંધ' એ બન્ને પ્રતિબંધકોમાં યથાકથંચિત્ ભક્તિમાન્ ભગવાનની સેવા કરે, તો પણ તૃતીય ફળ પ્રાપ્ત થાય. પરંતુ તે ફળની પ્રાપ્તિમાં લૌકિક ભોગ પ્રતિબંધ કરે છે. માટે આ તૃતીય ભોગરૂપ પ્રતિબંધકોનો જો ત્યાગ થઈ ન જ શકે તો ભોગનું મૂળગૃહનો જ ત્યાગ કરવો. અત્ર સેવાનું ફળ ગૃહનો ત્યાગ ન કરવો. પણ ભાર્યાદિ પ્રતિકુળ હોય તેમનું પોષણ કરવા ગૃહમાં સ્થિતિ કરતાં ભોગ આવી પડે તો ગૃહના ત્યાગ વિના અન્ય ઉપાય નથી, જેમનું ગૃહ સાનુકૂળ છે તેમને તો ભોગ અલૌકિક છે, માટે તે બાધક નથી, ભોગનું બાધકત્વ નિવૃત્ત કરવા ભગત્સેવામાં સર્વ ગૃહનો વિનિયોગ કરે તો પણ ભોગબાધક નથી. આજ આશયથી શ્રીમદાચાર્યજીએ નિબંધમાં ભગવદ્ વચનના અનુવાદરૂપે આજ્ઞા કરી છે કે—

ગૃહનો સર્વથા ત્યાગ કરવો. તે જો ત્યજી ન શકાય, તો શ્રીકૃષ્ણાર્થે તેનો વિનિયોગ કરવો. શ્રીકૃષ્ણ સંસારમાંથી મુક્ત કરાવનાર છે.

આ જે ગૃહત્યાગનો ઉપદેશ કરવામાં આવે છે તે સંન્યાસ નિર્ણયમાં કહેલ વિરહાનુભવાર્થે ત્યાગ અત્ર અભિપ્રેત નથી. કારણ કે એ અધિકાર અત્ર નથી. પણ 'ભક્તિવર્ધિની ગ્રંથમાં '**तादृशस्यापि सततं गेहस्थानं विनाशनम्**' એ શ્લોકમાં કહેલ ભક્તિ સાધન સંપાદન કરવા માટે ત્યાગ છે.

એ પ્રમાણે ત્રણ ફળ અને ત્રણ પ્રતિબંધકનું નિરૂપણ કર્યું આ ત્રણ પ્રતિબંધકોને દૂર કરી સેવા કરવી, એવો શ્રીમદાચાર્યજીનો આશય

છે. આ ફ્લત્રયી અને પ્રતિબંધત્રયીની ભાવના સદા કરવી એમ નિજજનો પ્રતિ શ્રીમદાચાર્યજી ઉપદેશે છે.

**मूलम्—अवश्येय सदा भाव्या सर्वमन्यन्मनो भ्रमः ॥**

**સાન્વય પદાર્થ:—अवश्या** (પોતાને આધીન નહિ એવી) **इयम्** (આ રીતિ) **सदा** (સદા) **भाव्या** (ભાવના કરવી) **अन्यत्** (બીજું) **सर्वम्** (સર્વ) **मनोभ्रमः** (મનનો ભ્રમ છે.)

**શબ્દાર્થ:**—આ ફળત્રયી અને પ્રતિબંધત્રયી) જે પોતાને વશ નથી, તેની ભાવના કરવી. બીજું સર્વ મનનો ભ્રમ છે.

## શ્રી મહાપ્રભુજીના વચન પ્રમાણે ભાવના કરો

**વિવેચન :**—હવે પછીના ગ્રંથ ઉપર શ્રીમદાચાર્યજીએ વિવૃત્તિ પ્રકટ કરી નથી, આ ત્રણ ફળ અને ત્રણ પ્રતિબંધની ભાવના કરવાનું પણ જીવનું સામર્થ્ય નથી. છતાં શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે. તેથી ભાવના કરવી ભગવાન જ મને ફલનું દાન કરશે અને એ જ પ્રતિબંધકનું નિવારણ કરશે. મારાથી કંઈ થઈ શકે નહિ, એવી ભાવના દૈન્યસિદ્ધિ માટે કરવી. સેવામાં પ્રતિબંધ આવી પડે તો પણ ભાવના કરવી.

સદા ભાવના કરવી એટલે જ્યારે જ્યારે પ્રતિબંધ આવી પડે ત્યારે દૈન્યાર્થ ભાવના કરવી; પણ નિરંતર કરવી, એવો અર્થ નથી; "નિવેદનનું સ્મરણ સર્વદા તાદૃશી જન સાથે કરવું." એમ શ્રીમદાચાર્યજીની આજ્ઞા છે.

### આ વિના બીજું સાધન નથી

શ્રીમદાચાર્યોક્ત રીતિની ભાવના વિના અન્ય સાધન, સેવાથી સિદ્ધ થતું નથી. ફળ સિદ્ધ કરી શકે અને આ ગ્રંથમાં કહેલ પ્રતિબંધ નિવારણનાં ઉપાયો કરવા. તે વિના ઈતર સાધનથી પ્રતિબંધ નિવારણ થઈ શકે એમ માનવું એ મનનો ભ્રમ છે. જીવકૃતિથી ફળસિદ્ધિ થઈ શકતી

નથી, તેમ પ્રતિબંધનું નિવારણ પણ અશકય છે. એવા અન્ય સાધનોની ભાવના કરવાથી પણ બહિર્મુખતા થાય છે. શ્રીમદાચાર્યજીએ દર્શાવેલ રીતિની ભાવના જ સર્વ કામ સંપાદન થઈ શકે છે, પરંતુ જીવના સાધન બળથી તે કિંચિત્ પણ થઈ શકતું નથી એ જ સિદ્ધાન્ત શ્રુતિ ઉપદેશે છે, ગીતાજીમાં પણ ભગવાને "અનન્ય થઇને મારૂં ચિંતન કરતાં, જે જનો મારી સેવા કરે છે, તેનો યોગક્ષેમ હું ચલાવું છું." એ શ્લોકમાં આજ સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કર્યું છે, અનન્ય જનોના યોગ-ક્ષેમનું વહન એ ભગવત્ કર્તવ્ય છે, તે જ રીતિએ આ પ્રકૃત વિષયમાં પ્રતિબંધ નિવારણ્ વિગેરે યોગક્ષેમ પણ ભગવાન જ કરે છે. માટે ભગવાનની ઇચ્છા વિના જીવકૃતિથી કંઈ સાધ્ય નથી.

## સેવા વિના બેડો પાર નથી

અથવા સેવા વ્યતિરિકત કંઇ પણ સાધન આ ફલત્રયથી સંપાદન કરી શકે એ વિચાર પણ મનનો ભ્રમ છે. શ્રીમદાચાર્યોકત સેવા જ એ ફલત્રયી સિદ્ધ કરી શકે છે. સેવા વિના ભગવાન વશ થાય જ નહિ અને સેવા પણ એતન્માર્ગીય જ. અન્ય માર્ગીય સેવાથી પ્રભુ વશ થાય છે એ જીવનનો ભ્રમ છે. નિર્ગુણ ભકિત માર્ગમાં જે ભકિત છે તે પ્રભુ કોઇને આપતા નથી, અને મુકિત આપે છે તેનું કારણ પણ હવે સ્પષ્ટ થાય છે. આ માર્ગમાં પ્રભુનું વશ્યત્વ છે અને અન્ય માર્ગોમાં તે નથી.

**મૂલમ્—तदीयैरपि यत् कार्यं पुष्टौ नैव विलम्बयेत्।**

**સાન્વય પદાર્થ—तदीयैः** (તદીયોએ) **अपि** (પણ **तत्** (તે) **कार्यम्** (કરવું) **पुष्टौ** (પુષ્ટિ માર્ગમાં) **विलम्बयेत्** (વિલમ્બ કરે) **नैव** (નહિ.)

**શબ્દાર્થ:**—તદીયોએ પણ તે ઉપર મુજબ ભાવન કરવું, પુષ્ટિમાં (ભગવાન) કદી વિલંબ કરતા નથી.

## તદીય થઈ જાઓ

વિવેચન :—આત્મસમર્પણથી તદીયત્વ પ્રાપ્ત થાય ને એમ બાળબોધ ગ્રંથમાં નિરૂપણ થયું છે. તદીયજનોએ પણ એ ફળ પ્રતિબંધાદિની ભાવના કરવી. આ આધુનિક પુષ્ટિમાર્ગીય ભગવદીયો પ્રતિ ઉપદેશ છે.

## હાલના જીવોનો પુષ્ટિમર્યાદામાં અંગીકાર છે

પ્રાયઃ જીવોનો પુષ્ટિમર્યાદામાં અંગીકાર થાય છે. તેથી આ સાધનનો ઉપદેશ છે, જે જીવોનો પુષ્ટિ પુષ્ટિમાં અંગીકાર છે. તેમને તો ભગવાન ફળદાનમાં વિલંબ કરતાં નથી. પુષ્ટિ મર્યાદામાં ભગવાન ફળદાન કરે છે, પણ સાધન કરાવીને. એ સાધનનું તો માત્ર દ્વાર છે. પુષ્ટિની જ મુખ્યતા છે. જીવનો સાધન દ્વારા ઉદ્ધાર કરવા ભગવાન ઇચ્છે છે. તેને જ પ્રતિબંધક આવી પડે છે, તેથી ફળદાનમાં વિલંબ થાય. એ ફલમાં વિલંબ ન થાય તેટલા માટે શ્રીમદાચાર્યજી ભાવનાનો ઉપદેશ કરે છે, કેવળ પુષ્ટિમાં મર્યાદાંશ ન હોવાથી ભગવાન ફળદાનમાં વિલંબ કરતા નથી. પુષ્ટિ મર્યાદામાં ભજન કરાવીને જ ફળદાન થાય છે. આધુનિકોનો પુષ્ટિ મર્યાદામાં અંગીકાર હોવાથી, ભજન સિદ્ધિમાં વિલંબ હોવાથી, સિદ્ધિ પર્યંત ફળ અને પ્રતિબંધની ભાવના કરતાં પ્રોષિતભર્તૃકાપતિ પરદેશ ગયા એવી સ્ત્રીસમાન સ્થિતિ કરવી.

## આ નિઃસાધન માર્ગ છે

પુષ્ટિમાર્ગમાં ભગવાન નિઃસાધન જનો ઉપર કૃપા કરે છે. સાધન સમ્પતિથી સંતુષ્ટ શ્રી પુરુષોત્તમ થતા નથી. ભક્તિહંસમાં આજ અર્થનું સુંદર પ્રતિપાદન થયું છે. છતાં આ સાધનનો ઉપદેશ થાય છે. તેનું કારણ શું ? નિઃસાધનત્વમા ભંગ થાય છે,

કે કેમ ? ઉત્તરમાં કહેવાનું કે વેદાદિ શાસ્ત્રોમાં જે જે સાધનો કહેલ છે તે સાધનોથી શ્રીપુરુષોત્તમની વિભૂતિઓની જ પ્રાપ્તિ થાય છે. શ્રીપુરુષોત્તમ સ્વતંત્ર છે, તે સાધનસમ્પત્તિથી અપ્રાપ્ય છે. કારણ કે અમુક સાધન કરવાથી અમુક પ્રાપ્તિ થાય એ નિયમ તો વિભૂતિઓને જ માટે છે. સર્વતંત્ર સ્વતંત્ર ભગવાન વિધિથી અગોચર રહી રમણ કરે છે. સ્વેચ્છાથી જે જીવોનો અંગીકાર કરવાની ઇચ્છા કરે છે તેને પોતે સ્વયં પ્રાપ્ત થાય છે. આજ અર્થનું પ્રતિપાદન **नायमात्मा प्रवचनेन लभ्यः** એ શ્રુતિમાં થયેલ છે. શ્રીપુરુષોત્તમની જેના ઉપર કૃપા થાય છે, એ જીવને જ ભગવાન મળે છે, અન્યને નહિ. જેટલા સાધનો છે, તે સ્વરૂપયોગ્યતા સમ્પાદક છે પણ તે સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થયા પછી પણ, તે જીવ શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત કરવાનો દાવો કરી શકતો નથી.

**ભક્તિમાર્ગમાં જે જે સાધન જેવું દૃશ્યમાન થાય તે વસ્તુતઃ સાધન જ નથી; પણ ભગવાન જીવ ઉપર કૃપા કરવા ધારે તેને સાધનરૂપ પણ આપ જ બને છે. ભગવાન અને ભગવાનથી વ્યતિરિક્ત કંઈ નથી, અપ્રાપ્ય છે તો સાધનવતુ દૃશ્યમાન થતું પણ ભગવદ્ વ્યતિરિક્ત નથી.** અંગીકાર દ્વિધા થાય છે. એક કેવલ પુષ્ટિમાં અને બીજું મર્યાદાપુષ્ટિમાં તો કોઈપણ સાધન વિના જ સાક્ષાત અંગીકાર છે અને મર્યાદા પુષ્ટિમાં અમુક મર્યાદા સાચવવા સાધનરૂપ પ્રભુ સ્વયં બને છે. આજ કારણથી ભાવનારૂપ દીનતાનો અત્ર ઉપદેશ છે. આથી પુષ્ટિમાર્ગની નિઃસાધનતા સ્પષ્ટ થાય છે.

## ષોડશગ્રન્થમાં સાધન કહ્યાં છે તે શું છે ?

પુષ્ટિમાર્ગમાં જે સાધનવત્ દૃશ્યમાન થાય છે તે વેદોક્ત સાધન નથી. પણ સર્વતંત્ર સ્વતંત્ર ભગવાનના સ્વતંત્ર ભક્તિ માર્ગમાં પ્રવર્તક

શ્રીવ્રજ પ્રવર્તિત રીતિ છે. શ્રીમદાચાર્યજીએ, સ્વયં તદ્રુપ હોવાથી વેદાદિથી અગોચર રીતિ નિજજનો માટે પ્રકટ કરી છે. તેથી આ રીતિ સાધનાત્મક થતી નથી. વિશેષમાં પુષ્ટિમાર્ગમાં જેને શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે તેને મહત્ કૃપાા પ્રથમ થાય છે; એટલે મહત્ કૃપા જ કારણ છે અન્ય સાધન નહિ. શ્રીમદાચાર્યજીએ પ્રવર્તાવેલા પુષ્ટિમાર્ગમાં તેઓશ્રીની આજ્ઞાનું પરિપાલન કરવું એજ ધર્મ છે અને એ ધર્મના અનુકરણથી પણ મહત્ ગુરુની કાંતિથી પ્રભુ સેવા માની લે છે. શ્રીમદાચાર્યજી ભગવદ્રૂપ છે. તેમના ઉપર ભગવાનનો અનુગ્રહ હોવાથી શ્રીમદાચાર્યજી જેના ઉપર કૃપા કરે છે તેનો પક્ષપાત ભગવાન કરે છે. તેથી તેની પાસેથી અન્ય સાધનોની અપેક્ષા રાખતા નથી. એમાં કારણ મહત્ કૃપા જ પણ શાસ્ત્રોક્ત ક્રિયાત્મક સાધન નહિ.

ચિત્તમાં ઉત્પન્ન થતા ગુણો કાલ કર્મ સ્વભાવથી ક્ષુબ્ધ થઈને પ્રતિબંધ કરે છે, તેથી આનો પ્રતિકાર કેમ કરવો ? તેના ઉત્તરમાં શ્રીમદાચાર્યજી ઉપદેશે છે કે :—

**मूलम्–गुणक्षोभेपि द्रष्टव्यमेतदेवेति मे मतिः ॥७॥**

**સાન્વય પદાર્થ—गुण क्षोमे** ( ગુણ ક્ષોભમાં ) **अपि** ( પણ ) **एतद्** (એ) **एव** (જ) **द्रष्टव्यम्** (જોવું) **इति** (એવી) **मे** (મારી) **मतिः** (મતિ) (છે.)

**શબ્દાર્થ :—**ગુણક્ષોભમાં ( ચિત્તક્ષોભમાં ) પણ આ ( ભગવત્કૃત વિલંબ ) છે એમ સમજવું એ મારી મતિ છે.

## ચિત્ત ચંચળ થાય તો ભગવચ્છરણની ભાવના કરો

**વિવેચન :—**ત્રણ ગુણોનો ક્ષોભ થાય ત્યારે મન વિક્ષિપ્ત થાય છે, મનો વિક્ષેપ ફલમાં પ્રતિબંધક છે ત્યારે એમ ધારવું કે ભગવાન ફલ-

કે ભગવાન ફલદાનમાં વિલંબ કરવાના છે. ગુણક્ષોભની પરંપરા વિચારીએ તો અંતમાં ભગવાનની ઈચ્છાજ આવીને ઉભી રહેશે. માટે ભગવાન જ વિલમ્બ કરવાના છે એવી ભાવના કરીને જ સ્થિતિ કરવી. ચિત્તક્ષોભ નિવર્તક અન્ય સાધનો શાસ્ત્રોમાં કહ્યાં છે. પણ તે અધિકાર ભેદથી, અત્ર તો શ્રીમદાચાર્યચરણને સાક્ષાત ભગવત્–સમ્બદ્ધ હોવાથી શ્રીપ્રભુને અભિપ્રેતજ ઉપાય ઉપદેશે છે; તેથી આમાં અન્યની સંમતિ ન હોય, તો ક્ષતિ નથી. ગુણક્ષોભ થાય ત્યારે ભગવત્કૃત વિલમ્બ માની ભગવાનની શરણભાવના કરવાથી પ્રભુ શીઘ્રકૃપા કરે અને ગુણક્ષોભ નિવૃત્તિ કરે.


એ પ્રમાણે ચિત્તક્ષોભમાં કર્તવ્ય દર્શાવી આ વિષયમાં કોઈ કૂતર્ક ઉત્પન્ન થાય અથવા સાધનાંતર હશે એવી બુદ્ધિ થાય તેને માટે આપશ્રી ઉપદેશે છે કે—

**मूलम्–कुसृष्टिरत्र वा काचिदुत्पद्येत सवै भ्रमः ॥** ૭<sub></sub>

**સાન્વયપદાર્થ :—अत्र** (આ વિષયમાં) **वा** (વિકલ્પે) **कुसृष्टिः** (વિરુદ્ધ યુકિતની સૃષ્ટિ) **काचित्** (કોઈ) **उत्पद्येत** (ઉત્પન્ન થાય) **सः** (તે) **वै** (નિશ્ચય) **भ्रमः** (ભ્રમ) (છે.)

**શબ્દાર્થ :**—અત્ર કોઈ મારા કહેવાથી વિરુદ્ધ (વિચારોની) સૃષ્ટિ ઉત્પન્ન થાય તે નિશ્ચય ભ્રમ છે.

**વિવેચન :**—આ શ્રીમદાચાર્યજીના વચનમાં અથવા પ્રતિબંધ નિવારણમાં અને ચિત્તક્ષોભમાં શ્રીમદાચાર્યજીએ દર્શાવેલી ભાવના વિના અન્ય સાધન હશે, એવી કુસૃષ્ટિ એટલે સાધનાંતરનો વિચાર કરવો એ ભ્રમ છે. અત્ર જે અધિકારી માટે જે સાધન દર્શાવ્યું છે. તે વિના તેને અન્ય સાધન જ નથી. શ્રીમદાચાર્યજીને સ્વયં સાક્ષાત્ લીલા મધ્યપાત હોવાથી આચાર્યશ્રીને ભગવદભિપ્રેત સાધનનું પૂર્ણ જ્ઞાન છે; માટે આપશ્રીની ઉકિતમાં કંઈ જીવબુદ્ધિથી અન્યથા ભાસે તે જીવનો ભ્રમ જ છે, દૈવી ગુણમયી માયાનું તરણ ભગવત્પ્રપત્તિથી જ થઈ શકે છે. (સેવાફળ સમાપ્ત)




સેવાફલ સમાપ્ત—ષોડશગ્રન્થ સમાપ્ત

આ પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે

પ. ભ. ગો. વા. મહેશભાઈ કાલીદાસ દોશી

એમણે જાતેજ આ દાન આપ્યું હતું. અને ઉદારમનથી મારા વિદ્યાર્થી કરીકે આ પુસ્તક પ્રકટ કરવા સહાય કરી હતી.

પોતે ઘણાજ ઉદાર વૈષ્ણવ હૃદય, પવિત્ર કાર્યોમાં મન લગાવવાવાળા, અને સહૃદયી હતા. શ્રીમહેશભાઇ જેવા વ્યવહારકુશળ બીજા થોડા જોવા મળે છે શ્રી અને સરસ્વતી અને સંસ્કારનો વારસો તેમને મળ્યો હતો. આવા ઉદાર મન વૈષ્ણવીહૃદય એવા શ્રી મહેશભાઇને પ્રેમભાવથી, સ્મરી પુષ્પાંજલિ અર્પું છું.

તેમના પત્ની શ્રી મીનાબેન પુત્ર ચી. જીજ્ઞેશ અને તેમની પુત્રીઓ ચી. ઉર્વિ ચી. ચેતના પણ ઉદારમનવાળા વૈષ્ણવી ગુણોવાળા છે.

મધુસૂદન શાસ્ત્રી.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાનું |
| --- | --- | --- |
| ૧. | નવરત્નનો સાર | ૧ |
| ૨, | નવરત્ન ગ્રંથ અન્વયાર્થ તથા વિવેચન | ૨ |
| ૩. | અષ્ટાક્ષર મંત્ર ઉપર શ્રી લાલુભટ્ટનો સ્વતંત્ર લેખ | ૭ |
| ૪. | સન્યાસ નિર્ણય અન્વયાર્થ અને વિવેચન | ૮ |
| ૫. | કૌડિન્ય ઋષિની આખ્યાયિકા | ૧૭ |
| ૬. | શ્રી ગોપીજનોનો સન્યાસ | ૧૮ |
| ૭. | જલભેદ ઉપક્રમ | ૨૬ |
| ૮. | જલભેદનું કોષ્ટક | ૩૧-૩૨ |
| ૯. | જલભેદ અન્વયાર્થ અને વિવેચન | ૩૫ |
| ૧૦. | પંચપદ્ય અન્વયાર્થ અને વિવેચન | ૫૭ |
| ૧૧. | પંચપદ્યનું કોષ્ટક | ૬૨થી૬૬ |
| ૧૨. | સેવા ફળ અન્વયાર્થ અને વિવેચન | ૬૭ |
| ૧૩. | સેવા વિના બેડો પાર નથી | ૯૩ |
| ૧૪. | ષોડશ ગ્રંથો ત્રણે ભાગ સમાપ્ત | ૯૮ |


---

: બીજા પુસ્તકો તથા ષોડશ ગ્રંથોની પ્રાપ્તિ માટે પત્રવ્યવહાર :


મધુસૂદન ચીમનલાલ શાસ્ત્રીજી ( ભાગવત કથાકાર )
બં. ન. ૩, દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા, બસ સ્ટેન્ડ
રાંદેર રોડ, સુરત. ૩૯૫૦૦૯


---

હરેક ભાગની મુળ નફા રહિત ન્યોછાવર

ત્રણે ભાગ સાથે લેનારને

ટપાલ ખર્ચ ૩-૦૦ પરીક્ષા ભેટ ફી (હરેક ગ્રંથની પર

ષોડશ ગ્રંથ પ્રશ્નાવલિ ૧૬ પુસ્તકના ૧૬×૪ =૬૪